# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સને.૨૦૧૫-૧૬ ના વર્ષનો અન્વેષણ અહેવાલ

================================================================

નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ
વિમા અને લેખા ભવન
૧૭, ડો.જીવરાજમહેતા ભવન સંકુલ,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
તા.

પ્રેક્ષકઃ-
નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ
ગાંધીનગર.
પ્રતિ,
કુલસચિવશ્રી,
શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
વેરાવળ-૩૬૨૨૬૬

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, અધિનિયમ–૨૦૦૫ના પ્રકરણ–૫ ની કલમ–૨૯ (૫) મુજબ તેમજ નાંણા વિભાગના ઠરાવ નંબર પરત/૧૦૨૦૧૪/૧૬૬૯/ઝ તા.૨૩/૪/૨૦૧૫ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનાં સને ૨૦૧૫-૧૬નાવર્ષના હિસાબોનું અન્વેષણ તા.૧૬/૧૧/૨૦૧૭ થી તા.૦૬/૦૨/૨૦૧૮ ના સમય દરમ્યાન હાથ ધરવામાં આવેલ હતું. તા.૦૯/૦૮/૨૦૧૮ ના રોજ ચર્ચા કરી પુર્ણ કરવામાં આવેલ હતું.

ફકરા નંબર -૧ અન્વેષણ દરમ્યાન સંસ્થાના મુખ્ય હોદેદારોની વિગત નીચે મુજબ હતી.

| ક્રમ | હોદો | સમય ગાળો |
|---|---|---|
| કુલપતિશ્રી, | | |
| ૧ | પ્રો.વી.કુટુંબ શાસ્ત્રી | તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા. ૧૭/૦૬/૨૦૧૫ |
| ૨ | ડૉ. નરેન્દ્ર એલ.પંડ્યા | તા.૧૮/૦૬/૨૦૧૫ થી તા. ૧૨/૦૭/૨૦૧૫ |
| 3 | પ્રો. અર્કનાથ ચૌધરી | તા.૧૩/૦૭/૨૦૧૫ થી તા. ૩૧/03/૨૦૧૬ |
| કુલ સચિવશ્રી, | | |
| ૧ | ડૉ.દશરથ જાદવ | તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા. ૩૧/03/૨૦૧૬ |

મુખ્ય હિસાબી અધિકારીશ્રી

| | | |
|---|---|---|
| ૧ | શ્રી બી.જે.મહેતા | તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા. ૨૦/૦૯/૨૦૧૫ |
| ૨ | શ્રી ભાવસિંહ એમ. બારડ(ઈ.ચા.) | તા.૨૧/૦૯/૨૦૧૫ થી તા. ૦૪/૧૧/૨૦૧૫ |
| ૩ | શ્રી એચ. બી. ભટ્ટ | તા.૦૫/૧૧/૨૦૧૫ થી તા. ૦૧/૦૨/૨૦૧૬ |
| ૪ | શ્રી ભાવસિંહ એમ. બારડ(ઈ.ચા.) | તા.૦૨/૦૨/૨૦૧૬ થી તા. ૩૧/૦૩/૨૦૧૬ |

હિસાબનીશશ્રી

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ભાવસિંહ એમ.બારડ | તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા. ૩૧/૦૩/૨૦૧૬ |

<u>હાલના હોદેદારોની વિગત</u>

| | |
|---|---|
| કુલપતિશ્રી | અર્કનાથ ચૌધરી |
| કુલ સચિવશ્રી | ડૉ. મહેન્દ્ર કુમાર દવે(કા. કુલસચિવ) |

## ફકરા નંબર .-૨ – વિભાગ -૧-

### સંસ્થાના અગાઉના વર્ષના બાકી પારાઓ નીચે મુજબ હતા

| ક્રમ | ઓડીટ વર્ષ | ઓડીટ વર્ષની શરૂઆતમાં બાકી પારાની સંખ્યા | ઓડીટ પુરૂ થતાં સુધીમાં નિકાલ કરેલ પારાની સંખ્યા | ઓડીટ પુરૂ થયા તારીખે બાકી પારાની સંખ્યા | બાકી પારા ના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૧૪-૧૫ | ૪૧ | -- | ૪૧ | ૧ થી ૪૧ |
| | કુલ... | ૪૧ | -- | ૪૧ | |

નોંધ:- નાણા વિભાગના ફકરા નંબર પરચ/૧૦૨૦૧૪/૧૬૬૯/ઝ તા.૨૩/૦૪/૨૦૧૫ તથા નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી ગાંધીનગરના પત્ર નં.એલ/એચ/ક્યુ/યુનિ./ઓડીટ-૨૭૪૯ સને ૨૦૧૪-૧૫ નુ તા. ૭/૯/૨૦૧૫ થી ઓડીટ શરૂ કરવાની મંજુરી મળતા સને ૨૦૧૪-૧૫ના ઓડીટ રિપોર્ટ મુજબના ૪૧ પેરા બાકી હોવાનું જણાય છે. સંસ્થાને ૨૦૧૪-૧૫ નો ઓડિટ અહેવાલ તા. ૧૮/૮/૨૦૧૭ ના રોજ રવાના કરવામાં આવેલ, પરંતુ સંસ્થાએ જાન્યુઆરી-૨૦૧૮ સુધી એક પણ ફકરાનો જવાબ કરેલ નથી.

ફકરા નંબર બર–૩.૧

સંસ્થાની અસ્કયામતોઅનેજવાબદારીઓ બાબતે

તા.૩૧/૩/૨૦૧૬ નાંરોજપુરા થતા વર્ષની સંસ્થાની અસ્કયામતો અને જવાબદારીઓની વિગત નીચે મુજબ રહેલ હતી.

| જવાબદારી | રકમ રૂપિયા | અસ્કયામતો | રકમરૂપિયા |
|---|---|---|---|
| વણ વપરાયેલ અનુદાન | ૬૭૧૭૩૨૩૦ | બેન્ક તથા અન્ય સિલક (વા.હિ.એપે.-૭) | ૨૭૧૫૬૨૯૭ |
| ગ્રેચ્યુઈટી તથા અન્યફંડ | ૧૨૪૮૬૨૫૩ | થાપણો એપેન્ડીકસ-૮) | ૯૨૧૬૩૮૫૩ |
| અન્ય જવાબદારી | ૫૮૧૦૬૨ | એસેટ (સ્થાવર મિલ્કત) વા.હિ. મુજબ | ૯૯૧૨૪૮૫૨ |
| ડીપોઝીટ | ૩૨૬૦૭૦૯ | ચાલુ મિલ્કતો | ૧૫૨૭૮૧૧૫ |
| અસ્કયામતોમાં વધારો | ૧૫૦૨૨૧૮૬૩ | | |
| કુલ | ૨૩૩૭૨૩૧૧૭ | કુલ | ૨૩૩૭૨૩૧૧૭ |

ફકરા નંબર બર - ૩.૨

છેલ્લાત્રણવર્ષનીસરેરાશઆવક - ખર્ચનીવિગત.

શ્રી સોમનાથ યુનિવર્સિટીના છેલ્લા ત્રણવર્ષની આવક ખર્ચની વિગતો તા.૩૧/૩/૨૦૧૬ ના રોજ પુરા થતા સુધી સરકારી ગ્રાન્ટમાંથી આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ હતી.

| ક્રમ | વર્ષ | સામાન્યઆવક (લાખ) | સામાન્યખર્ચ (લાખ) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩-૨૦૧૪ | ૮૨૪.૫૯ | ૩૯૩.૬૨ |
| ૨ | ૨૦૧૪-૨૦૧૫ | ૮૨૩.૦૧ | ૯૫૯.૫૭ |
| ૩ | ૨૦૧૫-૨૦૧૬ | ૫૪૩.૭૧ | ૬૨૨.૪૩ |
| | કુલસરવાળો (૧થી૩) | ૨૧૯૧.૩૧ | ૧૯૭૫.૬૨ |
| | સરેરાશ | ૭૩૦.૪૪ | ૬૫૮.૫૪ |
| | સરેરાશઆવકમાંવધારો | ૭૧.૯ | |

સરકારી ગ્રાન્ટમાંથી આવકની સામે વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૩૬.૫૬ લાખનો ખર્ચમાં વધારો તથા વર્ષ ૨૦૧૫-૧૬ માં ૭૮.૭૫ લાખનો આવક કરતા ખર્ચમાં વધારો જોવામાં આવેલ છે.

ફકરા નંબર બર - ૩.૩

મુકતસિલકઅંગે.

સંસ્થાપાસેતા.૩૧/૩/૨૦૧૬ નારોજકેશબુકમુજબરોકડતથાબેન્કસિલક મળીને કુલ સિલક રૂ.૨,૭૧,૫૬,૨૯૭/- તેમજવિવિધરોકાણોરૂા.૯,૨૧,૬૩,૮૫૩/-હોય પરંતુ અમાન્ય પગાર તેમજ પ્રો.ફંડ ની જમા રકમ પરત કરવાની બાકી રકમ હોય તથા પેકેજ ડીલરીકવરી આવક રૂા.૮,૩૫,૦૧,૨૫૪/- તરીકે જમા લેવાની હોય જે પરત થયે વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવી શકાય.

ફકરા નંબર બર - ૩.૪

નાણાંકીયસ્થિતિઅંગે.

સંસ્થાના વાર્ષિક હિસાબો જોતા તા.૩૧/૩/૨૦૧૬ ના રોજ મુકત સિલક રૂા.૧૧,૯૩,૨૦,૧૫૦/- રહેલ હતી. ફકરા નંબર-૩(૧) ના પત્રક અનુસાર સંસ્થાની કુલ જવાબદારી રૂા.૮,૩૫,૦૧,૨૫૪/- સામે મુકત સિલક વધુ હોય સંસ્થાની નાણાકીય સ્થિતી સંતોષજનક ગણી શકાય.

ફકરા નંબર – ૩.૫

સ્વભંડોળ આવક-ખર્ચ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ફંડ ના છેલ્લા ત્રણ વર્ષના સામાન્ય આવક-ખર્ચ ના આંકડાઓ નીચે મુજબ હતા (રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | આવક | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૩-૨૦૧૪ | ૧૫૬.૩૬ | ૪૦.૩૯ |
| ૨ | ૨૦૧૪-૨૦૧૫ | ૧૩૮.૧૭ | ૪૬.૮૧ |
| ૩ | ૨૦૧૫-૨૦૧૬ | ૧૮૨.૧૦ | ૭૪.૪૮ |
| | કુલ | ૪૭૬.૬૩ | ૧૬૧.૬૮ |
| | સરેરાશ | ૧૫૮.૮૮ | ૫૩.૮૯ |
| | સરેરાશઆવકમાં વધારો | ૧૦૪.૯૯ | |

ઉપરોકત વિગતે સંસ્થાની જવાબદારી સામાન્ય આવક-ખર્ચના રૂ.૧૦૪.૯૯ નો વધારો છે. તથા સ્વ ભંડોળ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના આવક-જાવક રૂ.૭૧.૯ નો વધારો થયેલ છે. જેથી સંસ્થાની નાણાકીય સ્થિતી સારી છે. તેમજ યુનિવર્સિટીના ખર્ચમાં ઘટાડો કરવા અનિવાર્ય છે.

ફકરા નંબર બર - ૪

અંદાજપત્રઅંગે.

સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં અંદાજપત્ર ની ચકાસણી કરતા અંદાજો તથા ખરેખર આવક ખર્ચમાં નીચે મુજબ તફાવત જણાયેલ હતો.

(રૂ. લાખમાં)

| વિગત | અંદાજરકમ રૂા. | સુધારેલ રકમ રૂા. | ખરેખરરકમ રૂા. | તફાવતનીરકમ રૂા. |
|---|---|---|---|---|
| આવક | --------- | ---------- | ૨૧૬૪.૧૬ | ૨૧૬૪.૧૬ |
| ખર્ચ | ૩૬૦ | ૩૬૦ | ૬૨૨.૪૩ | ૨૬૨.૪૩ |

(૧) સંસ્થા અંદાજીત આવક ખર્ચમાં તેના વાસ્તવિક આવક ખર્ચમાં મોટો તફાવત રહે છે.સરકારી ગ્રાન્ટ અન્ય ગ્રાન્ટ તેમજ અન્ય આવક ખર્ચ ના વાસ્તવિક અંદાજો તૈયાર કરી હાથ પર સિલક ધ્યાને લઈ વાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરાવી પગલા લેવા ઓડીટ સુચન છે. તેમજ અંદાજપત્રમાં સુચિત એડવાન્સ અને ડીપોઝીટ નાં અંદાજો નો પણ સમાવેશ કરવો ઘટે.તેમજ સરકારી ગ્રાન્ટના ખર્ચનો અંદાજ તૈયાર કરેલ છે. યુનિવર્સિટી ફંડ (સ્વ ભંડોળ) નું તેમજ એડવાન્સ/ ડિપોઝીટના અંદાજો તૈયાર કરવામાં આવતા નથી. જે યુનિવર્સિટી ના આવક ના અંદાજો તૈયાર કરવા ઓડિટ સૂચન છે.

<u>સ્થાનિક ભંડોળ હિસાબ તપાસણી અધિનિયમ – ૧૯૭૪ હેઠળની અનિયમિતતા.</u>

| વિગત | ફકરા નંબર |
|---|---|
| કલમ – ૮ (ક) (કાયદા/નિયમ વિરૂધ્ધના ચુકાદાની અનિયમિતતા) | -- |
| કલમ – ૮ (ખ) (ભારે બેદરકારીથી થયેલ નુકશાન કે ખાધ ની અનિયમિતતા) | -- |
| કલમ – ૮ (ગ) મળેલ રકમને હિસાબમાં દાખલ નહી કરેલ રકમો/ ઉચાપતની અનિયમિતતા. | -- |
| કલમ – ૮ (ઘ) હિસાબમાં જણાયેલ બીજી અનિયમિતતાઓ | ૫ થી ૪૩ |

ફકરા નંબર – ૫

**કર્મચારીઓનાપગારબીલોનિયતનમુનામાં નહીનિભાવવાબાબત.**

ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ નાનિયમ૧૭૬(૧) મુજબપગારબીલનિયતનમુનાનં. **GTR-30** માં બનાવવાનુ રહે છે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી,વેરાવળ નાંસને૨૦૧૫-૧૬ નાં અન્વેષણ દરમ્યાન વાઉચરો ની ચકાસણી કરતા પગારનાં વાઉચર માં ફકત પગારપત્રક નીતારીજ ઉપર ચેકઈશ્યુ કરી પગાર ચુકવવામાં આવે છે. જયારે એ.બી.સી.રજીસ્ટર તો નિભાવેલ જ નથી રાજય સરકાર ની કચેરીઓમાં જે રીતે ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૧૭૬(૧) મુજબ નિયત નમુના માં પગારબીલ તૈયાર કરવામાં આવે છે. તે નમુનામાં યુનિવર્સીટી ધ્વારા પગારબીલ બનાવવામાં આ વતુંન હોવાથી ઓડીટ ધ્વારા પગારબીલમાં નીચે મુજબ ની વિગતોની ચકાસણી થઈ શકેલ નથી.

(૧) યુનિવર્સિટી માં સરકારશ્રી દ્વારા માન્ય મંજુર થયેલ કેડરવાઈઝ જગ્યાઓ અને તેનાં નિયત પગારધોરણ મુજબ ચુકવણીની ખરાઇ થઇ શકેલ નથી.

(૨) કુલ મંજુર થયેલ જગ્યા સામે કેટલા કર્મચારીનો પગાર આકારાયેલ છે. તેની ખરાઈ કરી શકાયેલનથી.

(3) જે તે જગ્યા નાં રાજય/ યુજીસી નાં માન્ય પગારધોરણ મુજબ ચુકવણું થયેલ છે કે કેમ? તથા મુળ પગાર ઉપર સરકારશ્રી ના પ્રવર્તમાન દરે અન્ય ભથ્થાઓ ચુકવાય છે કે કેમ તે જાણી શકાયેલ નથી.

(૪) જે કર્મચારીની રજા મંજુર થાય તે પે-બીલ સાથે સામેલ ન હોવાથી ચકાસણી કરી શકાયેલ નથી.

(૫) કર્મચારીનાં મંજુર થયેલ ઈજાફા મુજબ પગાર ચુકવાયાની ખાત્રી થઈ શકતી નથી.

(૬) કર્મચારીની નવીનિમણુંક /બઢતીકે નિવૃતિ નાં કારણે આકારેલ પગાર-ભથ્થાની ચકાસણી થઈ શકતી નથી.

(૭) આવકવેરો, પ્રો. ફંડ, વ્યવસાય વેરો વિગેરે કપાત થયેલ રકમ નિયતસમય માંસરકારશ્રી માં જમા કરાવ્યા નીખાત્રી થઈ શકતી નથી.

(૮) કર્મચારી નિવૃત થાય તેની અવેજીમાં નિમણુંક થતા કર્મચારી ની ભરતી થતા સુધી જગ્યાઓ મંજુર થયેલ હોય તેની સંખ્યા અને આકારેલ પગાર ભથ્થાની કુલ જગ્યાની સંખ્યા તથા ખાલીજગ્યાની વિગતો જાણી શકાયેલ નથી.

(૯) કર્મચારીની આંતરીક એક ભવન માંથી બીજા ભવનમાં બદલી નાં હુકમો સામેલ હોતા નથી.જેથીપગારબીલ સાથે તેની ચકાસણી થઈ શકતી નથી.

(૧૦) વર્ષ દરમ્યાન કર્મચારીઓને છઠ્ઠાપગાર પંચ ની રકમનો તફાવત ચુકવાય છે. તેની સાથે **PVU** દ્વારા માન્ય થયાના આધાર સામેલ હોતા નથી. તેમજ ઓનલાઇન ઇજાફા ની નકલ સામેલ ન હોય કેટલો પગાર થાય તેની ચકાસણી થઈ શકતી નથી.

(૧૧) પગારધોરણ માન્ય થયેલ હોય તેમાં કોઈ વસુલાત સુચવેલ હોય તો તે વસુલાત અંગેની ખાત્રી થઈ શકતી નથી.

(૧૨) પગાર બીલ/ પુરવણી બિલોમાં જગ્યાઓ કાયમી થવાના હુકમ નં તેમજ કામચલાઉ જગ્યાઓ મંજુર થવાના હુકમના નંબર/તારીખ સ્પષ્ટ દર્શાવવા જોઇએ.

(૧૩) કર્મચારીઓના પગાર- ભથ્થાની વિગતો દર્શાવતું એ.બી.સી. રજીસ્ટર સંસ્થાએ નિભાવેલ ન હોવાથી કર્મચારીઓની વાર્ષિક પગાર- ભથ્થાની રકમ,બદલી,નવી નિમણુંક,નિવૃતી વગેરે વિષયક માહિતિ જાણી શકાયેલ ન હતી.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નિયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહિ. ફકરાની વિગતે પૂર્તતા થવી ઘટે.

ફકરા નંબર – ૬

## નાણાનો ઉપાડ કરવા માટે નિયત નમુનાના ફોર્મનો બીલ તરીકે ઉપયોગ નહીં કરવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.વેરાવળના સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણમાં ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં તેમાં બીલફોર્મ તરીકે કોઇપણ પ્રકારના નિયત ફોર્મ વગર એક જ ફોર્મેટમાં કાર્યાલય આદેશ કરીને તેટલી રકમનો ચેક ઇસ્યુ કરતાં હોવાનું જણાયેલ હતું. બીલ ફોર્મ વાપરેલ ન હોવાના કારણે હિસાબી શાખા દ્વારા **Pass for payment**નો લાલ શાહી થી અંકમાં તથા શબ્દોમાં શેરો કરી,તેની નીચે સક્ષમ અધિકારીશ્રીની સહી થયા બાદ જ જે તે રકમના ચેક લખવાનો રહે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.વેરાવળ દ્વારા યુનિ. શરૂ થઇ ત્યારથી ઓડીટ તારીખ (ડીસે.૨૦૧૬) સુધીમાં બિલોના ચુકવણા માટે કોઇ નિયત ફોર્મ વાપરવા માટે નિયમો બનાવેલા નથી જેથી સરકારશ્રીમાં નિયમો અનુસાર ગુજરાત તિજોરી નિયમોથી થયેલ જોગવાઇ અનુસાર નીચેની વિગતેના બીલ ફોર્મમાં બીલ બનાવી, અમલવારી ચાલુ કરી ઓડીટને આધારિત ખરાઇ કરાવવી ઘટે

(૧) પગાર બીલ ફોર્મ નં. **GTR.30**

(૨) પેશગી બીલ ફોર્મ નં.**GTR.૮૫**

(૩) મેડીકલ રિએમ્બર્સમેન્ટ બીલફોર્મ નં. **GTR.૨૯**

(૪) મુસાફરી ભથ્થાનું બીલ ફોર્મ નં. **GTR.૩૫**

(૫) ઉચ્ચક બીલ ફોર્મ નં. **GTR.૪૫**

(૬) ઉચ્ચક બીલનુંવિગતવાર બીલ ફોર્મ નં. **GTR.૪૬**

(૭) વિગતવાર આકસ્મિક ખર્ચનું બીલ ફોર્મ નં. **GTR.૪૪**

(૮) ગ્રાન્ટ ઇન એઇડનું બીલ ફોર્મ નં. **GTR.**૬૨-એ,૬૨-બી,૬૨-સી.

(૯) સ્ટાઇપન્ડ અને સ્કોલરશીપનું બીલ ફોર્મ નં. **GTR.**૬૩

(૧૦) સામાન્ય ભવિષ્ય નિધિના ઉપાડનું બીલ ફોર્મ નં. **GTR.૭૫**

(૧૧) સર્વિસ પોસ્ટેજ સ્ટેમ્પનું બીલ ફોર્મ નં. **GTR.૪૮**

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નિયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહિ. ફકરાની વિગતે પૂર્તતા થવી ઘટે.

ફકરા નંબર - ૭

## મોંધવારી તફાવતના બીલોમાંથી નિયમોનુસાર સી.પી.એફની કપાત નહી કરવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના સને.૨૦૧૫-૧૬ ના અન્વેષણ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતા  નીચેની વિગતે મોંધવારી તફાવત બીલો બનાવી કર્મચારીઓને મોંધવારી તફાવતનો ચુકાદો કરવામાં આવેલ હતો. જેમાંથી નિયમોનુસાર સી.પી.એફની કપાત કરવામાં આવેલ ન હતી.

| ક્રમ | વાઉચર નંબર | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૧૯ | 30-૫-૧૫ | ૧,૫૨,૫૬૪ | મોંધવારી તફાવત બીલ |
| ૨ | ૨૧ | ૧-૬-૧૫ | ૩૨,૬૪૦ | મોંધવારી તફાવત બીલ |
| 3 | 3૯ | ૧-૭-૧૫ | ૯,૫૭૮ | મોંધવારી તફાવત બીલ |
| ૪ | ૬૪ | ૧૫-૧૦-૧૫ | ૧,૩૮,૫૨૨ | મોંધવારી તફાવત બીલ |
| | | | 3,33,30૪ | |

નાણા વિભાગના તા.૧૮-૩-૨૦૦૫ના ઠરાવ ક્રમાંક નપન-૨૦૦3-જીઓઆઈ-૧૦-પી અન્વયે તા.૦૧-૦૪-૨૦૦૫ કે તે પછી નિયમિત પગાર ધોરણમાં નિમણૂંક મેળવનાર તમામ કર્મચારીઓ/અધિકારીઓને નવીવર્ધિત પેન્શન યોજના લાગુ પાડવા નિયમ થયેલ છે. જે અન્વયે તેમને ચુકવવામાં આવતા પગારમાથી બેઝીક,ગ્રેડ પે તથા મોંધવારી ભથ્થાની કુલ રકમ ૧૦ ટકા માસીક ફાળો નવીવર્ધિત પેન્શન યોજના અન્વયે કપાત કરી તેટલીજ રકમના સરકારના ફાળા સાથે એનપીએસ એકાઉન્ટમાં જમા કરાવવાનો હોય છે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના ઉકત બીલોમાંથી તથા અગાઉના વર્ષોમાં પણ આજ રીતે મોંધવારી તફાવતના બીલોમાંથી સી.પી.એફની કપાત કરવામાં આવેલી ન હોય તો તેની ખરાઈ કરી નિયમોનુસાર સી.પી.એફ ની કપાત કરી તેટલીજ રકમના સરકારના ફાળા સાથે તેમના એનપીએસ એકાઉન્ટમાં જમા કરાવી અન્વેષણને આધારીત ખાત્રી કરાવવી રહે.

વસુલાતપાત્ર રકમ :
કર્મચારીનો ફાળો રૂ./-3333
સદર ૮૩૪૨(૧)
સંસ્થાનો ફાળો રૂ./-33330
સદર ૮૩૪૨(૨)
કુલ વસુલાત પાત્ર રકમ રૂા.૬૬૬૬૦/-

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો જવાબ કરેલ નથી.

ફકરા નંબર - ૮

**ડો. નરેન્દ્ર એલ પંડયા આચાર્યશ્રી સંસ્કૃત કોલેજના પગારમાંથી નિયમોનુસાર સી.પી.એફ/ જી.પીએફ.ની કપાત નહીં કરવા અંગે.**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સટી, વેરાવળના સને.૨૦૧૫-૧૬ ના અન્વેષણ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતા ડો. નરેન્દ્ર એલ પંડયા આચાર્યશ્રી સંસ્કૃત કોલેજના પગારમાંથી નિયમોનુસાર સી.પી.એફફ/જી.પી.એફ કપાત કરવામાં આવેલી ન હતી.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના તા.૨૦-૦૭-૨૦૦૭ના નિમણૂંક આદેશ અન્વયે ડો. નરેન્દ્ર એલ પંડયાને સંસ્કૃત કોલેજના આચાર્ય તરીકે ૧ વર્ષના અજમાયશી ધોરણે નિમણૂંક આપવામાં આવેલી જે અન્વયે ડો. નરેન્દ્ર એલ પંડયા તેમના તા.૦૭-૦૮-૨૦૦૭ ૨૦૦૭ના હાજર રીપોર્ટથી તથા તા.૨૩-૦૭-૨૦૦૭ના નિમણૂંક સ્વીકૃતિ પત્રથી નિમણૂંક સ્વીકારી તા.૦૭-૦૮-૨૦૦૭થી આચાર્યશ્રી સંસ્કૃત કોલેજ તરીકે ફરજો બજાવે છે.

ડો. નરેન્દ્ર એલ પંડયાને ચુકવવામાં આવતા પગારમાંથી સી.પી.એફની કપાત કરવામાં આવેલી ન હોય તે અંગે તપાસ કરતા ડો. નરેન્દ્ર એલ પંડયા અગાઉશ્રીસંસ્કૃત મહાવિધાલય,શ્રી ભાગવત વિધાપીઠ સોલા,અમદાવાદ ખાતે આચાર્ય તરીકે ફરજો બજાવતા હતાં તે સેવાને આચાર્યશ્રી સંસ્કૃત કોલેજ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ સેવા સાથે જોડવા ચાલુ હોય તેમનું જી.પી.એફ કપાત કરવું કે સી.પી.એફ એકાઉન્ટ ખોલાવી તેની સી.પી.એફ ની કપાત કરવી તે મેટર હાલ અનિર્ણિત હોય તેમના પગારમાંથી જી.પીએફ કે સી.પીએફની કપાત કરવામાં આવતી નથી. ડો. નરેન્દ્ર એલ પંડયાની આચાર્યશ્રી સંસ્કૃત કોલેજ, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ તરીકેની સેવાને દસ વર્ષ ઉપરાંતનો સમય પસાર થઈ ગયેલ હોય ઉકત બાબતે તાત્કાલીક નિયમોનુસાર કાર્યવાહી કરી તેમના જી.પીએફ /સી.પીએફ કપાત શરૂ કરી અન્વેષણને આધારીત ખાત્રી કરાવવી રહે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો જવાબ કરેલ નથી.

ફકરા નંબર - ૯

## પેશગી રજીસ્ટર નહી નિભાવવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબ તથા રજુ થયેલ માહિતીની ચકાસણી કરતા પેશગી સદરે નીચે મુજબની સ્થિતી જોવા મળેલ છે.

| ક્રમ | ખુલતી | વર્ષ દરમ્યાન | કુલ | વર્ષ દરમ્યાન | વર્ષના અંતે બાકી |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૮૫,૩૭૯.૦૦ | ૭,૬૧,૪૦૧.૦૦ | ૮,૪૬,૭૮૦.૦૦ | ૮,૦૨,૫૮૦.૦૦ | ૪૪,૨૦૦.૦૦ |

ઉપરોક્ત વિગતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે

(૧) નાણાકીય હિસાબ અને અંદાજપત્રનાં નિયમો ૧૯૬૩ ના નિયમ ૨૦૨ થી ૨૦૬ ની જોગવાઈ મુજબ પેશગી રજીસ્ટર નિભાવવું જોઈએ જે સંસ્થાએ નિભાવેલ નથી જેથી પેશગીની ખુલતી સિલક,બંધ સિલક તેમજ વાર્ષિક હિસાબ મુજબની સિલકની ચકાસણી થઈ શકેલ નથી

(૨) ઉકત નિયમોની જોગવાઈ મુજબ પેશગી ચુકવણાની તારીખથી ૩ માસ અથવા જે તે નાણાકીય વર્ષની ૩૧ માર્ચ, એ બે માંથી જે વહેલું હોય તે તારીખ સુધીમાં પેશગીના હિસાબો સરભર કરવાના હોય છે.સંસ્થાએ આવી કાર્યવાહી કરેલ નથી નમૂનારૂપ કિસ્સામાં ૩ માસ કે તેથી વધુ સમય થવા છતાં આવી રકમ પરત જમા થયેલ નથી જે અંગે સ્પષ્ટતા સહ નિયમાનુસાર કાર્યવાહી થવી ઘટે

| ક્રમ | કર્મચારીનું નામ | પેશગી આપેલ તારીખ | રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રી અનીરૂધ્ધ પટ્ટગીર | ૧૫/૨/૧૩ | ૫,૭૦૦.૦૦ |
| ૨ | શ્રી ભીમાભાઈ ગરચર | ૨૮/૭/૧૪ | ૧૩,૦૦૦.૦૦ |
| ૩ | શ્રી હિતેષભાઈ જાની | --- | ૧૨,૦૦૦.૦૦ |
| | | કુલ | ૩૦,૭૦૦.૦૦ |

ઉકત રકમ પેશગી ચુકવણું કર્યા બાદ અમુક કિસ્સામાં લાંબો સમય વીતવામાં સંસ્થાએ વસુલાત લેવામાં શુ પ્રયત્નો કરેલ છે. તે અંગે સ્પષ્ટતા કરવી.

(3) વાર્ષિક હિસાબ મુજબ રૂ. ૪૪,(3) વાર્ષિક હિસાબ મુજબ રૂ. ૪૪૨૦૦/-ની રકમ સરભર કરવાની બાકી છે જે બાકી રહેલી રકમ સરભર કરી પૂર્તતા કરવાની રહે

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નીયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહિ. ફકરાની વિગતે પૂર્તતા થવી ઘટે.

વાંધા હેઠળ રકમ રૂ. ૪૪૨૦૦/-

સદર – પેશગી

ફકરા નંબર - ૧૦

## પરીક્ષા સંચાલન માટે ચુકવવામાં આવતી એડવાન્સની રકમો સરભર નહીં થવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળનાં સને.૨૦૧૫-૧૬ ના વર્ષનાં અન્વેષણ દરમ્યાન કોલેજોને પરીક્ષાઓના સંચાલન તથા દેખરેખ માટે વર્ષ દરમ્યાન એડવાન્સ પેટે રકમો ચુકવવામાં આવેલ હતી. જે અંગે નીચે મુજબ નોંધ આપવામાં આવે છે.

| | |
|---|---|
| શરૂઆતની બાકી રકમ | ૦/- |
| વર્ષ દરમ્યાન એડવાન્સ રકમ | ૨૫૨૧૦૦/- |
| વર્ષ દરમ્યાન સરભર કરેલ રકમ | ૨૪૭૭૦૦/- |
| વર્ષ અંતે સરભર કરવાની બાકી રકમ | ૪૪૦૦/- |

(૧) એડવાન્સ આપયા પછી ગુજરાત નાણાકીય નિયમો – ૧૯૭૧ ના નિયમ – ૧૫૧ (૧) (૨) તથા તેની નોંધ અનુસાર – ૩ માસમાં અથવા હિસાબી વર્ષની આખર તારીખ સુધીમાં એડવાન્સ સરભર કરવાની રહે છે. પરીક્ષા વિભાગના દ્વારા એડવાન્સ રજી. નિભાવવામાં આવેલ ન હોય પરીક્ષાના ખર્ચ માટે અગાઉના વર્ષ ચુકવવામાં આવેલ રકમો પૈકી કેટલી રકમના હિસાબો પરત મેળવવાના બાકી છે. તેની કોઈ ખરાઈ વિગત જાણી શકાયેલ નથી. તથા ચુકવવામાં આવેલ એડવાન્સ રકમોના હિસાબો પરત મેળવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ હોય તો તે અંગે ખરાઈ કરાવવી રહે તેમજ આવુ અગત્યનું રજીસ્ટર ન નિભાવવા અંગે ખરાઈ કરાવવી રહે.

(૨) પરીક્ષા સંચાલન તથા દેખરેખ અંગેનો થનાર ખર્ચ સંભવીત હોય છે. જેથી કોલેજો/ભવનો દ્વારા માંગણી થયેલી રકમો એડવાન્સ તરીકે ચુકવવામાં આવે છે. આ રકમની નોંધ એડવાન્સ રજી. નિભાવી કરવામાં આવતી નથી જેથી ચુકવવામાં આવેલ એડવાન્સ તરીકેની રકમો ઉપર સંસ્થા દ્વારા કઈ રીતે નિયત્રંણ કરવામાં આવે છે. તે અંગે ખરાઈ કરાવવી રહે.

(૩) અગાઉના વર્ષોમાં અપાયેલ એડવાન્સની બાકી રકમ તથા વર્ષ દરમ્યાન એડવાન્સ મળી કુલ એડવાન્સ રકમ તેમાંથી વર્ષ દરમ્યાન સરભર થયેલ એડવાન્સની રકમ બાદ કરી બાકી એડવાન્સની રકમની વર્ષવાર તારીજ દર્શાવી અધ્યતન રીતે એડવાન્સ રજી. તૈયાર કરી કરેલ નોંધ અધિકૃત કરી અન્વેષણને રેકર્ડ આધારીત ખાત્રી કરાવવી રહે.

(૪) સંસ્થા દ્વારા રજુ થયેલ ટેલી એકાઉન્ટ સોફ્ટવેરના રેકર્ડની ચકાસણી કરતા તા.૩૧-૦૩-૨૦૧૬ અંતિત રૂા.૪૪૦૦/- પરીક્ષા સંચાલન એડવાન્સ સરભર થવાની બાકી હોય તેવું જણાય છે. જે તા.૦૯-૦૬-૨૦૧૬ ના રોજ સરભર થયેલ હોવાનું જણાય છે.

(૫) અપાયેલ એડવાન્સનાં હિસાબો જે તે કોલેજ ભવનો દ્વારા તેના સરભરનું બીલ તૈયાર કરી રજુ કરવામાં આવે ત્યારે જે તે અપાયેલ એડવાન્સની રકમ સામે નોંધ કરી સરભર કરવું જોઈએ. જેથી કઈ કોલેજોને ભવનને કેટલી રકમના એડવાન્સના બીલો સરભર થવાના બાકી રહે છે. તે જાણી શકાયેલ તેમજ જે તે કોલેજને અગાઉ અપાયેલ એડવાન્સના હિસાબો રજુ કર્યા બાદ નવા એડવાન્સ આપવાના રહે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો જવાબ કરેલ નથી.

ફકરા નંબર - ૧૧

નિયત મર્યાદા કરતા વધુ રકમની ચુકવણી રોકડમાં કરવા અંગે

શ્રીસોમનાથસંસ્કૃતયુનિવર્સિટી,વેરાવળનાસને૨૦૧૫-૧૬નાંઅન્વેષણદરમ્યાન વાઉચરોની ચકાસણી કરતા રૂ. ૧૫૦૦/- થી વધુ રકમની ચુકવણી નીચેની વિગતે રોકડમાં કરેલ હતી.

(૧) નાણા વિભાગના તા. ૨૩-૧-૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકે ટીજેઆર/૧૦૭૪/૩૨૩૯/૭૫ ઝેડ મુજબ રૂ.૧૫૦૦/- થી ઉપરનું ચુકવણું પાર્ટીના નામે "એકાઉન્ટ પેયી ઓનલી" ના ક્રોસ ચેકથી કરવાની જોગવાઈ હોવા છતાં અન્વેષણના વર્ષ દરમ્યાન મોટા ભાગની ચુકવણીઓ રોકડેથી કરેલ હોય તે અંગે ના નમુના રૂપ કિસ્સાઓ નીચે મુજબ દર્શાવેલ છે. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

તથા સદરહું નિયમનો તાત્કાલીક અમલ કરી અન્વેષણને આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

| ક્રમ નં | તારીખ | પાર્ટીનું નામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ૫/૪/૨૦૧૫ | ડૉ. પંકજ એલ. જાની ટીએ. ડીએ. | ૧૬,૪૦૪/- |
| ૨ | ૫/૪/૨૦૧૫ | મીઠાલાલ પ્રસાદ ત્રિપાઠી ટીએ. ડીએ. | ૩૧,૩૧૬/- |
| ૩ | ૫/૪/૨૦૧૫ | પંકજ ચાંડેય ટીએ. ડીએ. | ૨૨,૭૬૫/- |
| ૪ | ૨/૫/૨૦૧૫ | ડૉ. ધોનિક પારેખ ટીએ. ડીએ. | ૨,૦૪૪/- |
| ૫ | ૩/૭/૨૦૧૫ | પ્રો. ડી. એન. પાંડેય ટીએ. ડીએ. | ૩,૭૮૫/- |
| ૬ | ૭/૨/૨૦૧૬ | ડૉ. પંકજ એલ. જાની ગાડી ભાડું | ૧૨,૯૬૦/- |
| ૭ | ૮/૩/૨૦૧૬ | ડૉ. કતીરા સેમિનાર ખર્ચ | ૨૧,૯૧૩/- |
| ૮ | ૧૪/૩/૨૦૧૬ | હિતેશભાઈ જાની ડીઝલ ખર્ચ | ૧૦,૦૦૦/- |

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નીયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહિ. ફકરાની વિગતે પૂર્તતા થવી ઘટે.

ફકરા નંબર - ૧૨

## નિયત સિલકથી વધુ સિલક હાથ ઉપર રાખવા બાબત

શ્રીસોમનાથસંસ્કૃતયુનિવર્સીટીના સને ૨૦૧૫-૧૬ના અન્વેષણ દરમ્યાન રોજમેળની ચકાસણી કરતાં હાથ ઉપરની રોકડ સિલક વધુ પ્રમાણમાં હાથ ઉપર રાખવામાં આવે છે. ગુજરાત તિજોરી નિયમ – ૨૦૦૦ના નિયમ – ૨૫ (૧) મુજબ સંસ્થા દ્વારા વસુલ થયેલ રકમ દિન – ૨ માં જમા કરી દેવાની થાય છે. પરતું શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની તા.૧૮/૧૨/૨૦૧૩ની નાણા સમિતીની મિનીટમાં રૂા.૨૫૦૦૦/- સુધીની રકમ હાથ પર રાખવાની જોગવાઇ કરેલ છે. તેમ છતાં નમુનારૂપ કિસ્સાઓ સાથે સામેલ પરિશિષ્ટ નં.૧ માં દર્શાવ્યા છે.જરૂરીયાત મુજબ ની રોકડ સિલક કરતા વધારે સિલક તાત્કાલીક બેંક ખાતામાં જમાં કરાવવી જોઇએ .જેથી સંસ્થાને રોકડ ઉચાપતના કિસ્સાઓ ન બને તે માટે જરૂરી હોય તેટલીજસિલક હાથ ઉપર રાખી બાકીની સિલક બેંકમાં જમાં કરાવી ઓડીટને આધાર સહ સ્પષ્ટતા કરવી

ભવિષ્યમાં જરૂર કરતાં વધારેની સિલક તુરત જ બેંકમાં જમાં કરાવવી અને સિલક હાથ ઉપર નહીં રાખવા ઓડીટ સુચન છે .જેથી ઉચાપતના કિસ્સા નિવારી શકાય .

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નીયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહિ. ફકરાની વિગતે પૂર્તતા થવી ઘટે.

ફકરા નંબર – ૧૨ પરિશિષ્ટનં-૧

રોકડસિલકહ્રાથઉપરરાખેલછેતેનીવિગતદર્શાવતુપત્રક

| ક્રમનં | તારીખ | હ્રાથ પર રહેલ રોકડ રકમ | નિયત મર્યાદા રૂ.૨૫૦૦૦ કરતાં ઓછી સિલક કઈ તારીખે થઈ | રીમાકર્સ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૪/૪/૧૫ | ૧૧૧૩૦૦ | ૧૦/૦૪/૧૫ | ક્રમશ સિલકમાં ઘટાડો થયેલ છે. |
| ૨ | ૨૪/૪/૧૫ | ૧૧૮૨૨૭ | ૦૫/૦૫/૧૫ | |
| ૩ | ૨૭/૪/૧૫ | ૧૧૯૮૭૬ | ૦૫/૦૫/૧૫ | |
| ૪ | ૨૮/૪/૧૫ | ૧૧૦૫૭૯ | ૦૫/૦૫/૧૫ | |
| ૫ | ૨૯/૪/૧૫ | ૧૦૦૨૧૫ | ૦૫/૦૫/૧૫ | |
| ૬ | ૩૦/૪/૧૫ | ૭૮૮૨૭ | ૦૫/૦૫/૧૫ | |
| ૭ | ૧૬/૫/૧૫ | ૧૦૫૦૫૦ | ૩૧/૦૫/૧૫ | |
| ૮ | ૧૯/૫/૧૫ | ૯૪૫૯૦ | ૩૧/૦૫/૧૫ | |
| ૯ | ૨૦/૫/૧૫ | ૬૩૬૪૩ | ૩૧/૦૫/૧૫ | |
| ૧૦ | ૨૭/૫/૧૫ | ૭૩૯૨૬ | ૩૧/૦૫/૧૫ | |
| ૧૧ | ૨૮/૫/૧૫ | ૭૩૫૦૬ | ૩૧/૦૫/૧૫ | |
| ૧૨ | ૪/૬/૧૫ | ૯૯૦૭૨ | ૧૧/૦૬/૧૫ | |
| ૧૩ | ૬/૬/૧૫ | ૧૯૪૨૦૦ | ૧૧/૦૬/૧૫ | |
| ૧૪ | ૮/૬/૧૫ | ૧૭૮૩૫૦ | ૧૧/૦૬/૧૫ | |
| ૧૫ | ૯/૬/૧૫ | ૧૮૩૯૭૦ | ૧૧/૦૬/૧૫ | |
| ૧૬ | ૧૦/૬/૧૫ | ૧૬૯૭૩૭ | ૧૧/૦૬/૧૫ | |
| ૧૭ | ૨/૭/૧૫ | ૬૬૩૫૧ | ૧૦/૦૭/૧૫ | |
| ૧૮ | ૨૭/૭/૧૫ | ૧૨૩૧૭૪ | ૧૦/૦૮/૧૫ | |
| ૧૯ | ૨૮/૭/૧૫ | ૧૨૫૪૮૪ | ૧૦/૦૮/૧૫ | |
| ૨૦ | ૩૧/૭/૧૫ | ૧૫૮૨૧૮ | ૧૦/૦૮/૧૫ | |
| ૨૧ | ૩/૮/૧૫ | ૧૫૯૫૨૮ | ૧૦/૦૮/૧૫ | |
| ૨૨ | ૫/૮/૧૫ | ૫૪૩૩૬ | ૧૦/૦૮/૧૫ | |
| ૨૩ | ૯/૯/૧૫ | ૬૪૬૩૧ | ૧૫/૦૯/૧૫ | |
| ૨૪ | ૨૩/૯/૧૫ | ૭૩૫૭૮ | ૦૩/૧૦/૧૫ | |
| ૨૫ | ૩૦/૯/૧૫ | ૪૩૦૦૯ | ૦૩/૧૦/૧૫ | |
| ૨૬ | ૧૯/૧૦/૧૫ | ૪૨૮૫૬૦ | ૦૪/૧૧/૧૫ | |
| ૨૭ | ૨૧/૧૦/૧૫ | ૪૨૨૭૨૦ | ૦૪/૧૧/૧૫ | |
| ૨૮ | ૨૩/૧૦/૧૫ | ૪૧૨૯૫૫ | ૦૪/૧૧/૧૫ | |
| ૨૯ | ૨૬/૧૦/૧૫ | ૪૧૦૪૬૯ | ૦૪/૧૧/૧૫ | |
| ૩૦ | ૩૦/૧૧/૧૫ | ૯૪૧૩૭ | ૧૦/૧૨/૧૫ | |
| ૩૧ | ૧/૧૨/૧૫ | ૮૨૯૦૧ | ૧૦/૧૨/૧૫ | |
| ૩૨ | ૭/૧૨/૧૫ | ૫૦૫૦૨ | ૧૦/૧૨/૧૫ | |
| ૩૩ | ૪/૧/૧૬ | ૯૧૯૭૯ | ૧૦/૦૧/૧૬ | |

| | | | | |
|---|---|---|---|---|
| ૩૪ | ૧૮/૧/૧૬ | ૭૫૪૭૫ | ૨૦/૦૧/૧૬ | ક્રમશ સિલકમાં ઘટાડો થયેલ છે. |
| ૩૫ | ૨૭/૧/૧૬ | ૧૧૧૯૮૫ | ૧૭/૦૨/૧૬ | |
| ૩૬ | ૨૯/૧/૧૬ | ૧૧૪૮૯૭ | ૧૭/૦૨/૧૬ | |
| ૩૭ | ૧/૨/૧૬ | ૯૬૫૭૦ | ૧૭/૦૨/૧૬ | |
| ૩૮ | ૬/૨/૧૬ | ૫૦૬૧૮૩ | ૧૭/૦૨/૧૬ | |
| ૩૯ | ૭/૨/૧૬ | ૪૪૩૮૨૬ | ૨૦/૦૩/૧૬ | |
| ૪૦ | ૯/૨/૧૬ | ૮૧૫૨૪૯ | ૨૦/૦૩/૧૬ | |
| ૪૧ | ૧૦/૩/૧૬ | ૫૯૬૧૯ | ૨૦/૦૩/૧૬ | |
| ૪૨ | ૧૪/૩/૧૬ | ૪૩૭૬૦ | ૨૦/૦૩/૧૬ | |
| ૪૩ | ૧૫/૩/૧૬ | ૬૩૫૨૨ | ૩૧/૦૩/૧૬ | |
| ૪૪ | ૨૯/૩/૧૬ | ૨૮૭૦૦ | ૩૧/૦૩/૧૬ | |

ફકરા નંબર – ૧૩

## અગત્યના હિસાબી રજીસ્ટરો ન નિભાવવા અંગે તથા અન્ય હિસાબી અનિયમિતતાઓ અંગે

શ્રીસોમનાથસંસ્કૃતયુનિવર્સિટી,વેરાવળનાસનેર૦૧૫-૧૬નાઅન્વેષણ દરમ્યાન જણાયેલ હતુ કે નીચે દર્શાવેલ અગત્યનાહિસાબીરજીસ્ટરો નિભાવેલ જ ન હતા. આ અંગે અન્વેષણ ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન ફકરા નંબર-૩૫થી સુચના આપવા છતાં નીચેની વિગતે રજીસ્ટરો નિભાવેલ ન હોય સત્વરે ઉકત રજીસ્ટરો નિભાવવાના રહે.

(૧) <u>રોજમેળ/ કેશબુક</u>

ગુજરાત તિજોરી નિયમના નિયમ-૨ અન્વયે સંસ્થાએ રોજે-રોજની આવક તથા ખર્ચના હિસાબો નિયત નમુનાની કેશબુક નિભાવી તેમાં નોંધવાના રહે છે. જેમાં ખુલતી સિલક/બંધ સિલક રોજે-રોજની કાઢી,માસિક,વાર્ષિક આવક-ખર્ચની તારીજ કાઢવાની હોય છે.તેમજ રોજે-રોજ હિસાબ પુર્ણ કરી સક્ષમ અધિકારીશ્રીની સહી થવી ઘટે

(૨) <u>વર્ગીકરણ રજીસ્ટર</u>

સંસ્થાએ આવક તથા ખર્ચના વર્ગીકરણ રજીસ્ટર નિભાવેલ નથી સંસ્થાએ રોજે-રોજની આવક-ખર્ચના હિસાબો જે તે પેટા સદર કે આવક-ખર્ચ અંગે વર્ગીકરણ રજીસ્ટર નિભાવી તેમાં ખતવણી કરવાની રહે છે. જેનુ વાર્ષિક હિસાબ સાથે મેળવણું કરી તે અંગેનુ પ્રમાણપત્ર પણ દર વર્ષે વર્ગીકરણ રજીસ્ટરમાં આપવાનુ રહે છે.

(3) <u>ગ્રાન્ટ (અનુદાન) રજીસ્ટર</u>

સંસ્થાએ મળેલ ગ્રાન્ટ અંગેનુ પેટા સદર, વિભાગ વાઇઝ રજીસ્ટર નિભાવવાનુ રહે છે જે નિભાવેલ ન હતુ. સદરહુ રજીસ્ટરમાં અગાઉની બાકી સિલક, ખુલતી સિલક તરીકે લઇ વર્ષ દરમ્યાન મળેલ ગ્રાન્ટ જમા લઇ, તેમાંથી વખતો-વખત ખર્ચની રકમ બાદ કરતાં જવી જોઇએ.જેથી વર્ષ આખરે ક્યાં સદર કે વિભાગની કેટલી ગ્રાન્ટ જમા રહેલ છે તેની વિગતો જાણી શકાય, તેમાં પણ સક્ષમ અધિકારીશ્રીની દરેક એન્ટ્રી વાઇઝ સહી થવી ઘટે

(૪) <u>ઓડીટ(પગાર) રજીસ્ટર</u>

સંસ્થામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/શૈક્ષણિક કર્મચારીની પગાર ભથ્થાની વિગત દર્શાવતુ રજીસ્ટર નિભાવવાનુ રહે છે.જે સંસ્થાએ નિભાવેલ ન હતુ. જેથી જે-તે નાણાંકીય વર્ષમાં જે-તે કર્મચારીને કેટલા પગાર ભથ્થાની ચુકવણી કરવામાં આવી તે જાણી શકાય. તેમજ નવી નિમણુંક થયેલ કર્મચારી, નોકરી છોડીને જતાં કર્મચારી, નિવૃત થતા કર્મચારી વગેરેની વિગતો જાણી શકાય.

(૫) <u>જુથ વીમા યોજનાના હિસાબ બાબત</u>

નાણા વિભાગના ઠરાવ ક્રમાક નં.એસીબી/૧૦૮૧/૩૧/ક તા.૧૦/૧૧/૧૯૮૧ ની જોગવાઇ મુજબ નિયત નમુનામા જુથ વીમાના હિસાબો નિભાવેલ નથી. જેથી જુથ વીમા ગૃપ ક,ખ,ગ,ઘ મુજબ નિયત દરે વસુલાત કર્યાની ખાતરી થતી નથી. તો નિયત નમુનામાં હિસાબો નિભાવી ખાતરી કરાવવી ઘટે.

(૬) <u>ખર્ચમાં ચુકવણા અંગેનો કચેરી આદેશ ન કરવા અંગે</u>

વાઉચરોની ચકાસણી કરતાં તેમાં પેટા વાઉચરો મુજબ કે જેના ખર્ચની ચુકવણી કરવાની થતી હોય તે ચુકવણી કરવા અંગેનો કચેરી આદેશ તેમજ પત્રક બનાવવામાં આવતુ નથી. જે શાખાના પેટા વાઉચરોનુ કે કોઇપણ ખર્ચના ચુકવણા કરતા પહેલા તે અંગેનો હુકમ, જે નિયમ કે ઠરાવ અન્વયે ઉક્ત ખર્ચ કરવાની સતા મળેલ હોય, ખર્ચ કરવાની મંજુરી મેળવેલ હોય તે સઘળી વિગતોનો ઉલ્લેખ કરી કચેરી આદેશ કરવાનો રહે તેની નકલ બીલ સાથે જોડી બીલ પાસ કરવાનુ રહે. જેથી બિલો સાથે આવો હુકમ કરાવીને પછી જ ચુકવણું કરવાની પધ્ધતિ અમલમાં મુકી,અમલવારી જારી રાખી, આગામી ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નિયમો સાથે સુંસગત  નથી. ઓડિટ સુચન મુજબ કાર્યવાહી કરવી ઘટે.

ફકરા નંબર – ૧૪

વણવપરાયેલ ગ્રાન્ટ બાબત

શ્રીસોમનાથસંસ્કૃતયુનિવર્સિટી,વેરાવળનાસને૨૦૧૫-૧૬નાઅન્વેષણદરમ્યાનવાર્ષિક હિસાબોનાં પત્રક-૧ મુજબ સરકારશ્રી તરફથી વર્ષ દરમ્યાન રૂા.૩,૬૧,૬૧,૪૪૫/- ની ગ્રાન્ટ પ્રાપ્ત થયેલ હતી. વર્ષ ૨૦૧૪-૧૫ ની બચત અનુદાનની રકમ રૂા.૮,૫૪,૩૬,૭૪૯/- રહેવા પામેલ હતી. જેની સામે સને ૨૦૧૫-૧૬ ના વર્ષ દરમ્યાન રૂા.૫,૭૩,૩૫,૮૮૨/- નો ખર્ચ થયેલ હતો. જેથી રૂા.૬,૭૧,૭૩,૨૩૦/- ની ગ્રાન્ટ બચત રહેવા પામેલ હતી જે વણવપરાયેલ હતી જે અંગે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

સરકારશ્રી તરફથી આ અનુદાન ચોકકસ હેતુઓ તથા વિકાસના લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે આપવામાં આવતુ હોય છે. પરંતુ યુનિવર્સિટીના આયોજનની ખામીને કારણે પગરા ભથ્થા ગ્રાંટ,બાંધકામ ગ્રાંટ, પુઅર સ્ટુડન્ટ હોસ્ટેલ ગ્રાંટ,વર્લ્ડ કલાસ યુનિવર્સિટી ગ્રાંટ વગેરે સદરો મળી કુલ રૂા.૬,૭૧,૭૩,૨૩૦/- ની ગ્રાન્ટ વણવપરાયેલ રહેવા પામેલ હતી. આટલા મોટા પ્રમાણમાં અનુદાન વણવપરાયેલ હોવાથી યુનિવર્સિટીના વિકાસના કાર્યો વિદ્યાર્થીઓના વિકાસ તથા ગ્રાન્ટ આપનાર સંસ્થાના હેતુઓ સિધ્ધ કરવામાં વિક્ષેપ પડેલ છે. જે અંગે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાંધાનો સંસ્થાએ આપેલ જવાબ નિયમો સાથે સુંસગત નથી. સરકારશ્રી દ્વારા ફાળવેલ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ છે. જે અંગેનું આયોજન થઈ શકે તેમ ન હોય તો સરકારશ્રીમાં વાપરવા પરત જમા કરાવી આધારિત ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નિયમો સાથે સુંસગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહી.

ફકરા નંબર- ૧૫

## દાનના આવક-ખર્ચના હિસાબોની અનિયમિતતા બાબત

શ્રીસોમનાથસંસ્કૃતયુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણ વર્ષ દરમ્યાન દાનના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં નીચેની વિગતે દાનના હિસાબો માલુમ પડેલ હતાં.

| | |
|---|---|
| ખુલતી સિલક | ૫૫,૬૫,૨૨૭.00 |
| આવક | ૧૮,૫૨,૫00.00 |
| કુલ રૂ. | ૭૪,૧૭,૭૨૭.00 |
| જાવક રૂ. | ૪,૯૬,૫૫0.00 |
| ૩૧/3/૨૦૧૫ ની બંધ સિલક | ૬૯,૨૧,૧૭૭.00 |

(૧) શ્રી સોમનાથ સંસ્કૃતયુનિવર્સિટી,વેરાવળ સને ૨૦૧૫-૧૬ ના હિસાબો મંજુર કુલ ૭ દાતાઓ પાસેથી સામેલ પરિશિષ્ટ નં – ૧ મુજબ જુદા-જુદા હેતુઓ માટે દાન આપવામાં આવેલ છે. જે વણવપરાયેલ રહેવા પામેલ હતા. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) સને.૨૦૧૫-૧૬ માં રૂ.૧૮,૫૨,૫00/- નુ દાન આવેલ. જે અંગેના સસ્થાએ નિભાવેલ દાન રજીસ્ટરની ચકાસણી કરતા વર્ષ ૨૦૧૫-૧૬ માં આવેલ દાન તેમજ અગાઉના વર્ષોમાં આવેલ દાન જે હેતુઓ માટે આવેલ તે હેતુંઓ માટે વાપરવામાં આવેલ ન હતું તેમજ આવેલ દાનની તરતજ એફ.ડી. કરાવવામાં આવેલ હતી જેથી દાતાઓ તરફથી આવેલ દાનનો હેતુ સિદ્ધ થતો ન હોય જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે. તેમજ દાન રજીસ્ટરમાં વર્ષ નાં અંતે મુખ્ય હિસાબી અધિકારીશ્રી સહીઓ થયેલ છે પરંતુ આવેલ દાનની એન્ટ્રીવાઈઝ મુખ્ય હિસાબી અધિકારીશ્રીની સહીઓ થયેલ નથી સૂચવ્યા મુજબ અમલવારી થવી ઘટે.

(3) જે દાન દાતાઓ તરફથી મળેલ હોય તેની એફ.ડી. કરાવવાના બદલે તેનું બેંક એકાઉન્ટ જો અલગ રાખવામાં આવે તો હિસાબ સરળતાથી નિભાવી શકાય તેમાંથી જે વ્યાજ આવે તેનો પણ દાનની સાથે સાથે જે હેતુ માટે દાન મળેલ હોય તે જ હેતુ માટે વાપરી પણ શકાય. દાનને નિયત હેતુ માટે જે તે નાણાકીય વર્ષમાં જ વાપરવા યોગ્ય પગલા ભરવા ?

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ ફકરાના મુદાઓ સાથે તથા નિયમોનુસાર સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહી.

ફકરા નંબર - ૧૫– પરિશિષ્ટ નંબર – ૧

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીને મળેલ દાનની વિગત

| ક્રમ | તારીખ | દાતાશ્રીનું નામ | ફંડનું નામ | આવક રૂા. | સને.૨૦૧૪-૧૫ અંતે બચત રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૧૮/૦૪/૧૫ | શ્રી અક્ષરપુરુષોતમ સ્વામિનારાયણ માંથી | સ્ટુડન્ટ વેલ્ફેર ફંડ | ૧૧૦૦૦૦૦ | ૧૧૦૦૦૦૦ |
| ૨ | ૧૪/૦૯/૧૫ | પ્રો.વેમ્પતી કુટુંબ શાસ્ત્રી | સ્ટુડન્ટ વેલ્ફેર ફંડ | ૧૦૦૦૦૦ | ૧૦૦૦૦૦ |
| ૩ | ૨૪/૦૭/૧૫ | ડો.પંકજકુમાર એસ.રાવલ | સ્ટુડન્ટ વેલ્ફેર ફંડ | ૫૧૦૦૦ | ૫૧૦૦૦ |
| ૪ | ૧૯/૦૮/૧૫ | ડો.ભગવતીપ્રસાદ પાંડે | સ્ટુડન્ટ વેલ્ફેર ફંડ | ૧૧૫૦૦ | ૧૧૫૦૦ |
| ૫ | ૧૯/૧૦/૧૫ | બેંક ઓફ બરોડા | લાઈબ્રેરી ફંડ | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ |
| ૬ | ૨૦/૮/૧૫ | શ્રી દર્શનમ સંસ્કૃત મહાવિધાલય ( સોલા ભગત ) | ST દીકરીઓના ભોજન માટે | ૩૧૦૦૦૦ | ૬૩૩૪૯ |
| ૭ | ૦૮/૦૨/૧૬ | શ્રી સંસ્કૃત સાહિત્ય અકાદમી | સેમીનાર | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦ |
| | | | | | ૧૬૦૫૮૪૯ |

ફકરા નંબર – ૧૬

## વાહન ભાડાની અનિયમિત ખર્ચ અંગે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના સને.૨૦૧૫-૧૬ ના હિસાબોના પરના અન્વેષણ દરમિયાન વાઉચરો તથા અન્ય રેકર્ડની ચકાસણી કરતા યુનિવર્સિટી દ્વારા પરીક્ષા કામગીરી માટે તથા  રેગ્યુલર કામગીરી માટે ટેન્ડર મંગાવી વાર્ષિક રેટ કોન્ટ્રાકટ કરી અલગ – અલગ ટ્રાવેલ એજન્સીને વર્ક ઓર્ડર આપી વાહન ભાડે રાખેલ જે અંગે ઓડીટ વર્ષમાં નીચેની વિગતે ખર્ચ કરેલ હતો જે બાબતે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

વાહન ભાડાના અનિયમિત ખર્ચ અંગેની વિગત

| ક્રમ | ટ્રાવેલ એજન્સી નું નામ | વર્ષ દરમ્યાન ચુકવેલ કુલ રકમ |
|---|---|---|
| ૧ | નિલકંઠ ટ્રાવેલ્સ, વેરાવળ | ૪,૦૭,૭૯૧/- |
| ૨ | શ્રી ટ્રાવેલ્સ, ગાંધીનગર | ૮૪,૬૬૫/- |
| 3 | શકિત ટ્રાવેલ્સ,વેરાવળ | ૮૪,૪૫૬/- |

(૧) વાહન માલિક/ડ્રાઈવરે રજુ કરેલ વાહન ભાડાના બીલમાં પ્રવાસના બન્ને સ્થળ વચ્ચે કેટલા કિલોમીટરનું અંતર કાપેલ છે. તેના મીટર રીડીંગના કોઈ આધારો રજુ થયેલ નથી. બન્ને સ્થળ વચ્ચેના અંતરના કોઈ આધારો કે લોગબુક રજુ થયેલ નથી. જેથી કિલોમીટર મુજબ ચુકવાયેલ ભાડાની યર્થાથતાની ખાત્રી થઈ શકેલ નથી.

(૨) ટેન્ડર શરત નં – ૧૦ મુજબ ટ્રાવેલ એજન્સીને કામગીરી પૂર્ણ થયા પહેલા કોઈ એડવાન્સ આપવામાં આવશે. નહી. તેવી સ્પષ્ટ જોગવાઈ હોવા છતા શ્રી નિલકંઠ ટ્રાવેલ્સ વેરાવળને તા.૦૬-૦૪-૨૦૧૫ ના રોજ રૂ.૨૫૦૦૦/- તથા તા.૦૩-૧૨-૨૦૧૫ ના રોજ રૂ.૨૫૦૦૦/- એડવાન્સ ચુકવવામાં આવેલ છે. જે અંગે અન્વેષણને જવાબદારેથી આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે.

(3) મુસાફરીની તારીખે કોઈ મિટીંગ હોવાના સરકારશ્રીએ કોઈ એજન્સીએ બોલાવ્યા બદલના આધારો અને જાવું જરૂરી હતું તેના આધારો રજુ થયેલ નથી. જેથી વાહન ભાડે કરવું જરૂરી હતું કે કેમ તેની યર્થાથતાની ખાત્રી થઈ શકેલ નથી.

(૪) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના અધિકારી/કર્મચારીઓ વિગેરે દ્વારા મુસાફરી માટે મુસાફરી ભથ્થાના કોઈ નિયમો બનાવેલ નથી. જેથી ઉપરોકત ખર્ચની યર્થાથતાની ખાત્રી થઈ શકેલ નથી.

(૫) સરકારશ્રીના ગુજરાત મુલ્કી સેવા (મુસાફરી ભથ્થાના) નિયમો -૨૦૦૨ ના નિયમ – ૫૪(૨) મુજબ અધિકારી જે વર્ગમાં પ્રવાસ કરવા અધિકૃત હોય તેવા ઉપલબ્ધ વર્ગના રેલ્વે ભાડાની મર્યાદામાં માઈલેજ ભથ્થું મળવાપાત્ર થાય. પરતું વાઉચર સાથે રેલ્વેના ઉપલબ્ધ વર્ગ તથા ભાડાની વિગતો વાઉચર સાથે સામેલ નથી. જેથી ચુકવેલ વાહન ભાડાના વ્યાજબીપણાની ખાત્રી થઈ શકેલ નથી.

ઉપરોકત મુદા નં ૧ થી ૫ ની પુર્તતા થતાં સુધી નીચેની વિગતે કરેલ ખર્ચ રૂ.૫,૭૬,૯૧૨/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂ.૫,૭૬,૯૧૨/-

સદર – યુનિ.ફંડ

ફકરા નંબર – ૧૭

## વિદ્યુત શુલ્કમાંથી મુક્તિ મેળવવા બાબતે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળના સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણ વર્ષ દરમ્યાન કલાસિફાઇડ રજીસ્ટર, વાર્ષિક હિસાબો, વાઉચર્સ વગેરેની ચકાસણી કરતા વીજળી બીલના ચુકવણા પેટે સામેલ પરિશિષ્ટ મુજબ રૂા. ૨૬૮૬૫૨/- નો ખર્ચ કરવામાં આવેલ હતો.

ગુજરાત વિદ્યુત શુલ્ક અધિનિયમ-૧૯૫૮ અને તે હેઠળ ઘડાયેલ મુંબઇ વિદ્યુત શુલ્ક (ગુજરાત) નિયમો ૧૯૮૬ અન્વયે ઉદ્યોગ ભવન ગાંધીનગર વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરીના પરિપત્ર મુજબ વિદ્યુત શુલ્કના દરમાં રાહત મેળવવા પાત્ર સંસ્થાઓની વિગતોના ક્રમ નં.૬ મુજબ સંશોધન સંસ્થાઓ તથા અનુસ્નાતક કક્ષાની શૈક્ષણિક સંસ્થાઓને વિદ્યુત શુલ્ક દર લાગુ પાડયા છે. અને રાહત મેળવવા વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરીને અરજી કરવાની રહે છે.

સામેલ પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ કુલ વિદ્યુત શુલ્ક રૂા.૫૩,૭૨૯/- ના મીનીમમ સરેરાશ ૧૫ ટકા રાહતની ગણતરી કરતા રૂા.૮૦૫૯/- પી.જી.વી.સી.એલ. પાસેથી પરત મેળવવાના રહે છે. આ બાબતે જવાબદારેથી કાર્યવાહી કરી વસુલાતનાં આધારસહ ઓડીટને ખાત્રી કરાવેલ નથી.

અન્વેષણ વર્ષ દરમ્યાન આ બાબતે સંસ્થા દ્વારા કોઇ કાર્યવાહી થયાનું જણાતુ નથી. જવાબદારેથી વસુલાત મેળવવા તથા હવે પછી પી.જી.વી.સી.એલ. દ્વારા રજુ થતાં બીલોમાં વિદ્યુત શુલ્કમાં રાહત મળે તેવી કાર્યવાહી અનુસરવા ઓડીટ અનુરોધ છે.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ ફકરાના મુદાઓ સાથે તથા નિયમોનુસાર સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહી. ફકરાની વિગતે પુર્તતા થવી ઘટે.

વસુલાત રકમ રૂા. ૮૦૫૯/-
સદર - યુનિવર્સિટી વિકાસ ફંડ

ફકરા નંબર – ૧૭ - પરિશિષ્ટ નંબર - ૧

## વીજ વપરાશના બીલોમાં વિદ્યુત શુલ્કની ચુકવણીની વિગત દર્શાવતુ પરિશિષ્ટ

| ક્રમ | વાઉચર નંબર | તારીખ | બીલની રકમ રૂા. | ચેક નંબર | વિદ્યુત શુલ્ક |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૮૭ | ૨૪/૦૪/૧૫ | ૧૪૨૪૦ | ૦૦૨૨૬૯ | ૨૮૪૮ |
| ૨ | ૨૫૯ | ૨૭/૦૫/૧૫ | ૧૬૪૭૬ | ૦૦૨૩૬૨ | ૩૨૯૫ |
| ૩ | ૩૯૧ | ૨૫/૦૬/૧૫ | ૧૫૭૫૬ | ૦૦૨૪૨૩ | ૩૧૫૧ |
| ૪ | ૪૭૨ | ૧૭/૦૭/૧૫ | ૨૨૨૧૭ | ૦૦૨૪૭૬ | ૪૪૪૩ |
| ૫ | ૬૦૪ | ૨૪/૦૮/૧૫ | ૨૬૩૩૧ | ૦૦૨૫૯૬ | ૫૨૬૬ |
| ૬ | ૭૧૫ | ૨૧/૦૯/૧૫ | ૨૭૮૩૩ | ૦૦૨૬૯૩ | ૫૫૬૭ |
| ૭ | ૮૩૧ | ૧૭/૧૦/૧૫ | ૨૩૬૦૮ | ૦૦૨૭૯૧ | ૪૭૨૨ |
| ૮ | ૮૩૪ | ૧૭/૧૦/૧૫ | ૩૧૬૨૭ | ૦૦૨૭૯૪ | ૬૩૨૫ |
| ૯ | ૯૭૦ | ૧૬/૧૧/૧૫ | ૨૪૬૫૪ | ૦૦૨૮૬૦ | ૪૯૩૧ |
| ૧૦ | ૧૦૮૨ | ૧૮/૧૨/૧૫ | ૧૭૨૧૨ | ૦૦૨૯૨૭ | ૩૪૪૨ |
| ૧૧ | ૧૨૪૮ | ૧૫/૦૧/૧૬ | ૧૭૯૦૧ | ૦૦૩૦૧૨ | ૩૫૮૦ |
| ૧૨ | ૧૪૦૭ | ૧૬/૦૨/૧૬ | ૩૦૭૯૭ | ૦૦૩૦૯૫ | ૬૧૫૯ |
| | | કુલરૂા. | ૨૬૮૬૫૨ | | ૫૩૭૨૯ |

ફકરા નંબર – ૧૮

## આચાર્યશ્રી, સંસ્કૃત કોલેજના બચત ખાતામાં જમાં રહેલ રકમ સરકારશ્રીમાં જમાં કરવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી ,વેરાવળ ના સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણ દરમ્યાન હિસાબો તેમજ બેન્ક પાસબુક ની ચકાસણી કરતાં નીચે મુજબ બેંક ખાતામાં જમાં રહેલ હતી.

| ક્રમ નં | બેંક નુ નામ | ખાતા નંબર | જમાં રહેલ રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | બેંક ઓફ બરોડા – વેરાવળ | 0૩૫૭૦૧000૧૫૫૬ તા.31/3/૧૬ | ૧૫,00૯.00 |
| ૨ | ===//=== | 0૩૫૭૦૧000૧૫૫૭ તા.31/3/૧૬ | ૧,૮૭,૨૭૨.00 |
| કુલ | | | ૨,0૨,૨૮૧.00 |

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ. એકઝયુકેટીવ કાઉન્સીલની બેઠક નં ૨૫ તા.૨૬/૬/૧૩ ના ઠરાવ નં ૨૫ મુજબ લેવાયેલ નિર્ણય મુજબ આચાર્યશ્રી, સંસ્કૃત કોલેજ હસ્તકનાં આર્થિક વ્યવહારો શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.,વેરાવળ હસ્તક કરવા ઠરાવ કરેલ છે જેની અમલવારી થઇ ગયેલ છે. જેથી સંસ્કૃત કોલેજ,વેરાવળ ના બચત બેંક ખાતામાં જે તે સમય થી પાસબુક મુજબ ઉપરોક્ત વિગતે રકમો જમાં રહેલ છે. જે રકમ રૂ.૨,0૨,૨૮૧/- સરકારશ્રીમાં યુનિ.ના હિસાબોમાં જમાં કરાવી ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

પ્રાથમિક વાંધાનો જવાબમાં સંસ્થાએ જણાવેલ હતું કે ફકરાની વિગતે કાર્યવાહી કરવામાં આવશે. જે મુજબ કાર્યવાહી પૂર્ણ કરી ઓડિટને ખાતરી કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાના જવાબમાં જણાવ્યા મુજબ રૂા.૨૧૧૮૪૬/- તા.૧0/0૨/૨0૧૭ ના રોજ યુનિ.ફંડમાં જમા કરાવેલ છે. જે સરકારશ્રીમાં જમા કરાવવા કાર્યવાહી થવી ઘટે.

સરકારશ્રી જમાં કરાવવાની રકમ રૂ. રૂ.૨,0૨,૨૮૧/-

સદર - 0૨0૨ શિક્ષણ

ફકરા નંબર – ૧૯

## અનામત ફોરફીટ કરવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ સને.૨૦૧૫-૧૬ ના વર્ષના અન્વેષણ દરમ્યાન જણાયેલ હતુ કે જુદા – જુદા અભ્યાસ માટે વિધાર્થીઓ પાસેથી લેવામાં આવતી કોશનમની ડિપોઝીટ કે જે ૧ વર્ષ બાદ વિધાર્થીઓ માંગણી કરે  તો તેને પરત ચુકવવાની હોય છે. કોશનમનીએ એક પ્રકારની સિકયોરીટી ડીપોઝીટ છે. વિધાર્થીઓ એડમીશન મળ્યા બાદ રકમ પરત મેળવવા અરજી કરેલ ન હોય અધ વચ્ચેથી અભ્યાસ છોડી ગયેલ વિધાર્થીઓની કોશનમની ડિપોઝીટ ફોરફીટ કરી યુનિવર્સિટી ફંડમાં જમા  કરવાની હોય છે. હિસાબોની તારીજ ચકાસણી કરતા નીચેની વિગતે તા.૩૧/03/૨૦૧૬ ના રોજ રૂા.૭૦૦૦/- ની કોશનમની ડિપોઝીટની રકમ ચુકવવાની બાકી હતી. તથા લાઈબ્રેરી ડીપોઝીટ પણ ચુકવવાની બાકી હતી.

તારીજ

| ક્રમ | વિગત | કોશનમની અનામત | લાઈબ્રેરી અનામત |
|---|---|---|---|
| ૧ | ખુલતિ સિલક | ૭૦૦૦ | ૨૧૬૦૦ |
| ૨ | જમા આવેલ રકમ | --- | ૧૧૨૦૦ |
| 3 | કુલ રકમ | ૭૦૦૦ | ૩૨૮૦૦ |
| ૪ | પરત ચુકવેલ રકમ | --- | -- |
| ૫ | ચુકવવાની બાકી રકમ (બંધ સિલક) | ૭૦૦૦ | ૩૨૮૦૦ |

(૧) ઉપરોકત વિગતે સને.૨૦૧૫-૧૬ ના વર્ષે અંત સુધીમાં રૂા.૭૦૦૦/- ની રકમ ચુકવવાની બાકી હતી. જે રકમ વિધાર્થીઓને પરત ચુકવવાની થતી ન હોય તો આ રકમ ફોરફીટ કરી યુનિવર્સિટીના ફંડમાં જમા કરવા અંગે કાર્યવાહી કરવી. જે અંગે ટેલી એકાઉન્ટ સોફટવેરના રેકર્ડની ચકાસણી કરતા આ કોશનમની ડીપોઝીટની રકમ તા.૨૮-૧૨-૨૦૧૬ ના રોજ યુનિવર્સિટી ફંડમા જમા કરાવેલ છે. પરતું કોશનમની આનમતની જમા થયા અંગેનું તથા પરત આપ્યા અંગેની વિગત દર્શાવતું રજી. સંસ્થાએ નિભાવેલ ન હતું જેથી ઓડીટ વર્ષમાં કોશનમની અંગેના વ્યવહારોની ચકાસણી થઈ શકેલ ન હતી. સદરહુ રજી. નિભાવી ઓડીટને આધારીત ખાત્રી કરાવવી ઘટે. તેમજ વર્ષ દરમ્યાન કોશનમની આવક થયેલ નથી જે સંસ્થાએ કયાં કારણોસર ડીપોઝીટ લેવાની બંધ કરેલ છે. જે અંગે સ્પષ્ટતા કરવી ઘટે.

(૨) ઉપરોકત વિગતે સને.૨૦૧૫-૧૬ ના વર્ષે અંત સુધીમાં રૂા.૩૨,૮૦૦/- ની રકમ લાઈબ્રેરી ડીપોઝીટ ખાતે જમા હતી. તેમાથી અભ્યાસ પૂર્ણ થયા બાદ રકમ પરત મેળવવા અરજી કરેલ ન હોય કે અધવચ્ચે અભ્યાસ છોડી ગયેલ વિધાર્થીઓની જે રકમ વિધાર્થીઓને પરત ચુકવવાની થતી ન હોય તો આ રકમ ફોરફીટ કરી યુનિવર્સિટીના ફંડમાં જમા કરવા અંગે કાર્યવાહી કરવી જે અંગે લાઈબ્રેરી ડીપોઝીટ આપવા સંસ્થા તરફથી કોઈ પ્રયત્નો થયેલ જણાતા નથી. જે અંગે સ્પષ્ટતા કરવી.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નિયમોનુસાર સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહી.

ફકરા નંબર – ૨૦

પરીક્ષા શાખામાં રોજમદાર કર્મચારીઓની નિમણુંક કરી ખર્ચ કરવા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી, વેરાવળના સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણ દરમ્યાન વાઉચર, વાર્ષિક હિસાબો તથા સંલગ્ન રેકર્ડની ચકાસણી કરતા સામેલ પરિશિષ્ટની વિગતે પરીક્ષા શાખામાં કર્મચારીઓને રોજમદાર તરીકે નિમણુંક આપી ખર્ચ કરેલ હતો.પરતું સતા સોપંણીના નિયમો – ૧૯૯૮ના પ્રકરણ – ૩ના નિયમ – ૧૮ અન્વયે યુનિવર્સિટી પાસે રોજમદાર રાખવાની સતા ન હોય છતા રોજમદાર રાખેલ છે. જે અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) સરકારશ્રીની મંજુરી વગર રોજમદારોને નિમણુંક આપવાના આધારો રજુ થવા ઘટે. જેથી થયેલ ખર્ચનાં વ્યાજબીપણાની ચકાસણી થઇ શકે.

(૨) આ રીતે કર્મચારીઓને નિમણુંક આપવાથી ભવિષ્યમાં કાયદાકીય પ્રશ્નઉપસ્થિત થવાની સંભાવના હોય આ બાબતે સરકારશ્રીની મંજુરી મેળવીને આધારિત ખાત્રી કરવવી રહે. તેમજ સરકારશ્રીના પ્રવર્તમાન નીતિ અનુસાર રોજમદાર/વધારાના કર્મચારીઓની જરૂરીયાતના સંજોગોમાં આઉટસોર્સથી સેવાઓ મેળવવાનું ધોરણ રાખવું તેવું ઓડીટ સૂચન છે.

(૩) થયેલ ખર્ચ અંગે ફાઇનાન્સ કમીટી/ સીન્ડીકેટ દ્વારા મંજુરી મળ્યાના આધાર સામેલ નથી. જેની ખાત્રી કરાવવી ઘટે.

ઉકત વિગતે મુદ્દા નં ૧ થી ૩ બી જરૂરી પુર્તતાસહ ઓડીટને આધારીત ખાત્રી કરાવતા સુધી થયેલ ખર્ચ રૂ.૧૧૬૭૩૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા. ૧૧૬૭૩૦/-
સદર - પરીક્ષા સ્ટાફ પગાર

ફકરા નંબર - ૨૦- પરિશિષ્ટ નંબર -૧

રોજમદાર અને ફિકસ પગારથી કર્મચારીઓની નિમણુંક કરી ખર્ચ કરવા બાબત

| ક્રમ | વૌ. નં. | તારીખ | રકમરૂ | રોજમદારનું નામ | વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૫૯ | ૧૦-૪-૧૫ | ૪૮૦૦ | જોષી સંદિપ લાભશંકરભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૨ | ૨૦૨ | ૧૩-૫-૧૫ | ૪૬૦૦ | જોષી સંદિપ લાભશંકરભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| | | | ૪૪૦૦ | જયદિપ કિશોર ભારથી | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૩ | ૩૫૦ | ૧૨-૬-૧૫ | ૩૩૮૦ | બારડ શૈલેશ નગા | પટાવાળા |
| | | | ૩૦૦૦ | ચાવડા સંજય દેવશીભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| | | | ૩૨૦૦ | જયદિપ કિશોર ભારથી | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| | | | ૪૦૦૦ | જોષી સંદિપ લાભશંકરભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૪ | ૪૨૫ | ૬-૭-૧૫ | ૪૬૦૦ | જોષી સંદિપ લાભશંકરભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૫ | ૫૪૮ | ૧૦-૮-૧૫ | ૪૦૦૦ | જોષી સંદિપ લાભશંકરભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૬ | ૬૬૮ | ૯-૯-૧૫ | ૪૦૦૦ | જોષી સંદિપ લાભશંકરભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૭ | ૮૩૦ | ૧૭-૧૦-૧૫ | ૧૦૦૦ | બારડ મુકેશ ભગવાનભાઈ | ઓ.એસ. તથા એન્જીનિયરની સાથે કામગીરી |
| ૮ | ૮૫૦ | ૧૯-૧૦-૧૫ | ૪૬૦૦ | જોષી સંદિપ લાભશંકરભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| | | | ૪૪૦૦ | ચાવડા સંજય દેવશીભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૯ | ૯૨૦ | ૩-૧૧-૧૫ | ૫૨૫૦ | બારડ મુકેશ ભગવાનભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૧૦ | ૯૫૬ | ૭-૧૧-૧૫ | ૨૨૫૦ | દરી ખુશ્બુબેન તુલસીદાન | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૧૧ | ૧૦૫૬ | ૭-૧૨-૧૫ | ૨૭૫૦ | બારડ મુકેશ ભગવાનભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૧૨ | ૧૦૬૭ | ૮-૧૨-૧૫ | ૩૭૫૦ | ખુશ્બુબેન તુલસીદાન દરી | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| | | | ૪૦૦૦ | બારડ આરતીબેન મૂળજીભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૧૩ | ૧૧૯૯ | ૬-૧-૧૬ | ૩૫૦૦ | બારડ મુકેશ ભગવાનભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૧૪ | ૧૨૧૯ | ૬-૧-૧૬ | ૬૨૫૦ | દરી ખુશ્બુબેન તુલસીદાન | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| | | | ૬૦૦૦ | બારડ આરતીબેન મૂળજીભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૧૫ | ૧૩૬૮ | ૩-૨-૧૬ | ૫૫૦૦ | દરી ખુશ્બુબેન તુલસીદાન | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| | | | ૫૭૫૦ | બારડ આરતીબેન મૂળજીભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૧૬ | ૧૩૭૫ | ૫-૨-૧૬ | ૫૨૫૦ | બારડ મુકેશ ભગવાનભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૧૭ | ૧૫૦૭ | ૧-૩-૧૬ | ૬૦૦૦ | બારડ મુકેશ ભગવાનભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| ૧૮ | ૧૫૨૪ | ૪-૩-૧૬ | ૫૭૫૦ | દરી ખુશ્બુબેન તુલસીદાન | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| | | | ૪૭૫૦ | બારડ આરતીબેન મૂળજીભાઈ | ડેટા એન્ટ્રી ઓપરેટર પરીક્ષા શાખા |
| | | કુલ | ૧૧૬૭૩૦ | | |

## પુનઃમૂલ્યાંકન અંગે અધ્યાપકો પાસેથી દંડનીય વસુલાતની જોગવાઈ કરવા બાબત

ફકરા નંબર – ૨૧

શ્રી સોમનાથ સંસ્કૃત યુનીવર્સીટી, વેરાવળના સને ૨૦૧૫-૧૬નાં અન્વેષણ દરમ્યાન વાઉચરો, ટેલી એકાઉન્ટ સોફ્ટવેર રેકર્ડ તથા પરીક્ષા વિભાગના રેકર્ડની ચકાસણી કરતા તેમજ રીએસેસમેન્ટ વિભાગની માહિતી મુજબ સને ૨૦૧૫-૧૬માં રીએસેસમેન્ટ/રીચેકિંગ માટે એપ્રિલ-૨૦૧૫માં કુલ ૧૩૦ તથા ડીસેમ્બર-૨૦૧૫મા કુલ ૧૯૧ વિદ્યાર્થીઓની અરજીઓ આવેલ જે અન્વયે વિદ્યાર્થીઓ પાસેથી રીએસેસ્મેન્ટ માટે રૂ ૩૮૬૨૫/- તથા રીચેકિંગ માટે રૂ. ૧૨૫૦૦/- એમ ફૂલ રૂ ૫૧૧૨૫/- ની ફી વસુલ કરવામાં આવેલ હતી. આવેલ અરજીઓ પૈકી એપ્રિલ – ૨૦૧૫ માં કુલ – ૪૨ તથા ડીસેમ્બર – ૨૦૧૫ માં કુલ – ૫૯ વિધાર્થીઓના માર્કસમાં ફેરફાર થયેલ છે. જેના નમૂનારૂપ કિસ્સામાં નીચે મુજબ છે.

| ક્રમ | વિદ્યાર્થીનું નામ | જુના માર્ક | નવા માર્ક | તફાવત |
|---|---|---|---|---|
| ૧ | સાધુ બ્રાહ્માંનંદ દાસ | ૪૮ | ૬૯ | ૨૧ |
| ૨ | ઠાકર પ્રતુલ ભાસ્કર | ૪૭ | ૬૮ | ૨૧ |
| ૩ | સાધુ જ્ઞાનાનંદદાસ સુભાષચંદ્ર | ૫૪ | ૬૯ | ૧૫ |
| ૪ | પાંડે અરૂણકુમાર દેવાનંદ | ૪૪ | ૬૮ | ૨૪ |
| ૫ | પરસાના અક્ષર મનજી | ૨૯ | ૫૯ | ૩૦ |
| ૬ | સાધુ જ્ઞાનનયનદાસ રવજીભાઈ | ૫૦ | ૬૮ | ૧૮ |
| ૭ | જોષી કનૈયાલાલ કાશીરામભાઈ | ૧૬ | ૩૪ | ૧૮ |
| ૮ | જાની રવિ દેશંકરભાઈ | ૩૨ | ૫૮ | ૨૬ |
| ૯ | રાજ્યકૂટ જયદેવ ધીરૂભાઈ | ૨૯ | ૪૭ | ૧૮ |
| ૧૦ | સાધુ નીરજનદાસ | ૩૯ | ૫૫ | ૧૬ |
| ૧૧ | વાંકડોરિયા ધનશ્યામ બાબુભાઈ | ૩૬ | ૫૩ | ૧૭ |
| ૧૨ | દુબે કૃનાલકુમાર બલદેવપ્રસાદ | ૧૬ | ૩૧ | ૧૫ |

ઉપરોકત બાબતે ચકાસણી કરતા જુના અને નવા (સુધારેલા) માર્કસમાં મોટો તફાવત જોવા મળેલ છે. જેથી અધ્યાપકો દ્વારા યોગ્ય રીતે મુલ્યાંકન થયેલુ નથી. તેમ મનાવાને કારણ છે.

સંસ્થાના સ્ટેચ્યુટ નં – ૬૨ ની જોગવાઈ નં – ૩૧ મુજબ જો વિધાર્થી માકર્સમાં ફેરફાર થાય તો તેની પાસેથી લીધેલ ફી પરત ચુકવાની થાય છે. સંસ્થા સને.૨૦૧૫-૧૬માં રીચેકિંગ

માટે રૂા.૧૦૦/- અને રીએસેસમેન્ટ માટે રૂા.૨૦૦/- ફી નકકી કરેલ હતી ઉપર જણાવ્યા મુજબ કુલ ૧૦૧ કિસ્સામાં આવી ફી પરત કરવાની થાય. જે પરત ચુકવવામાં આવે છે. કે કેમ તેની ઓડીટને આધારસહ ખાત્રી કરાવવી.

તેમજ સંસ્થાએ આ રી ચેકીંગ અને રી એસેસમેન્ટ માટે નવેસર થી ખર્ચ કરવાનું થાય છે. અને માર્કસમાં સુધારો થાય તો વિધાર્થીને ફી પણ પરત ચુકવવાની થાય છે. આવા સંજોગોમાં પ્રથમ મુલ્યાંકન સમયે બેદરકારી દાખવનાર અધ્યાપક પાસેથી દંડ/તેમજ મળનાર મહેનતાણામાં કપાત કરવાની જોગવાઈ કરવી જરૂરી જણાય છે. સંસ્થાએ સ્ટેચ્યુટમાં આ અંગે જરૂરી સુધારો કરવા ઓડીટ સુચન છે.

ફકરા નંબર – ૨૨

## ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી અન્વયે ચા-પાણી અને નાસ્તા તથા ભોજનનો ખર્ચ કરવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળનું સને ૨૦૧૫-૧૬ નું અન્વેષણ કરવામાં આવતા વાઉચરોની ચકાસણી દરમ્યાન વૌચર નં. ૩૩૪-૩૫ તા. ૧૧/૬/૧૫ થી તથા વૌચર નં. ૧૨૬૧ તા. ૧૮/૧/૧૬ થી ઉત્તરવહી મુલ્યાંકનની કામગીરી કરતા પરીક્ષકોને ચા-પાણી અને નાસ્તો તથા ભોજન કરાવવામાં આવતા તે અન્વયે અનુક્રમે રૂ. ૬૭,૧૦૦ તથા રૂા.૭૧,૧૭૫/- એમ કૂલ રૂ.૧,૩૮,૨૭૫/- નો ખર્ચ કરવામાં આવેલ હોય તે અંગે નીચે મુજબની ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉક્ત વિગતે રૂ.૧,૩૮,૨૭૫/- ના ચુકવણા ઉત્તરવહી મુલ્યાંકન કરતા પરીક્ષકોને આપવામાં આવેલ ચા-પાણી અને નાસ્તા તથા ભોજન અન્વયે શ્રી આઈ. કેટરર્સ દ્વારા રજુ થયેલ બીલ ચુકવવા સબબ નોંધની વિગતે આ રકમ ચુકવવા અંગે કોઇ જોગવાઇ થયેલ નથી. માત્ર અગાઉના વર્ષોમાં ચુકવણા થયેલ તે પ્રથા ચાલુ રાખવાની હોય તે મુજબ ચુકવણા થયેલ છે. જેથી પરીક્ષકોને જયાં ઉત્તરવહી ચકાસણી માટે મહેનતાણું આપવામાં આવતુ હોય અને નિયમોમાં કોઇ જોગવાઇ ન હોવા છતાં રકમ ચુકવવા અંગે સ્પષ્ટતા કરવી રહે..

(૨) રૂ.૧,૩૮,૨૭૫/- ચા-પાણી-નાસ્તા અને ભોજનના ખર્ચ અંગે પરીક્ષકોના મહેનતાણામાંથી ટોકનરૂપે પણ રકમ કપાત કરવામાં આવેલ નથી. જેથી સરકારશ્રીનાં કરકસર ભરી નીતિના ઠરાવ-૧૯૯૮ નો નિયમનો ભંગ કરેલ છે જે અન્વયે સ્પષ્ટતા સહ ખરાઇ કરાવવી રહે.

(3) રૂ.૧,૩૮,૨૭૫/- ની રકમ શ્રી આઈ. કેટરર્સને ચુકવવામાં આવેલ હોવા છતાં બીલેથી આવકવેરાની કપાત કરવામાં આવેલ નથી. જેથીઆવકવેરા અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૧૯૪ મુજબ ૨ % ટીડીએસ મુજબ રૂ.૨૭૬૬/- ની વસુલાત કરવાની થતી હતી જે કરેલ ન હતી જેથી રૂ.૨૭૬૬/- ની વસુલાત મેળવી સ્પષ્ટતા સાથે આધારિત ખાતરી કરાવવી ઘટે.

(૪) સદર રકમ ચુકવવા અંગે ફાયનાન્સ કમિટીની મંજુરી લેવામાં આવેલ હોય તો તેના આધારો રજુ કરવા રહે. ઉપરાંત આ ચુકવણી વખતે ઓડીટ વિભાગ દ્વારા કોઇ નોંધ લેવામાં આવેલ હોય તો તેની ખરાઇ કરાવવી રહે.

આમ, જોગવાઇ ન હોવા છતાં મહેનતાણા ઉપરાંત પણ રૂ.૧,૩૮,૨૭૫/- નો ખર્ચ માત્ર ચા-પાણી અને નાસ્તા તથા ભોજન પાછળ કરવામાં આવેલ હોય ગુજરાત નાણાકીય નિયમોના નિયમ-૮ મુજબ નાણાકીય ઔચિત્યનો ભંગ થયેલ હોય જવાબદારેથી સ્પષ્ટતા સહ ખરાઇ કરાવવી રહે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૧,૩૮,૨૭૫/-
સદર - યુનિવર્સિટી પરીક્ષા વિભાગ
વસુલાત પાત્ર રકમ રૂા.૨૭૬૬
સદર - આવકવેરા

ફકરા નંબર - ૨૩

ગીત એન્ટરપ્રાઇઝ, તાલાળા તથા શ્રી આઈ કેટરર્સ ને ભોજન કામગીરી માટેના ચુકવેલ નાણામાં જણાયેલ અનિયમિતતાઓ અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ,વેરાવળ દ્વારા હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં ભાઇઓ તથા બહેનોને ભોજન પુરૂ પાડવા અંગેનો કોન્ટ્રાકટ સને ૨૦૧૫-૧૬ ના વર્ષ માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી ભાવો મંગાવી સૌથી ઓછા ભાવવાળી પાર્ટી ગીત એન્ટરપ્રાઇઝ,તાલાળાને પ્રતિ વિદ્યાર્થી દીઠ માસિક રૂ.૧૬૬૦/- ના ભાવ થી તા. ૧૯/૬/૨૦૧૪ ના હુકમ થી આપેલ હતો. જે અંગેના ચુકાદાઓ પરિશિષ્ટ નં.-૧ ની વિગતે ગીત એન્ટરપ્રાઈઝ તાલાળાને રૂ. ૨,૩૯,૩૫૫/- તથા શ્રી આઈ કેટરર્સને રૂ.૯,૨૪,૩૯૨ એમ કૂલ રૂ૧૧,૬૩,૭૪૭/- નો કરેલ હતો. ઉક્ત ચુકવણી અંગેના વાઉચરો તથા રજુ કરેલ ફાઇલની ચકાસણી કરતાં તેમાં નીચેની વિગતે અનિયમિતતાઓ જણાયેલ હતી.

(૧) ઉધોગ અને  ખાણ ખનીજ વિભાગના ઠરાવ નં એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/ચ તા.૦૮/૦૭/૨૦૧૧ ની જોગવાઈ અનુસાર રૂા.૫ લાખ થી વધુ રકમ ઈ-ટેન્ડર પ્રકિયા કરવાની થાય જયારે સંસ્થાએ વર્તમાનપત્રમાં જાહેરાત ઓફલાઈન ટેન્ડરો મેળવીને કામગીરી કરેલ છે.

(૨) હોસ્ટેલની ભોજન કામગીરી માટેના ટેન્ડર ફોર્મ સાથે કુલ ૨૯ શરતો દર્શાવેલ હતી. જ્યારે રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર કોન્ટ્રાકટરશ્રીએ આપેલ બાહેંધરીમાં ફક્ત ૧૪ શરતો જ હતી. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.મુંબઇ સ્ટેમ્પ-૧૯૫૮ની અનુસૂચિ એક આર્ટીકલ -૩૬/૮ તથા સુપ્રિટેન્ડન્ટ ઓફ સ્ટેમ્પ -ગુજરાત રાજ્ય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક.સ્ટેમ્પ/અશન/૧૪/૨૦૦૭/૯૩૯ તા.૫/૨/૨૦૦૭ થી અંદાજીત રકમના ૫% સીક્યુરીટી ડીપોઝીટ રૂ.૫૮૧૮૭/- થાય જેના ૪.૯૦% મુજબ રૂ.૨૮૫૧/- સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરવાના રહે તેના બદલે રૂ.૫૦/-નો સ્ટેમ્પ ડ્યુટી લીધેલ હતી. જેથી રૂ,૨૮૦૧/- નું સરકારશ્રીને નુકશાન ગયેલ હતું જેથી  રૂ.૨૮૦૧/- સંબધિત પાસેથી વસુલાત મેળવી આધારિત ખાતરી કરાવવી ઘટે.

(3) સંસ્થાના તા.૧૯/૬/૨૦૧૪ ના ગીત એન્ટરપ્રાઈઝ તાલાળાને આપેલ હુકમમાં જણાવ્યા મુજબ તા.૨૩/૬/૨૦૧૪ થી ૨૨/૭/૨૦૧૪ સુધી એક માસ માટે તથા તા.૧૭/૬/૨૦૧૫ ના શ્રી આઈ કેટરર્સને આપેલ હુકમમાં જણાવ્યા મુજબ તા.૧૮/૬/૨૦૧૫ થી ૨૫/૭/૨૦૧૫ સુધી એક માસ માટે અજમાયશી ધોરણે ભોજન કામગીરીની સેવા પુરી પાડવા માન્ય કરેલ હતુ.

પ્રથમ એક માસ દરમ્યાન યુનિવર્સિટી દ્વારા નિર્ધારીત થયેલ ચાર અધિકારીશ્રીઓ દ્વારા ભોજન કામગીરીની સેવાઓ અંગેનો ચકાસણી રીપોર્ટ રજુ કરે પછી

થી વધુ ૧૦ માસ માટે લંબાવવાનો હતો. પરંતુ ફાઇલે આવો એક જ અધિકારીશ્રી ડૉ.લલિત પટેલ નો સંતોષકારક ચકાસણી અંગેનો રીપોર્ટ ઉપલબ્ધ હતો  જેથી અન્ય ત્રણ અધિકારીશ્રીઓ દ્વારા ચકાસણીકરાવ્યા વગર વધુ સમય માટે ગીત એન્ટરપ્રાઈઝ તાલાળાનો કોન્ટ્રાકટ ચાલુ રાખવા અંગે સ્પષ્ટતા થવી ઘટે. શ્રી આઈ. કેટરર્સની એક માસની ભોજન કામગીરીની ગુણવતા અંગે નિયુક્ત કરેલા સભ્યોના પોઝીટીવ રીપોર્ટ ના અધારે શ્રી આઈ કેટરર્સનો કોન્ટ્રાક્ટ વધુ દસ માસ માટે ચાલુ રાખવા સંસ્થાના તા. ૧૪/૭/૧૫  હુકમથી કોન્ટ્રાકટ આપવામાં આવેલો.

(૪) કરારની શરત નં.૮ મુજબ વિદ્યાર્થી જેટલા ટાઇમ જમશે તેટલાની ગણતરી કરી હિસાબ રાખવામાં આવશે અને યુનિવર્સિટીના પ્રતિનિધીની હિસાબમાં સહી લેવામાં આવશે. મહીનાના અંતે તે હિસાબની વિગતો બીલ સાથે રજુ કરવામાં આવેલ તેની ચકાસણી કરતાં તેમાં યુનિ. ના પ્રતિનિધીને બદલે વિદ્યાર્થીની સહિઓ કરાયેલ હતી.

જેથી યુનિ. ના પ્રતિનિધીએ કોઇ એક વિદ્યાર્થીને આવી સતા એનાયત કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૫) ટેન્ડરની શરત નં.૧૯ તથા ૨૮ મુજબ દૈનિક ભોજન નિયત કરેલ મેનુ મુજબનુ જ ભોજન બને છે કે કેમ ? તૈયાર થયેલ ખોરાક ચાખીને સંતોષકારક છે કે કેમ? તેની ચકાસણી કરવાની હતી વર્ષ દરમ્યાન આવી ચકાસણી કરાયેલ હોવાના આધાર ફાઇલે ઉપલબ્ધ ન હતા જે અંગે સ્પષ્ટતા થવી ઘટે

(૬) આવકવેરા અધિનિયમ-૧૯૬૧ ની કલમ ૧૯૪ મુજબ ૨ % ટીડીએસ મુજબ રૂ.૨૩૨૭૫/- ની વસુલાત કરવાની થતી હતી જે કરેલ ન હતી જેથી રૂ.૨૩૨૭૫/- ની વસુલાત મેળવી સ્પષ્ટતા સાથે આધારિત ખાતરી કરાવવી ઘટે.

ઉકત મુદા નં  ૧ થી  ૬ ની પુર્તતા થતા સુધી થયેલ રૂા. ૧૧,૬૩,૭૪૭/-વાંધા હેઠળ રાખવામાં આવે છે.

મુદા નંબર – ૩ નો જવાબ ગ્રાહ્ય રાખવામાં આવે છે. તે સિવાયના મુદાની પૂર્તતા થતા સુધી થયેલ ખર્ચ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રકમ રૂા.૧૧,૬૩,૭૪૭/-
સદર – યુનિ. ફંડ
વસુલાત પાત્ર રકમ રૂા.૨૮૦૧/-
સદર  -  સ્ટેમ્પ ડયુટી
વસુલાત પાત્ર રકમ રૂા.૨૩૨૭૫/-
સદર  -  આવકવેરા

ફકરા નંબર – ૨૩- પરિશિષ્ટ નંબર -૧

ગીતએન્ટરપ્રાઇઝ, તલાળા (ક્રમ નં. ૧ થી ૨) તથા શ્રી આઈ કેટરર્સ (ક્રમ નં. ૩ થી ૯)નેભોજનકામગીરીમાટેનાચુકવેલનાણાની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | વૌચર નં / તારીખ | સમયગાળો | ડીશ ની સંખ્યા | ડીશનો ભાવ | કુલ ખર્ચ | કપાત કરેલ ટીડીએસ | ચુકવેલ રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૬૯/૧૦-૪-૧૫ | માર્ચ-૧૫ | ૫૪૫૪ | ૨૬=૭૭ | ૧,૪૬,૦૦૩/- | ૧,૪૬૦/- | ૧,૪૪,૫૪૩/- |
| ૨ | ૨૩૨/૧૬-૫-૧૫ | એપ્રિલ-૧૫ | ૩૩૭૫ | ૨૭=૬૬ | ૯૩,૩૫૨/- | ૯૩૪/- | ૯૨,૪૧૮/- |
| ૩ | ૫૮૦/૧૪-૮-૧૫ | જૂન-૧૫ | ૨૨૬૮ | ૨૮=૦૦ | ૬૩,૫૦૪/- | ૬૩૫/- | ૬૨,૮૬૯/- |
| ૪ | ૬૪૨/૧-૯-૧૫ | જુલાઈ-૧૫ | ૬૨૨૦ | ૨૮=૦૦ | ૧,૭૪,૧૬૦/- | ૧,૭૪૨/- | ૧,૭૨,૪૧૮/- |
| ૫ | ૭૩૪/૨૪-૯-૧૫ | ઓગસ્ટ-૧૫ | ૫૭૬૬ | ૨૮=૦૦ | ૧,૬૧,૪૪૮/- | ૧,૬૧૪/- | ૧,૫૯,૮૩૪/- |
| ૬ | ૯૬૬/૭-૧૧-૧૫ | સપ્ટેમ્બર-૧૫ | ૪૩૩૯ | ૨૮=૦૦ | ૧,૨૧,૪૯૨/- | ૧,૨૧૫/- | ૧,૨૦,૨૭૭/- |
| ૭ | ૧૦૯૫/ ૧૮-૧૨-૧૫ | ઓક્ટોબર નવેમ્બર-૧૫ | ૫૫૯૯ | ૨૭=૧૦ | ૧,૫૧,૭૩૨/- | ૧,૭૦૫/ - | ૧,૫૦,૦૨૭/- |
| ૮ | ૧૨૬/૧૮-૧-૧૬ | ડીસેમ્બર-૧૫ | ૪૭૩૩ | ૨૭=૧૦ | ૧,૨૮,૨૬૪/- | ૧,૨૮૩/- | ૧,૨૬,૯૮૧/- |
| ૯ | ૧૫૩૨/૪-૩-૧૬ | જાન્યુઆરી-૧૬ | ૪૫૬૮ | ૨૭=૧૦ | ૧,૨૩,૭૯૨/- | ૧,૨૩૮/- | ૧,૨૨,૫૫૪/- |
| | | | | કુલ | ૧૧,૬૩,૭૪૭ | ૧૧,૮૨૬ | ૧૧,૫૧,૯૨૧ |

ફકરા નંબર – ૨૪

## બોયઝ/ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગ ના ચુકવેલ ભાડા અંગેની અનિયમિતતા બાબત

શ્રીસોમનાથસંસ્કૃતયુનિવર્સીટીના સને ૨૦૧૫-૧૬ના અન્વેષણ દરમ્યાન વાઉચરો તથા વાર્ષિક હિસાબની ચકાસણી કરતાં સંસ્થાએ બોયઝ/ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગ ભાડે રાખેલ તેના મકાનભાડાની ચુકવણી નીચેની વિગતે કરાયેલ હતી.

| ક્રમ નં | વિગત | પાર્ટીનું નામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | બોયઝ હોસ્ટેલ બિલ્ડીંગ | રામનિવાસ ધર્મશાળા | ૩,૬૧,૨૬૪/- |
| ૨ | ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગ | ગીતા આર ક્રિષ્નાણી | ૪૫,૨૮૪/- |
| | કુલ | | ૪,૦૬,૫૪૮/- |

ઉકત વિગતેના બોયઝ/ગર્લ્સ હોસ્ટેલના મકાન રૂબરૂ સ્થાનિક ભાવ પત્રકો મંગાવીને સંસ્થાએ સૌથી ઓછા માસિક ભાડા વાળા મકાન માલિકનુ મકાન ભાડે રાખેલ હતુ જે અંગે ના વાઉચરો તથા રજુ કરેલ ફાઇલની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે

(૧) સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગના ઠરાવ ક્રમાંક **WBT/1174/00-16** અને (૧) તા ૧૫-૧૦-૧૯૮૧ થી અપાયેલ સતા અને વ્યાજબી ભાડાના નિયમ-૩ (ખ)ની જોગવાઇને ધ્યાને લેતા ભાડે રાખેલ મકાનનુ ભાડુ વ્યાજબી હોવાનુ તથા મકાનની સ્થિતિ યોગ્ય હોવાનુ સંબંધીત નાયબ કા.ઇ.શ્રી પાસેથી પ્રમાણપત્ર મેળવવાનુ રહે છે સંસ્થાએ આવુ પ્રમાણપત્ર મેળવેલ ન હતુ.

(૨) ઉપરોક્ત મકાન અંગે સંબંધીત મકાન માલિકનુ કબુલાતનામુ સંસ્થાએ લીધેલ ન હતુ.

(3) ઉપરોક્ત મકાન ભાડે રાખતા પહેલા કરારનામું રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનું રહે છે. જે કરેલ ન હતું.

ઉપરોક્ત વિગતે મુદા નં. ૧ થી ૩ ની આધાર સહ પુર્તતા કરી ખાત્રી કરાવતા સુધી કરેલ ખર્ચની રકમ રૂ. ૪,૦૬,૫૪૮/-ઓડીટમાં વાંધાહેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ.૪,૦૬,૫૪૮/-

સદર: મકાન ભાડા

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો જવાબ કરેલ નથી.

ફકરા નંબર – ૨૫

કુલપતિશ્રીના રજા પગાર તથા પેન્શન-ફાળાની ચુકવણી અંગે અનિયમિતાઓ બાબત.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના સને.૨૦૧૫-૧૬ ના અન્વેષણ દરમ્યાન પગાર તથા વાઉચરની ફાઈલોની ચકાસણી કરતા યુનિવર્સિટીના કુલપતિશ્રી ની સેવાઓ ડેપ્યુટેશન ઉપર ગણી રજા પગાર/પેન્શન-ફાળો જમા કરાવવામાં આવેલ જે. અંગે આપવામાં આવે છે.

| ક્રમ | અધિકારીનું નામ | વાઉચર નં/તારીખ | રકમ |
|---|---|---|---|
| ૧ | વી.કુંટુમ્બ શાસ્ત્રી (કુલપતિશ્રી) તા.૦૧/૪/૨૦૧૫ થી તા.૧૩/૦૬/૨૦૧૫ | ૪૪૨ ૧૩-૬-૨૦૧૫ | ૫૭,૧૬૪ |
| કુલ રકમ રૂ. | | | ૫૭,૧૬૪ |

(૧) કુલપતિશ્રી પ્રો.વી.કુંટુંમ્બશાસ્ત્રીની શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક GH/5H/15/669/1005/10/KHતા.૨૨/૦૫/૨૦૧૨ થી યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. આ નિમણૂંક પ્રતિ-નિયુકતના ધોરણે છે. તેવો આદેશમાં ઉલ્લેખ નથી.

(૨) સંસ્થાએ તેઓ માતૃસંસ્થા રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થા ન્યુ દિલ્લીનાપત્ર નંબર RSRS/12018/2008/ADMN/782 તા.૦૫-૦૬-૨૦૧૪ થી માંગણી કરતા રજા પગાર અને પેન્શન ફાળો તેઓની માતૃસંસ્થા રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થા ન્યુ દિલ્લીમાં જમા કરાવામાં આવેલ છે. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(3) ઉકત રજાપગાર/પેન્શન ફાળો કુલ રકમ રૂ.૫૭,૧૬૪/- સંસ્થાએ જમા કરાવેલ હોય જે અંગે સરકારશ્રીના પ્રતિનિયુકતિ અંગેના આધારો મેળવી ઓડીટને ખાત્રી કરાવવી.

ઉકત મુદા ૧ થી ૩ ની પુર્તતા થતા સુધી થયેલ ખર્ચ રૂ.૫૭,૧૬૪/- વાંધા હેઠળ રાખવામાં આવેલ છે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો આપેલ જવાબ નિયમો સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહી.

વાંધા હેઠળ રકમ રૂ.૫૭,૧૬૪/-

સદર – રજા પગાર/ પેન્શન ફાળો

ફકરા નંબર – ૨૬

## શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની સેવાપોથીમાં જણાયેલ અનિયમિતતા અંગે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળના સને.૨૦૧૫-૧૬ ના અન્વેષણમાં મહેકમ શાખા દ્વારા નિભાવવામાં આવતી શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની નમૂનારૂપ સેવાપોથીઓની ચકાસણી કરતા નીચે મુજબ અનિયમિતતાઓ જણાયેલ હતી.

(૧) છઠ્ઠા પગારપંચ અન્વયે આર.ઓ.પી- ૨૦૦૯ મુજબ પગારબાંધણી/પુનઃપગાર બાંધણી કર્યાની નોંધ સેવાપોથીમાંકરેલ છે. પરતું તે અંગેના ઓનલાઈન ફીક્ષેશન કર્યાના આધાર સેવાપોથી સાથે સામેલ રાખેલ ન હતાં

દા.ત ડો.દેવેન્દ્રનાથ વિશ્વનાથ પાંડેય (વૈદ)

(૨) કર્મચારીઓની પ્રાપ્ત રજા મંજુરીની નોંધ સેવાપોથીમાં કરેલ છે. પરતું રજાના હિસાબમાં રજા ઉધારેલ નથી.

દા.ત (૧) ડો. વિનોદકુમાર ઝા પ્રોફેસર (વ્યાકરણ)

(૨) જાદવ દશરથભાઈ ગગજીભાઈ, નાયબ કુલસચિવ

પ્રાપ્ત રજા તા.૦૪-૦૯-૨૦૧૭ થી તા.૦૮-૦૯-૨૦૧૭ દિન – ૫

પ્રાપ્ત રજા તા.૨૧-૧૧-૨૦૧૭ થી તા.૨૪-૧૧-૨૦૧૭ દિન – ૪

(૩) હરેશકુમાર એ ખેર (કોમ્પ્યુટર પ્રોગામર) ને તા.૦૩-૦૯-૨૦૧૬ થી ૪૦૦૦-૧૦૦-૬૦૦૦ના પગાર ધોરણમાં નિયમિત પગાર રૂા.૪૦૦૦/- નિયમ કરેલ છે. છઠ્ઠા પગારપંચ મુજબ પગાર નિયત કર્યાની નોંધ નથી.

(૪) સર્વિસ બુકના કોલમ નં – ૮ માં સંબધિત નોંધો કર્યા અંગેની જે તે કર્મચારીની સહી લેવાની રહે છે. કોલમ નં – ૮ માં કર્મચારીઓની સહી લેવામાં આવેલ નથી.

દા.ત હરેશકુમાર એ ખેર (કોમ્પ્યુટર પ્રોગામર)

(૫) નોકરીની ખરાઈ કર્યાની નોંધમાં સક્ષમ અધિકારીશ્રીની સહી થવામાં નથી.

દા.ત વિશાલ એ જોષી (જુ.કા)

તા.૦૧-૦૧-૨૦૧૬ થી તા.૩૧-૧૨-૨૦૧૬

તા.૦૧-૦૧-૨૦૧૭ થી તા.૩૧-૧૨-૨૦૧૭

ઉપરોકત વિગતે નમૂનારૂપ સેવાપોથીઓની ચકાસણી કરતા જણાયેલ અનિયમિતતાઓ દર્શાવેલ છે. સને.૨૦૧૪-૧૫ના અન્વેષણ અહેવાલના ફકરા નંબર ૨૬ થી પણ સેવાપોથીઓમાં જણાયેલ અનિયમિતતાઓ અંગે સંસ્થાનું ધ્યાન દોરેલ છે. છતાં ઓડીટના માસ ૦૧/૨૦૧૮ સુધી સેવાપોથીઓની નોંધો અધુરી વિગતે જણાયેલ છે. તમામ સેવાપોથીઓની ચકાસણી કરી ઓડીટ સુચન મુજબ અધ્યતન નોંધો કરી આગામી ઓડીટે ખાત્રી કરાવવા વિનંતી.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો જવાબ કરેલ નથી.

ફકરા નંબર – ૨૭

## યુનિવર્સીટી કર્મચારીઓના જામીનખત નહી લેવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણ દરમ્યાન જુદા જુદા ભવનો તથા શાખાઓનાં અન્વેષણ દરમ્યાન રોકડ નાણાકીય વ્યવહારની કામગીરી કરનાર કર્મચારીઓનાં જામીનખત તથા જામીનગીરી રજીસ્ટરની તપાસણી માટે રજુ કરવા જણાવતાં મહદઅંશે કોઈપણ ભવન કે શાખા તરફથી રોકડ કામગીરી કરનાર કર્મચારીઓનાં જામીનખત રજુ થયેલ ન હતા. જે અન્વયે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

ગુજરાત નાણાકીય નિયમ -૧૯૭૧ ના નિયમ – ૧૭૬ માં નાણાકીય જવાબદારી સંભાળતા તથા સ્ટોર અને મિલ્કતો સંભાળતા કર્મચારીના જામીનખત લેવા જોગવાઈ થયેલ છે. તે છતાં યુનિવર્સિટીના અન્વેષણ દરમ્યાન જામીનખત લીધેલ ન હોવાનું જણાયેલ છે. તે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે. અને જામીનખત મેળવી યોગ્ય રજીસ્ટરમાં નોંધ કરી ખાત્રી કરાવવી ઘટે. તદ ઉપરાંત કર્મચારીઓએ આપેલ જામીન હૈયાત તેમજ સધ્ધર છે કે કેમ? તેની દર વર્ષે રેવન્યુ ઓથોરીટીપાસે દાર અને હૈયાત હોવાની ખરાઈ પણ કરાવવી ઘટે.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નીયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહિ. ફકરાની વિગતે પૂર્તતા થવી ઘટે.

ફકરા નંબર – ૨૮

## યુનિવર્સિટીના અધિકારીશ્રીઓને એ.સી.ની સવલત પુરી પાડવા અંગે

માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત સરકારશ્રીના પરિપત્ર નં.બીપીડી-૧૦૮૭-૩૭-૪-૧-૪૩૩-એન તા.૨૦/૮/૧૯૮૮ અને ઠરાવ નં.ઇઆઇએન-૪૧૮૮-યુઓ-૮૪-૧૧૩૧-આઇ તા.૨૮/૪/૧૯૮૯ અન્વયે વર્ગ-૧ ના અધિકારીશ્રીઓને એ.સી.ની સુવિધા તેમના પગાર ધોરણ મુજબ ફાળવવાનું નિયત કરવામાં આવેલ છે. જે મુજબ ચોથા પગાર પંચ અન્વયે રૂા.૫૩૦૦-૧૫૦-૬૨૦૦ પાંચમાં પંચ મુજબ રૂા.૧૬૦૦૦-૪૫૦-૨૦૦૫૦ અને છઠ્ઠા પગાર પંચ મુજબ રૂા.૩૭૪૦૦-૬૭૦૦૦ ગ્રેડ પે રૂા.૧૦,૦૦૦/- નો પગાર ધોરણ ધરાવતા વર્ગ-૧ ના અધિકારીશ્રીઓને આ સુવિધા પુરી પાડવાની રહે છે.

સને ૨૦૧૫-૧૬ નું શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળનું અન્વેષણ કરવામાં આવતા સંસ્થાની ખરીદી-ખરીદીના ડેડસ્ટોક રજીસ્ટર અને વાઉચરોની ચકાસણી કરવામાં આવતા સને ૨૦૦૫-૦૬ થી સને ૨૦૧૫-૧૬ સુધી કુલ ૧૮ એ.સી. ની ખરીદી કરવામાં આવેલ છે અને વિવિધ અધિકારીશ્રીઓને ફાળવણી થયેલ છે. જે ફાળવણી ઉકત માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર/ઠરાવ મુજબ કરવામાં આવેલ હોય તેની ખરાઇ કરાવવી રહે. અન્યથા આ અંગે જરૂરી કાર્યવાહી કરીને અન્વેષણને ખાત્રી કરાવવી રહે.

આ ઉપરાંત સને સને ૨૦૧૫-૧૬માં જે નવા ૯ એ.સી. ની ખરીદી કરવામાં આવેલ તેની સામે જુના એ.સી. જે ઉપયોગમાં લઇ શકાય અને વાપરવા લાયક સ્થિતિમાં હોવા છતા તેનો ઉપયોગ કરવામાં આવેલ ન હોવા અંગે ખરાઇ થવી રહે. ઉપરાંત જે એ.સી. વપરાશ લાયક ન હોય તેના નિકાલ-હરાજી તથા નાશ કરવા માટે કઇ કાર્યવાહી કરીને નાશ કરવામાં આવેલ તેની પણ રેકર્ડ આધારીત ખરાઇ થવી રહે.

ઉપરાંત આ એ.સી.ના વિદ્યુત બીલોના ખર્ચ પણ સરકારશ્રીની ગ્રાન્ટમાંથી થતો હોય સરકાશ્રીના ઠરાવનું પાલન કરવું જરૂરી છે. જે ન કરવા અંગે અને વિદ્યુત ખર્ચનો વધારો કરવા અંગે સક્ષમ કક્ષાએથી કાર્યવાહી થઇ અન્વેષણને રેકર્ડ આધારીત ખરાઇ સહ સ્પષ્ટતા થવી રહે.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નિયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહી.

ફકરા નંબર - ૨૯

## વાહનની લોગબુકમાં જણાયેલ અનિયમિતતા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી, વેરાવળ ના સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણ દરમ્યાન ઇનોવા ગાડી નં **GJ-11-G-1454** નીલોગબુકની ચકાસણી કરતા નીચે દર્શાવેલ વિગતે ની અનિયમીતતાઓ જણાઈ આવેલ હતી.

(૧) પંચાયતઅને ગ્રામગૃહનિર્માણ વિભાગના ઠરાવનં. વહન-૧૦૮૭-૧૪૫૩/૯૨-જતા .૨૯/૨/૯૨ ના ફકરા-૫(૧૪) નીજોગવાઈ અનુસાર લોગબુક મા દર માસના અંતે ગાડીના વપરાયે કી.મી., વપરાયેલ ડીઝલ ની વિગતો સાથે તારીજ કાઢી ગાડીની સરેરાશ એવરેજ કાઢવાની રહે છે તેમજ એવરેજના પ્રમાણમા વધ/ઘટના કિસ્સાઓમા એવરેજ વધ/ઘટ થવા અંગેના કારણો નોંધી અધિકારીશ્રી નીસહી દ્વારા પ્રમાણીત કરવાની રહે છે. આવી જોગવાઈ હોવા છતાં માસના અંતે તારીજકે એવરેજ કાઢવામાં આવતી નથી જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) લોગબુકનીચકાસણી કરતા લોગબુકમા નિયત કોલમ-૧૨મા ઉપયોગ કરનારનુનામ, કોલમ-૧૩ મા ઉપયોગ કરનારની સહીત કોલમ-૧૪માં જરૂરી હોય ત્યા અધિકારીશ્રી ની સહી કરેલ નથી. લોગબુક અધુરી વિગતે નિભાવવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(3) લોગબુક સિક્કા એકુન કરેલ ન હતી

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નીયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહિ. ફકરાની વિગતે પૂર્તતા થવી ઘટે.

ફકરા નંબર – ૩૦

મિલકતોનાં વિમા વિમાનિયામકશ્રી પાસે ઉતારવા તથા મિલક્તોનાં ઘસારા ફંડની જોગવાઈ કરવા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૫-૧૬ નાં અન્વેષ્ણ દરમ્યાન સંસ્થાનાં ઉપજ ખર્ચનાં હિસાબો તથા અંદાજપત્રને રિવ્યુ કરતાં સંસ્થા દ્વારા પોતાનાં હસ્તકનાં કોઈપણ મિલ્કતનાં વિમા, વિમા નિયામકશ્રી,ગાંધીનગર પાસે ઉતરાવેલ નથી. તેમજ મિલકતોનાં ઘસારાફંડની પણ કોઈ જોગવાઈ કરેલ નથી. જે અંગેની નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સરકારશ્રીનાં નિયમોમાં કરેલ જોગવાઈઓ અનુસાર યુનિવર્સિટીની મિલ્કતો અને વાહનોની જોગવાઈ નિભાવણી અને મરામત માટે મુળ કિમતનાં ૧૦% પ્રમાણે ઘસારા ફંડની જોગવાઈ કરવા ઠરાવેલ છે. પરંતુ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા આવુ કોઈ ફંડ નિભાવેલ નથી. તેમજ ઓડિટ વર્ષમાં આવી કોઈ જોગવાઈ કરેલ નથી. જે અંગેસ્પષ્ટતા થવી ઘટે.

(૨) સરકારશ્રીનાં નાણા વિભાગનાં તા. ૨-૪-૧૯૭૫ નાં ઠરાવનં. એસ/એમા.બી/ ૧૦૯૪/ ૫૨૫/ ઝ તથાતા. ૩૦-૯-૯૪ નાં પરિપત્રનં. વતમ/૧૪૮૨/ ૧૯૫૪/ ઝ / ૧ થી અપાયેલ સૂચનાઓ મુજબ જે સંસ્થામાં સરકારશ્રીનું સવિશેષ હિત સમાયેલ હોય તેથી સંસ્થાની મિલકતોનાં વિમા, વિમા નિયામક પાસેથી ઉતરાવવા જોઈએ. આમ, છતાં આવા વિમા ઉતરાવવામાં આવેલ નથી. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

ઉકત મુદા નં ૧ તથા ૨ ની જરૂરી અમલવારી કરી પૂર્તતાની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નીયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહિ. ફકરાની વિગતે પૂર્તતા થવી ઘટે.

ફકરા નંબર – ૩૧

**યુજીસીની ગાઇડ લાઇન મુજબ મિલકત રજીસ્ટર નિભાવવા અને કાયમી મિલકતોની ભૌતિક ચકાસણી કરવા અંગે**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી વેરાવળને યુનિવર્સિટી ગ્રાન્ટ કમીશન (યુજીસી) દ્વારા જુદા-જુદા વિભાગના વિકાસ માટે જુદી-જુદી યોજના અન્વયે ગ્રાન્ટની ફાળવણી થાય છે. આ રકમમાંથી યુનિવર્સિટી દ્વારા વિવિધ મિલકતોની ખરીદી કરવામાં આવે છે. સંસ્થા દ્વારા મકાનો તૈયાર કરવા, લાઈબ્રેરી બનાવવી, એકેડેમિક સ્ટાફ કોલેજ, સેનેટ હોલ, સાધનોની ખરીદી, પુસ્તકોની ખરીદી તથા અત્યાધુનિક સાધનોની ખરીદી કરવામાં આવે છે. યુજીસી અને રાજય સરકારશ્રીની ગાઇડ લાઇન અન્વયે બનાવવામાં આવેલ જંગમ-સ્થાવર મિલકતો, સાધનો ડેડસ્ટોક-મિલકત રજીસ્ટરે ચડાવવા જરૂરી છે.

યુજીસી દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટ ઓર્ડરની શરત-૮ મુજબ તેની ગ્રાન્ટમાંથી અંશતઃ કે પુર્ણ રૂપે જે મિલકતો બનાવવામાં આવેલ હોય કે ખરીદવામાં આવેલ હોય તેને યુજીસીની પરવાનગી વિના નાશ કરી શકાશે નહિ. ઉપરાંત ફાળવેલ ગ્રાન્ટ યુજીસીની મંજુરી વિના અન્ય હેતુ માટે ઉપયોગ પણ કરી શકાશે નહિ. પરંતુ સંસ્થા દ્વારા યુજીસીની ગ્રાન્ટનો હેતુ ફેર કરવામાં આવે છે જે અંગે ખરાઇ કરાવવી રહે. તદ્ઉપરાંત શરત-૯ મુજબ યુજીસીની ગ્રાન્ટમાંથી અંશતઃ કે પુર્ણ રીતે બનાવેલ મિલકત રજીસ્ટર પર નોંધવાની ફરજીયાત રહેલ છે. જે અંગે સંસ્થા દ્વારા અથવા સરકારશ્રીના/ યુજીસી દ્વારા નિયત કરવામાં આવેલ નમુનામાં મિલકત રજીસ્ટર નિભાવવું જરૂરી છે. સંસ્થા દ્વારા તા.૩૧/૩/૧૬ સુધી યુજીસીની ગ્રાન્ટમાંથી તૈયાર કરેલ મિલકત કે ખરીદેલ સાધનો અંગેના મિલકત રજીસ્ટરની અન્વેષણને ખરાઇ કરાવવી રહે.

આ ઉપરાંત સંસ્થા દ્વારા જે મિલકત રજીસ્ટર અને ડેડસ્ટોક રજીસ્ટર નિભાવવામાં આવે છે તેને વાર્ષિક ભૌતિક ચકાસણી કરીને પ્રમાણપત્ર આપવું જરૂરી છે. ભારત સરકારશ્રીના સામાન્ય નાણાકીય નિયમો-૨૦૦૫ ના નિયમ-૧૯૨(૧) મુજબ કાયમી મિલકતોની ભૌતિક ચકાસણી વર્ષમાં એક વખત ફરજીયાત કરવાની રહે છે અને જે પણ હકીકતે મિલકત અસ્તિત્વમાં હોય તેને નોંધવી જરૂર છે. તેવી જ રીતે નિયમ-૧૯૨(૨) મુજબ વપરાશપાત્ર સાધનો અને સામગ્રીની પણ ભૌતિક ચકાસણી વાર્ષિક એકવાર કરવાની રહે છે. જેમાં પણ જે સ્થિતિ હોય તેની નોંધ કરવાની રહે છે. ગુજરાત નાણાકીય નિયમો-૧૯૭૧ મુજબ પણ કાયમી મિલકતો તથા સાધનોની ચકાસણી વાર્ષિક કરવી જરૂરી છે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી વેરાવળમાં યુનિવર્સિટી વિકાસ ફંડ, યુજીસીની ગ્રાન્ટ, રાજય સરકારશ્રીની ગ્રાન્ટ તથા દાતાઓના ફંડમાંથી જે કાયમી મિલકતો બનાવેલ હોય તથા ચડાવેલ હોય તેની ખરાઇ કરાવવી રહે. ઉપરાંત આ તમામની વાર્ષિક ચકાસણી કરવામાં આવતી હોય તેને જે તે વર્ષમાં ભૌતિક સ્થિતિની ખરાઇ કરાવવી રહે.

ફકરા નંબર – ૩૨

## ડેડ સ્ટોકની બિન વપરાશી/ બિન ઉપયોગી ચીજવસ્તુઓનો નિકાલ કરવા બાબત.

મુંબઇ આકસ્મિક ખર્ચ નિયમો-૧૯૫૯ ના નિયમ૯૭ મુજબ ફાજલ ચીજ વસ્તુઓ અથવા હવે જેની જરૂર પડવાની ન હોય તેવી ચીજ વસ્તુઓની નોંધ ડેડ સ્ટોક રજીસ્ટરના વિશેષ નોંધના ખાનામાં કરવાની રહે છે. જેથી જેને તેની જરૂર હોય તેવા ખાતામાં તેને બદલી શકાય અથવા તેની કિંમતમાં ઘટાડો થાય તે પહેલા તેને વેચી વ્યાજબી કિંમત મેળવી શકાય.તથા એક વર્ષથી વધુ સમય બીન વપરાશી રહેલ સામાન ને ફાજલ ગણવો તેમજ બીન વપરાશી સામાન વ્યાજબીહોય તે કરતા વધુ સમય અથવા વધુમાં વધુ સમય મર્યાદાથી વધુ સમય રાખવો નહિ અને તે સુનિશ્ચિત કરવા માટે જવાબદાર અધિકારીશ્રીએ સમયાંતરે નિરિક્ષણ કરી વધારના અને બીન ઉપયોગી માલસામાનનો અહેવાલ તૈયાર કરી તેના નિકાલ કરવા માટેના હુકમો કરવાની સતા ધરાવતા અધિકારી સમક્ષ રજુ કરી તેનો નિકાલ કરવનો રહે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળનાં સને ૨૦૧૫-૧૬ના અન્વેષણ દરમ્યાન ડેડસ્ટોક રજીસ્ટર તથા સંસ્થાએ રજુ કરેલી માહિતીની ચકાસણી કરતા નીચે મુજબના નમુનારૂપકિસ્સાઓમાં ચીજવસ્તુઓ બિન વપરાશી/ બિન ઉપયોગી જણાયેલ હતી.

| ક્રમ | બિન વપરાશી / બિન ઉપયોગી ચીજવસ્તુઓ | સંખ્યા |
|---|---|---|
| ૧ | સ્પ્લીટ એ.સી. | ૨ |
| ૨ | વિન્ડો એ.સી. | ૩ |
| ૩ | એર કુલર | ૧ |
| ૪ | એમ્પ્લી ફાયર | ૧ |
| ૫ | બાયોમેટ્રિક સિસ્ટમ | ૧ |
| ૬ | કોમ્પ્યુટર સ્પીકર | ૭ |
| ૭ | સાયકલ | ૧ |
| ૮ | EPBAX સિસ્ટમ | ૨ |
| ૯ | પંખા | ૨૨ |
| ૧૦ | ફેક્સ | ૧ |
| ૧૧ | હેન્ડી કેમ | ૧ |
| ૧૨ | હેન્ગીંગ સ્ક્રીન | ૧ |
| ૧૩ | હોમ થિયેટર | ૧ |
| ૧૪ | ઈન્વર્ટર | ૧ |

| | | |
|---|---|---|
| ૧૫ | મારુતી એસ્ટીમ કાર | ૧ |
| ૧૬ | મોબાઈલ | ૩ |
| ૧૭ | કોમ્પ્યુટર | ૪૨ |
| ૧૮ | પ્રિન્ટર | ૧૮ |
| ૧૯ | પ્રોજેક્ટર | ૨ |
| ૨૦ | ROસિસ્ટમ | ૧ |
| ૨૧ | સ્કેનર | ૧ |
| ૨૨ | સાઉન્ડ સિસ્ટમ | ૧ |
| ૨૩ | સ્પીકર | ૮ |
| ૨૪ | ચા મશીન | ૧ |
| ૨૫ | ટ્રાઈપોડ સ્ટેન્ડ | ૧ |
| ૨૬ | UPS | ૧૬ |
| ૨૭ | વોટરકુલર | ૩ |
| | કુલ સરવાળો | ૧૪૩ |

સદર બિન વપરાશી/ બિન ઉપયોગીચીજવસ્તુઓકે જે ઓડીટ તારીખ સુધી નિકાલ કરવામાં આવેલ નથી. સદર ચીજવસ્તુઓલાંબા સમય થી પડી રહેવાને કારણે કાટ લાગવાથી કે અન્ય કારણોસાર વધુ જીર્ણ હાલતમાં થવાની શકયતા જોતા સદર બિન વપરાશી/ બિન ઉપયોગીચીજવસ્તુઓકંડમ કર્યા અંગેના હુકમ મેળવી અપસેટપ્રાઈઝ નકકી કરાવી ધોરણસરની કાર્યવાહી કરી બિન વપરાશી/ બિન ઉપયોગીચીજવસ્તુઓમાલ સામાનનો નિકાલ કરી નિયમોનુસાર ઉપજમેળવીને ઓડીટને આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

ઉપરોક્ત કિસ્સાઓ નમુનારૂપ હોય આ બાબતે સંસ્થાએડેડસ્ટોક રજિસ્ટર મુજબની ઉપયોગી ચીજ વસ્તુઓની ભૌતિક ચકાસણી કરી ચીજવસ્તુઓ બરાબર હોવાનું પ્રમાણપત્ર તેમજ બિન વપરાશી/ બિન ઉપયોગી ચીજવસ્તુઓની માહીતી મોકલાવેલ હોય તો રજુ કરી ખાત્રી કરાવવી અન્યથા સદરહું બાબતે સક્ષમ અધિકારીશ્રીના કંડમના હુકમો મેળવી તેની અપસેટપ્રાઈઝ નકકી કરાવી જાહેર હરાજી થી નિકાલ કરી ઉપજ મેળવી સબંધિત સદરે જમાં કરાવી ઓડીટને જમાંના આધાર સહ ખાત્રી કરાવવી રહે.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવા નિયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહી.

ફકરા નંબર – ૩૩

## એન.એસ.એસ. ના હિસાબોમાં અનિયમિતતા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ ના સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબો અને પાસબુક ચકાસણી કરતાં તા.૩૧/૩/૧૬ અંતિમ વાર્ષિક હિસાબ નીચે પ્રમાણે નાણાંકિય વિગતો જોવા મળેલ હતી.

| | |
|---|---|
| ખુલતી સિલક | ૧,૬૯,૬૯૩/- |
| આવક (૨૦૧૫-૧૬) | ૬૩,૦૪૫/- |
| કુલ | ૨,૩૨,૭૩૮/- |
| જાવક (૨૦૧૫-૧૬) | ૧,૪૫,૩૭૦/- |
| બંધસિલક તા.૩૧/૩/૧૬ | ૮૭,૩૬૮/- |

ઉપરોક્ત હિસાબો શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં સમાવેશ કરવામાં આવેલ હતાં જ્યારે સને ૨૦૧૫-૧૬ હિસાબો રજુ થયેલ જે અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) એન.એસ.એસ. વિભાગ દ્વારા રોજબરોજ ના આવક – ખર્ચના હિસાબો તેમજ ખાસ પ્રવૃતિ માટે કોલેજ ને ફાળવવામાં આવતી ગ્રાન્ટના હિસાબો નિભાવવા રોજમેળ નિભાવવો જોઇએ જે નિભાવવામાં આવેલ નથી પરંતુ કોમ્પ્યુટરાઇઝડ કેશબુક નિભાવેલ તેમાં પણ કોઇ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરી સહી કરવામાં આવેલ નથી જેથી હિસાબના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી તેમજ હિસાબ માટે રોજમેળ જેવું પાયાનુ રેકર્ડ નહીં નિભાવવા અંગે સ્પષ્ટતા સહ પુર્તતા થવી ઘટે

(૨) એન.એસ.એસ. વિભાગ દ્વારા નિયમિત ખાસ શિક્ષણ પ્રવૃતિ માટે કોલેજોને સને ૨૦૧૫-૧૬ માં રૂ. ૧૨૧૩૬૦/- ની રકમ ફાળવવામાં આવેલ છે. તેના હિસાબો/યુ.ટી.સી. અન્વેષણને રજુ કરી ખરાઇ કરાવવાની રહે

સંસ્થાએ પ્રાથમિક વાંધાનાં મુદ્દા નંબર ૧ અન્વયે આપેલ જવાબ નીયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહિ. જયારે મુદ્દા નંબર ૨ અન્વયે સંસ્થાએ કૂલ રૂ. ૯૫૦૦૦/- નાં યુ.ટી.સી. રજુ કરેલ છે. બાકીની રકમ રૂ. ૨૬૩૬૦/- નાં યુ.ટી.સી. રજુ કરી ઓડીટને આધારિત ખાતરી કરાવતા સુધી તથા ઉક્ત મુદા નં ૧ થી ૨ ની વિગતે

એન.એસ.એસ. ના હિસાબો યોગ્ય રીતે નિભાવી રેકર્ડ અધતન કરી હિસાબો અન્વેષણને રજુ કરવા સુધી રકમ રૂ. ૨૬૩૬૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ.૨૬૩૬૦/-

સદર-એન.એસ.એસ.

ગ્રાન્ટ

ફકરા નંબર - ૩૪

## વર્ક રજીસ્ટર (કામોનું નોધ પત્રક ) નહિ નિભાવવા બાબત

ગુજરાત નાણાંકીય હિસાબ અને અંદાજપત્ર બાબતના નિયમો-૧૯૬૩ ના નિયમ-૨૪૮ ની જોગવાઈ મુજબ નિયત નમુના ક્રમાંક નં.૬૧ મા દરેક બાંધકામોની વિગતોની નોંધ માટે વર્ક રજીસ્ટર નિભાવવાનુ રહે છે. આ વર્ક રજીસ્ટરમાં નીચે મુજબની વિગતો નોંધવાની રહે છે.

(૧) વર્ક રજીસ્ટરમા યોજના વાઈઝ અલગ નિભાવવાનુ રહે છે તેમજ કામ વાઈઝ પાના ફાળવી નોંધ કરવાની રહે છે.

(૨) વર્ક રજીસ્ટરમા પ્રથમ અગાઉના વર્ષોનાઅધુરા રહેલા (સ્પીલ ઓવર) કામોની વિગતો નોંધવાની રહે છે.

(3) વર્ક રજીસ્ટરમાં કામનુ નામ, એજન્સી, ટેન્ડરની વિગત તાંત્રિક તથા વહીવટી મંજુરીની વિગત, કરાર, વર્ક ઓર્ડર, કામની મુદ્દત, ચુકવેલ બીલો (વાઉચર નંબર/તારીખ સહીત)નીવિગતો,કમ્પલીશન સર્ટીફીકેટવિગેરે તમામ વિગતો નોંધી તાંત્રિક સુપરવાઈઝર તથા સક્ષમ અધિકારીશ્રીની સહીથી પ્રમાણીત કરવાનુ રહે છે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૫-૧૬ ના ઓડિટ અન્વેષણ દરમ્યાન વર્ક રજીસ્ટર રજુ કરેલ નથી. વર્ક રજીસ્ટર સંપૂર્ણ વિગતે નિભાવી અદ્યતન તૈયારકરી આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાના જવાબમાં સૂચનાં મુજબનું રજીસ્ટર નિભાવવા કાર્યવાહી કરવાનું જણાવેલ છે. જે મુજબ કાર્યવાહી થવી ઘટે.

ફકરા નંબર - ૩૫

પદવીદાન સમારોહ અન્વયે મેડલ્સ ખરીદીમાં જણાયેલ  અનિયમિતતાઓ અંગે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણ દરમ્યાન વાઉચરો/ ફાઇલોની ચકાસણી કરતા સાતમાં પદવીદાન સમારોહ અન્વયે મેડલ્સ(ચંદ્રકો) આપવા માટે રૂા.૨,૫૭,૬૦૦/- નો ખર્ચ કરેલ જે અંગે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામા આવે છે.

| ક્રમ | વાઉચર/ બીલ નં | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૫૯૩ | ૧૭/૨/૨૦૧૬ | ૨,૫૭,૬૦૦/- | ઝેનીથ જવેલર્સ,રજકોટ<br>(૧) સુવર્ણ (ગોલ્ડ) નંગ.૧૮<br>(૨) રજત (સિલ્વર)નંગ.૧૬<br>(૩) કાંસ્ય (બ્રોન્ઝ) નંગ.૧૬ |
| | | કુલ | ૨,૫૭,૬૦૦/- | નંગ ૫૦ |

(૧) નાણાં વિભાગના અંગ્રેજી જાહેરનામા ક્રમાંક નં/જી.એન./૨૪/એસ.એસ.પી./ ૦૮૯/જી.ઓ.આઇ./૬૩ /ઝેડ(૬૮૯)2003 તા.૧૭/૧૧/2003 તથા ગુજરાત આકસ્મિક ખર્ચના નિયમો ૧૯૫૯ ના નિયમો-૧૭૧ પરિશિષ્ટ-૬ ના નિયમ-૨ મુજબ રૂા.૨૦,000/- થી વધારે રકમની ખરીદી કરતી વખતે જાહેર નિવિદા પ્રસિધ્ધી કરી સ્પર્ધાત્મક ભાવો મેળવી ખરીદી કરવી જોઇએ. અને  રૂા.૧ લાખ થી વધારે રકમની ખરીદી/ખર્ચ કરતી વખતે બહોળી પ્રસિધ્ધી  ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપી ટેન્ડર પ્રક્રીયા દ્વારા ભાવો મેળવી ખરીદી/ખર્ચ કરવો જોઇએ. પરંતુ સંસ્થાએ રૂબરૂ ત્રણ ભાવો મેળવી ખરીદીઓ કરતા ઉકત વિગતે સ્પર્ધાત્મક ભાવો મેળવ્યા વગર ખરીદી કરેલ છે. જેથી હરીફ દરનો લાભ ગુમાવેલ છે. જેથી નિયમોની જોગવાઇ વિરૂધ્ધ કાર્યવાહી કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) પરચેઇઝ મેન્યુઅલના ચેપ્ટર-૮ ના ફકરા નંબર  ૧૪ મુજબ જે એજન્સીના ભાવ મંજુર થાય તેની સાથે ઓર્ડેર આપતા પહેલા સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરવાનું હોય છે. જે સંસ્થાએ કરારખત કરવામાં આવ્યાના આધારો અન્વેષણમાં રજુ કરેલ નથી.

(૩) જે મેડલ ગોલ્ડ,ચાંદી,કોપર નો ઉપયોગ કરવાનો હોય જે મેડલ/માલનો ટેસ્ટીંગ રીપોર્ટ મેળવવામાં આવેલ નથી. જેથી માલની ગુણવતાની ચકાસણી થઇ શકેલ નથી. તો ટેસ્ટીંગ રીપોર્ટ મેળવી ખાતરી કરાવવી તથા પ્રથાની અમલવારી કરી પુર્તતા કરવી.

(૪) જે વિધાર્થીઓને ઉપરોક્ત મેડલ,જે હેતુ માટે આપવામાં આવેલ હોય, તેની વિગત દર્શાવતુ સ્ટોક રજિસ્ટર નિભાવેલ નથી જેથી ઉકત સ્ટોક રજિસ્ટર નિભાવી તેમાં જે મેડલોની ખરીદી કરેલ હોય તે જમાં લઇ, સામે જે તે વિધાર્થીને સુપ્રત કર્યાની નોંધ થવી જોઇએ. જે તે નાણાંકીય વર્ષ વાઇઝ નોંધ થવી ઘટે.

(૫) ઉકત ખરીદી / કામ અંગે સ્ટેમ્પ અધિનિયમ -૧૯૫૮ ના આર્ટીકલ – ૨૭ મુજબ કામની કિંમતના ૫% સિકયુરીટી ડિપોઝીટ લેવાની જોગવાઈ થયેલ હોવા છતાં મેળવેલ નથી. જે અંગે સ્પષ્ટતા કરવી ઘટે. તેમજ ખરીદી / કામની કિંમતના ૫% સિકયુરીતી ડિપોઝીટ રૂા. ૧૨૮૮૦/- લેવાની રહેશે તેમજ સિકયુરીટી ડિપોઝીટ ના ૩.૫૦% મુજબ સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરી કરારખત કરવા જોઈએ. જે સિકયુરીટી ડિપોઝીટ મેળવેલ નથી તેમજ કરારખત કરવામાં આવેલ નથી. સિકયુરીટી ડિપોઝીટના ૧૨૮૮૦/- ના ૩.૫૦% પ્રમાણે રૂા. ૪૫૧/- સ્ટેમ્પ ડ્યુટી વસુલાત કરી નાણાં સરકરશ્રીમાં જમા કરવવા ઘટે.

ઉક્ત મુદા નં.૧ થી ૫ ની પૂર્તતા થતા સુધી થયેલ ખર્ચ રૂા.૨,૫૭,૬૦૦.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે..

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નીયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહિ. ફકરાની વિગતે પૂર્તતા થવી ઘટે.

વાંધા હેઠળ રકમ રૂા.૨,૫૭,૬૦૦.૦૦

વસુલાત રકમ   રૂા.૪૫૧.૦૦

સદર :  મેડલ/કેશ પ્રાઇઝ ખર્ચ

ફકરા નંબર - ૩૬

## ફર્નીચર (બેન્ચ અને બેડ) ખરીદીમાં જણાયેલ અનિયમિતતા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૫-૧૬ નાં અન્વેષણદરમ્યાન ફર્નીચર (બેન્ચ અને બેડ) ખરીદી કરતાં જેના વાઉચરો તથા ખરીદીની ફાઇલોની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ નં | વા. નં./ તારીખ | પાર્ટીનુ નામ | ખરીદી | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૧૫૧૫-૧/૩/૧૬ | નવકાર એન્ટરપ્રાઈઝ | ફર્નીચર(બેન્ચ અને બેડ) | ૯૬૦૦૦૦ |
| | | ફૂલ | | ૯૬૦૦૦૦ |

(૧) આ કામ/ખરીદી અંગે સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ના આર્ટીકલ-૨૭ મુજબ કામની કિંમતના ૫ % લેખે ૪૮૦૦૦ સિક્યુરીટી ડીપોઝીટ લેવાની રહે છે. પરંતુ સસ્થાએ ૩૦૦૦૦/- લીધેલ છે તેમજ સિક્યુરીટી ડીપોઝીટના ૩.૫૦ % મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલ કરી કરારખત કરવું જોઈએ. જે સિક્યુરીટી ડીપોઝીટ ઓછી મેળવેલ છે તેમજ કરારખત કરવામાં આવેલ નથી. કરેલ ખર્ચ રૂ. ૯૬૦૦૦૦/- નાં ૫ % લેખે સિકયુરીટી ડીપોઝીટ રૂ. ૪૮૦૦૦/- નાં ૩.૫૦ % પ્રમાણે રૂ. ૧૬૮૦=૦૦ સ્ટેમ્પ ડયુટી વસુલ કરી, નાણા સરકારશ્રીમાં જમા કરાવી ખાતરી કરાવવી ઘટે.

(૨) સંસ્થાએ તા. ૨૧/૧૦/૨૦૧૫ ના રોજ રેફ. નં.-સ.સ.યુ/સ્ટોર્સ/ન.ની.શૈ.ભવન ફર્નીચર ખરીદી/૫૬/૨૪૦૯-૧/૨૦૧૫ મુજબ યુંનિવર્સીટીની અધિકૃત કમીટી દ્વારા સ્પેશીફિકેશન પ્રમાણે માલ મળ્યાનું રીપોર્ટ રજુ કરવા જણાવેલ હતો પરંતુ ખરીદીની ફાઈલે આવો કોઈ રીપોર્ટ રજુ થયેલ નથી.

ઉપરોક્ત વિગતે મુદા નં ૧ થી ૨ ની આધારસહ પૂર્તતા કરી ખાતરી કરાવતાં સુધી ખર્ચની રકમ રૂ.૯૬૦૦૦૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો જવાબ કરેલ નથી.

વાંધા હેઠળ રૂ.૯૬૦૦૦૦/-
વસુલાત રૂ. ૧૬૮૦/-
સદર. ૦૦૩૦(સ્ટેમ્પ ડ્યુટી)

ફકરા નંબર – ૩૭

## કમ્પ્યુટરની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૫-૧૬ નાં અન્વેષણદરમ્યાન કમ્પ્યુટરનીખરીદી કરતાં જેના વાઉચરો તથા ખરીદીની ફાઇલોની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ નં | બીલ નં./તારીખ | પાર્ટીનુ નામ | ખરીદી | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૧૫૦૨/૦૧-૦૩-૨૦૧૬ | ડેટાટેક કોમ્પ્યુટર, અમદાવાદ | કમ્પ્યુટરની ખરીદી | ૧૪,૬૧,૪૦૧/- |
| | | | કુલ | ૧૪,૬૧,૪૦૧/- |

(૧) આ કામ/ખરીદી અંગે સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ના આર્ટીકલ-૨૭ મુજબ કામની કિંમતના ૫ % સિક્યુરીટી ડીપોઝીટ લેવાની રહે છે. તેમજ સિક્યુરીટી ડીપોઝીટના ૩.૫૦ % મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલ કરી કરારખત કરવું જોઈએ. જે સિક્યુરીટી ડીપોઝીટ મેળવેલ નથી તેમજ કરારખત કરવામાં આવેલ નથી. કરેલ ખર્ચ રૂ. ૧૪,૬૧,૪૦૧/-નાં ૫ % લેખે સિકયુરીટી ડીપોઝીટ રૂ. ૭૩૦૭૦/- નાં ૩.૫૦ % પ્રમાણે રૂ. ૨૫૫૭=૦૦ સ્ટેમ્પ ડયુટી વસુલ કરી, નાણા સરકારશ્રીમાં જમા કરાવી ખાતરી કરાવવી ઘટે.

ઉપરોક્ત વિગતે મુદા નં ૧ ની આધારસહ પૂર્તતા કરી ખાતરી કરાવતાં સુધી ખર્ચની રકમ રૂ.૧૪,૬૧,૪૦૧/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ આપેલ પ્રાથમિક વાંધાનો જવાબ નિયમોને સુસંગત ન હોય ગ્રાહ્ય રાખી શકાય નહી.

વાંધાહેઠળ રૂ. ૧૪૬૧૪૦૧/-
વસુલાત રૂ. ૨૫૫૭/-
સદર: (૦૦૩૦)સ્ટેમ્પ ડ્યુટી

ફકરા નંબર :-૩૮

સી.સી.ટીવી કેમેરાની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૫-૧૬ નાં અન્વેષણદરમ્યાન સી.સી.ટીવી કેમેરાની ખરીદી કરતાં જેના વાઉચરો તથા ખરીદીની ફાઇલોની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ નં | વૌ. નં./ તારીખ | પાર્ટીનુ નામ | ખરીદી | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૨૩૪/ ૧૬-૫-૧૫ | આસ્થા કોમ્પ્યુટર, વેરાવળ | સી.સી.ટીવીકેમેરાનીખરીદી | ૫,૭૫૦ |
| ૨ | ૧૧૭૪/ ૦૫-૧-૧૬ | આસ્થા કોમ્પ્યુટર, વેરાવળ | સી.સી.ટીવીકેમેરાનીખરીદી | ૨,૨૪,૬૩૦ |
| | | | કુલ | ૨,૩૦,૩૮૦ |

(૧) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ સી.સી.ટીવીકેમેરાનીખરીદી અંગે તા.૨૯/૫/૧૪ ના રોજ જાહેરાત આપી કુલ- ૭ પાર્ટીના ભાવ આવેલ હતાં જે પૈકી આસ્થા કોમ્પુટર,વેરાવળ ક્રમ નં-૬ ને ખરીદી/કામ માટેના ભાવ મંજુર કરી તા.૧૨/૮/૧૪ થી વર્ક ઓર્ડર આસ્થા કોમ્પુટર & સેલ્સ સર્વિસને આપેલ હતો. જેના ભાવો તુલનાત્મક પત્રક મુજબ ચકાસણી કરતાં ક્રમ નં-૩ આર્ય કોમ્યુનિકેશન ગાંધીનગર, **ACTIVE** કંપનીના ભાવો સરેરાશ ઓછા આવેલ છે. જેમાં તુલના કરતાં **DVR Channel** -૨૯૦૦/-,૩૯૦૦/-, ૫૫૦૦/- અને ૨૦,૦૦૦/- જેની સામે આસ્થા કોમ્પ્યુટરના ૪૨૦૦/-, ૬૧૦૦/-, ૭૨૦૦/- અને ૨૩૫૦૦/- ના ભાવો આવેલ પરંતુ ઓછા ભાવ આવવા છતાં આસ્થા કોમ્પ્યુટરને કામ આપેલ જેની સ્પષ્ટતા થવી ઘટે.

તેમજ વર્ક ઓર્ડર આપતા પહેલા બન્ને પાર્ટીઓને રૂબરૂ બોલાવી નેગોશીએસન કરેલ હોત તો સંસ્થાને ઓછા ભાવે કામગીરી કરી શકાત. આથી સંસ્થાએ લાભની તક ગુમાવેલ છે.

(૨) આવક વેરા અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯૪ સી મુજબ માલસામાન પુરો પાડનાર એજન્સીના બીલેથી ૨ ટકા આવકવેરો ગણી તે મુજબ વસુલાત મેળવી સરકારશ્રીનાં ૦૦૨૧ આવક વેરા સદરે સંસ્થાએ જમા કરાવવાની રહે છે. આ બીલમાંથી આવકવેરાની ૧% લેખે રૂ.૨,૬૪૨/- કપાત કરવામાં આવેલ છે. જે ખરેખર ૨% મુજબ રૂ. ૫,૨૩૦/- કપાત કરવાની થાય છે. જે સંસ્થા દ્વારા કપાત કરવામાં આવેલ નથી. જેથી તે મુજબ

રૂ.૨,૫૮૮/- વસુલાત મેળવી સરકારશ્રીનાં ૦૦૨૧ આવક વેરા સદરે સંસ્થાએ જમા કરાવી ખરાઇ કરવવી રહે.

(3) આ કામ/ખરીદી અંગે સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ના આર્ટીકલ-૨૭ મુજબ કામની કિંમતના ૫ % સિક્યુરીટી ડીપોઝીટ લેવાની રહે છે. તેમજ સિક્યુરીટી ડીપોઝીટના ૩.૫૦ % મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલ કરી કરારખત કરવું જોઈએ. જે સિક્યુરીટી ડીપોઝીટ મેળવેલ નથી તેમજ કરારખત કરવામાં આવેલ નથી. કરેલ ખર્ચ રૂ. ૨,૬૪,૨૪૦/- નાં ૫ % લેખે સિકયુરીટી ડીપોઝીટ રૂ. ૧૩,૨૧૨/- નાં ૩.૫૦ % પ્રમાણે રૂ. ૪૬૨=૦૦ સ્ટેમ્પ ડયુટી વસુલ કરી, નાણા સરકારશ્રીમાં જમા કરાવી ખાતરી કરાવવી ઘટે.

(૪) સંસ્થાએ તા. ૧/૮/૨૦૧૪ ના રોજ રેફ. નં.-સી.સી.ટીવી./૫૮૭૧/૧૪ મુજબ સભ્યોશ્રીઓની કમિટીએ કેમેરા ખરીદ કરવા બાબત રીપોર્ટ રજુ કરવાનો જણાવેલ હતો. પરંતુ ખરીદીની ફાઇલે આવો કોઇ રીપોર્ટ રજુ થયેલ નથી.

સંસ્થાએ આપેલ પ્રા.વા.ના જવાબ મુજબ ઉપરોક્ત વિગતે મુદા નં ૧ થી ૩ ની આધારસહ પૂર્તતા કરી ખાતરી કરાવતાં સુધી ખર્ચની રકમ રૂ.૨,૬૧,૫૯૮/- વાંધા હેઠળ રાખવામાં આવે છે. મુદા નં.૪ની પુર્તતા સાથે રીપોર્ટ રજુ કરેલ છે. જેથી મુદા નં.૪ માન્ય રાખેવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ.૨૩૦૩૮૦/-
વસુલાત રૂ.૨૩૬૨/-
સદર.૦૦૨૧
વસુલાત રૂ. ૪૦૩/-
સદર. ૦૦૩૦(સ્ટેમ્પ ડ્યુટી)
વસુલાત રૂ.૧૦૦૦/-
સદર.યુનિવર્સિટી વિકાસ ફંડ

ફકરા નંબર -૩૯

## એરકંન્ડીશનરની ખરીદીમાં જણાયેલ અનિયમિતતાઓ અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૫-૧૬ ના અન્વેષણમાં વાઉચરોની ચકાસણી કરતાં ૯ નંગ એરકંન્ડીશનરની ખરીદી નો ખર્ચ નીચેની વિગતે કરેલ હતો.

| ક્રમ નં | બીલ નં/ તારીખ | વિગત | ખર્ચની વિગત |
|---|---|---|---|
| ૧ | ૭૫૩/30-૯-૨૦૧૫ | હીટાસી કંપનીનું એરકંન્ડીશનર નંગ-૯ | ૨,૯૧,૯૬૯/- |
| ૨ | ૧૦૬૩/૮-૧૨-૧૫ | એરકંન્ડીશનર નો ઇન્સ્ટોલેશન ચાર્જ | ૧૫,૩૯૦/- |
| ૩ | ૧૦૫૯/૭-૧૨-૧૫ | આઉટડોર યુનીટ ખરીદી | ૫,૯૬૩/- |
| | | કુલ | ૩,૧૩,૩૨૨/- |

ઉપરોક્ત વિગતે કરેલ ખર્ચ અંગેના વાઉચરો તથા રજુ કરેલ સાધનિક ફાઇલની ચકાસણી કરતાં નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉકત વિગતેનાં એરકંન્ડીશનર ખરીદવા માટે સંસ્થાએ ૪ અધિકારીશ્રીની સમિતિ નિમેલ હતી. તેઓના અભિપ્રાય મુજબ સંસ્થાએ વર્ક ઓર્ડર આપી ખરીદી કરેલ હતી. ઉપરોક્ત ખરીદી કરવા માટે આવી સમિતિની નિમણુંક કરવા અંગેના સરકારશ્રીના આધાર હોય તો તે ઓડીટમાં રજુ થવા ઘટે

(૨) એ.સી.ની ખરીદી હીટાચી હોમ & લાઇફ સોલ્યુશન લિમિટેડ, અમદાવાદ થી કરીને તેનું ઇન્સ્ટોલેશન મયુર સેલ્સ & સર્વિસ,જુનાગઢ પાસે એટલે કે બહારગામની પાર્ટીપાસે કરાવી રૂ.૧૫,૩૯૦/- નો વધારાનો ખર્ચ કરેલ હતો.

ઉપરોક્ત વિગતે મુદા નં ૧ થી ૨ ની આધારસહ પૂર્તતા કરી ખાતરી કરાવતાં સુધી ખર્ચની રકમ રૂ. ૩,૧૩,૩૨૨/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

વાંધા હેઠળ રૂ. ૩,૧૩,૩૨૨/-

સદર: સરકારી ફંડ

ફકરા નંબર ૪૦

હયાત કોલેજનાં ચાર રૂમોને મહિલા હોસ્ટેલ બનાવવા બાબત ભાગ – ૧

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | દેવાંગી કન્ટ્રકશન |
| ૨ | તાંત્રિક મંજુરી તારીખ રૂા. | ઉપલબ્ધ નથી |
| ૩ | વહિવટી મંજુરી તારીખ રૂા. | ઉપલબ્ધ નથી |
| ૪ | અંદાજીત રકમ | ૪,૯૦,૦૯૬/- |
| ૫ | ઉંચા .નીચા ભાવોની વિગતો/ | ૩.૬૯% નીચા |
| ૬ | ડીપોઝીટની વિગતો | ૨૫,૦૦૦/- |
| ૭ | વર્ક ઓર્ડર તારીખ | તા.૧૫/૭/૨૦૧૫ |
| ૮ | કામ શરૂ કરવાની તારીખ મુદત / | ૧ માસ (૩૦ દિવસ) |
| ૯ | કામ પુરૂ કરવાની તારીખ | ૧૫/૮/૨૦૧૫ |
| ૧૦ | ખરેખર કામ પૂર્ણ થયા તારીખ | ૨૪/૯/૨૦૧૫ |
| ૧૧ | માપ લીધા તારીખ.માપપોથી નં/ | રજુ કરેલ નથી |
| ૧૨ | આખરી બીલ વૌ ,.નં.તારીખ …રકમ રૂ , કામનો કુલ ખર્ચ | ૮૬૯/૨૦-૧૦-૧૫ રૂા. ૪,૩૫,૯૧૨/- |
| ૧૩ | સ્ટારરેઇટની વિગતો | ------ |
| ૧૪ | કામનું સદર | **Extension of building** |

ઉપરોકત પુરા થયેલ કામની ફાઇલતથા સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) હયાત કોલેજનાં ચાર રૂમોને મહિલા હોસ્ટેલ બનાવવા બાબત ભાગ – ૧ માટે ૪ પાર્ટીઓએ ટેન્ડર ભર્યું હતું જે પૈકી એલ -૧ પાર્ટી ભૂપતભાઈ લક્ષ્મનભાઈ ઝાલા હતા. પરતું વર્ક ઓર્ડર એલ-૨ દેવાંગી કન્ટ્રકશનને શા માટે આપવામાં આવ્યો તે અંગે ઓડીટ ને ખાતરી કરાવવી

(૨) ઉકત બાંધકામ અંગે તૈયાર કરેલ અંદાજોની વહિવટી અને તાંત્રિક મંજુરી કયારે મેળવવામાં આવી તેની વિગતોની મંજુરી સહ ઉપલબ્ધ કરીને ખરાઇ કરાવવી ઘટે

(૩) ઇજારદારે વાપરેલ ગૌણ ખનીજોની રોયલ્ટીની રકમ નર્મદા,જળસંપતિ,પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ નાઠરાવનં. જીઇએન/૨૦૧૦/૫૯૫(૬)/એમ.આઇ.સેલ(ક-૧) તા.૨૯-૪-૨૦૧૧ થી નિયત થયેલા દરે કામના ચુકવેલ બીલો માંથી કપાત કરી મુખ્ય સદર ૦૮૫૩ નોનફેર સમાઇનીંગ એન્ડ મેટલર્જીકલ ઇન્ડસ્ટ્રીઝના સદરે જમા કરાવવાની રહે છે. આ કામના બીલો માંથી કપાત કરેલ ગૌણ ખનીજો નીરોયલ્ટી નીરકમો

સરકારશ્રી માં જમા કરાવ્યા ના કોઇ આધારો વર્કફાઇલે સામેલ ન હતા જે રજુ કરી આધાર સહ ખાત્રી કરાવવી ઘટે.

(૪) માર્ગ અને મકાન વિભાગનાં તા.૩૧/૧૨/૨૦૦૯ નાં પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૭ /૨૮/સ તથા ટેન્ડરકલોઝ– ૭૭ મુજબ સદરહુ કામમાં વપરાતા માલસામાન નીગુણવતા ના ઓછા માં ઓછા ૧૦% પરિક્ષણો ગેરી પાસે કરાવવા ફરજીયાત છે. ગેરી નારીઝલ્ટ મેળવ્યાના આધારો રજુ કર્યા સિવાય કપાત કરેલ ડીપોઝીટ સરભર કરી ચુકવણું કરવામાં આવેલ છે. પરંતુ આજ દીન સુધી ગેરીના રીઝલ્ટ મેળવ્યાં ના આધારો રજુ થયેલ નથી. તથા ગેરીના રીઝલ્ટન મળવાને કારણે કામ યોગ્ય ગુણવત્તા વાળુ થયાની ખાત્રી થયેલ નથી.

(૫) આ કામ પુર્ણ થયા અંગેનું કમ્પ્લીશન સર્ટીફીકેટ ફાઇલે સામેલ ન હતું જે અંગે સ્પષ્ટતા થવી ઘટે

(૬) ટેન્ડર કલોઝ-૬ ની જોગવાઇ મુજબ ઠેકેદાર ને આપવામાં આવેલ કામ નિયત કરવામાં આવેલ સમયમર્યાદા માં કામપૂર્ણ કરવાના રહેછે. પરંતુ અનિવાર્ય પરિબળો ને કારણે સમયમર્યાદા માં કામપૂર્ણ ન થઇ શકવા ના સંજોગોમા કામ પૂર્ણ થવાની તારીખ થી ૩૦ દિવસ અગાઉઅથવાકામનાવિલંબનાકારણોઉપસ્થિત થતાં તુરતજ બંન્ને માંથી જે વહેલું હોય તે સમયમર્યાદા માં સક્ષમ સત્તાધિકારી પાસે વ્યાજબી કારણો સાથે જે તે કામે મુદત વધારો મળવા ઇજારદારશ્રીએ માંગણી રજુ કરી દેવાની રહે છે. તેમાં શરત ચુક થયે ટેન્ડર કલોઝ -૨ મુજબ કામના ટેન્ડર ની રકમના ૦.૧% લેખે પ્રતિદિન મુજબ થતી રકમ અથવા અંદાજનાવધુમાંવધુ૧૦% સુધી રકમ વસુલ લેવાની જોગવાઇ છે. પરંતુ આ કામનો વર્કઓર્ડર તા.૧૫/૭/૨૦૧૫ નાં રોજ આપી મુદ્દત-૧ માસની તા.૧૫/૮/૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું હતું. આમ છતાં કામ કરવાની મુદત પૂર્ણ થયા બાદ એજન્સી દ્વારા તા.૨૪/૯/૧૫ ના રોજ કામ પુર્ણ કરેલ છે. જેથી કામ ૪૦ દિવસ મોડુ પુર્ણ થયેલ છે તેમજ એજન્સી દ્વારા મુદત વધારો માગેલ નથી જેથી રૂા.૧૯,૬૦૩/- વિલંબ વળતર ની રકમ વસુલાત કરવાની થાય પરતું સસ્થાએ માત્ર ૪૦૦૦/- વિલંબ વળતર વસુલ કરેલ છે જેથી રૂ ૧૫,૬૦૩/- વસુલ કરી આધાર સહ ઓડીટને આધારિત ખાતરી કરાવવી.

(૭) ઉપરોક્ત કામ અંગે માપપોથી નિભાવેલ નથી જેથી કયારે કેટલુ કામ થયુ છે? અને કેટલુ કામ અંગે ચુકવણુ થયુ છે? તે ચકાસણી થયેલ નથી જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૮) આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૯૪ મુજબ માલસામાન પુરો પાડનાર એજન્સીના બિલેથી ૨ ટકા મુજબ આવકવેરો ગણી તે મુજબ વસુલ કરવાના રહે. ઉપરોક્ત કામ રૂા.૪,૪૮,૮૫૦/- નું હોઇ આવકવેરો રૂા.૮,૯૭૭/- કપાત કરવાને બદલે

રૂા.૪,૪૮૮/- કપાત કરેલ હતી. જેથી બાકી રહેલ આવકવેરો રૂા.૪,૪૮૯/- ની સત્વરે વસુલાત મેળવી જમાંના આધાર સહ સંસ્થાએ ખરાઇ કરાવવી ઘટે.

(૯) માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.ટીએનસી-૧૦૮૮-આઇબી-૧૮-સ તા.૬/૪/૧૯૯૮ અને વખતોવખતના ઠરાવોની જોગવાઇ મુજબ આ કામમાં વપરાશ થયેલ માલ-સામાન ની ખરીદીના અસલ બીલો એજન્સીએ રજુ કરવાના રહે છે. જે મેળવ્યા વગર આખરી બીલનું ચુકવણું થવા અંગે જવાબદારે થી ખરાઇ કરાવવી રહે.

ઉકત વિગતે મુદા નં ૧ થી ૯ ની પુર્તતા સહ સ્પષ્ટતા થતાં સુધી ખર્ચની રકમ રૂા.૪,૩૫,૯૧૨/- ઓડીટમાં વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.જવાબ કરેલ નથી.

વાંધાહેઠળ રૂ. ૪૩૫૯૧૨/-
સદર: Extention of building
વસુલાત રૂ. ૧૫૬૦૩/-
સદર: વિલંબવળતર
વસુલાત રૂ. ૪૪૮૯/-
સદર: આવકવેરો

ફકરા નંબર ૪૧

હયાત કોલેજનાં ચાર રૂમોને મહિલા હોસ્ટેલ બનાવવા બાબત ભાગ – ૨

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | દેવાંગી કન્ટ્રકશન |
| ૨ | તાંત્રિક મંજુરી તારીખ રૂા. | ઉપલબ્ધ નથી |
| ૩ | વહિવટી મંજુરી તારીખ રૂા. | ઉપલબ્ધ નથી |
| ૪ | અંદાજીત રકમ | ૪,૯૨,૪૩૦/- |
| ૫ | ઉંચા .નીચા ભાવોની વિગતો/ | ૮.૬૯% નીચા (૪,૪૯,૬૩૭) |
| ૬ | ડીપોઝીટની વિગતો | ૨૫,૦૦૦/- |
| ૭ | વર્ક ઓર્ડર તારીખ | તા.૯/૧૧/૨૦૧૫ |
| ૮ | કામ શરૂ કરવાની તારીખ મુદત / | ૫૦ દિવસ |
| ૯ | કામ પુરૂ કરવાની તારીખ | ૨૮/૧૨/૨૦૧૫ |
| ૧૦ | ખરેખર કામ પૂર્ણ થયા તારીખ | ૨/૨/૨૦૧૬ |
| ૧૧ | માપ લીધા તારીખ.માપપોથી નં/ | રજુ કરેલ નથી |
| ૧૨ | આખરી બીલ વૌ ,.નં.તારીખ ...રકમ રૂ , કામનો કુલ ખર્ચ | ૧૫૧૪/૧-૩-૧૬<br>રૂા. ૪,૪૦,૭૫૨/- |
| ૧૩ | સ્ટારરેઇટની વિગતો | ------ |
| ૧૪ | કામનું સદર | **Extension of building** |

ઉપરોકત પુરા થયેલ કામની ફાઇલતથા સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) હયાત કોલેજનાં ચાર રૂમોને મહિલા હોસ્ટેલ બનાવવા બાબત ભાગ – ૨ માટે ૪ પાર્ટીઓએ ટેન્ડર ભર્યું હતું જે પૈકી કોઈ પણ પાર્ટી પાસેથી ઈ.એમ.ડી. રકમ લીધેલ ન હતી આ ટેન્ડર ૧૩.૬૯% નીચા ભાવે રકમ રૂ ૪,૨૫,૦૧૬/- કલ્પવૃક્ષ કન્ટ્રકશનને વર્ક ઓર્ડર આપેલ પરતું તેઓએ આ કામ કરવાની નાં પડેલ જેથી એલ-૨ તરીકે દેવાંગી કન્ટ્રકશનને ૮.૬૯% નીચા ભાવે આ વર્ક ઓર્ડર આપેલ છે સસ્થાએ એલ-૧ તરીકે કામ કરવાની નાં પાડનાર પાસેથી ઈ.એમ.ડી. જપ્ત કરવાની થાય પરતું સંસ્થાએ આ કામ માટે ઈ.એમ.ડી. લીધેલ નાં હોય જપ્ત કરેલ નથી સંસ્થાએ આવકની તક ગુમાવેલ છે

(૨) ઉકત બાંધકામ અંગે તૈયાર કરેલ અંદાજોની વહિવટી અને તાંત્રિક મંજુરી કયારે મેળવવામાં આવી તેની વિગતોની મંજુરી સહ ઉપલબ્ધ કરીને ખરાઇ કરાવવી ઘટે.

(૩) માર્ગ અને મકાન વિભાગનાં તા.૩૧/૧૨/૨૦૦૯ નાં પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૭ /૨૮/સ તથા ટેન્ડરકલોઝ– ૭૭ મુજબ સદરહુ કામમાં વપરાતા માલસામાન નીગુણવતા ના ઓછા માં ઓછા ૧૦% પરિક્ષણો ગેરી પાસે કરાવવા ફરજીયાત છે. ગેરી નારીઝલ્ટ મેળવ્યાના આધારો રજુ કર્યા સિવાય કપાત કરેલ ડીપોઝીટ સરભર કરી ચુકવણું કરવામાં આવેલ છે. પરંતુ આજ દીન સુધી ગેરીના રીઝલ્ટ મેળવ્યાં ના આધારો રજુ થયેલ નથી. તથા ગેરીના રીઝલ્ટન મળવાને કારણે કામ યોગ્ય ગુણવત્તા વાળુ થયાની ખાત્રી થયેલ નથી.

(૪) આ કામ પુર્ણ થયા અંગેનું કમ્પ્લીશન સર્ટીફીકેટ ફાઇલે સામેલ ન હતું જે અંગે સ્પષ્ટતા થવી ઘટે

(૫) ટેન્ડર કલોઝ-૬ ની જોગવાઇ મુજબ ઠેકેદાર ને આપવામાં આવેલ કામ નિયત કરવામાં આવેલ સમયમર્યાદા માં કામપૂર્ણ કરવાના રહેછે. પરંતુ અનિવાર્ય પરિબળો ને કારણે સમયમર્યાદા માં કામપૂર્ણ ન થઇ શકવા ના સંજોગોમા કામ પૂર્ણ થવાની તારીખ થી ૩૦ દિવસ અગાઉઅથવાકામનાવિલંબનાકારણોઉપસ્થિત થતાં તુરતજ બંન્ને માંથી જે વહેલું હોય તે સમયમર્યાદા માં સક્ષમ સત્તાધિકારી પાસે વ્યાજબી કારણો સાથે જે તે કામે મુદત વધારો મળવા ઇજારદારશ્રીએ માંગણી રજુ કરી દેવાની રહે છે. તેમાં શરત ચુક થયે ટેન્ડર કલોઝ -૨ મુજબ કામના ટેન્ડર ની રકમના ૦.૧% લેખે પ્રતિદિન મુજબ થતી રકમ અથવા અંદાજનાવધુમાંવધુ૧૦% સુધી રકમ વસુલ લેવાની જોગવાઇ છે. પરંતુ આ કામનો વર્કઓર્ડર તા.૧૫/૭/૨૦૧૫ નાં રોજ આપી મુદ્દત-૧ માસની તા.૧૫/૮/૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું હતું. આમ છતાં કામ કરવાની મુદત પૂર્ણ થયા બાદ એજન્સી દ્વારા તા.૨૪/૯/૧૫ ના રોજ કામ પુર્ણ કરેલ છે. જેથી કામ ૪૦ દિવસ મોડુ પુર્ણ થયેલ છે તેમજ એજન્સી દ્વારા મુદત વધારો માગેલ નથી જેથી રૂા.૧૯,૬૦૩/- વિલંબ વળતર ની રકમ વસુલાત કરવાની થાય પરતું સસ્થાએ માત્ર ૪૦૦૦/- વિલંબ વળતર વસુલ કરેલ છે જેથી રૂ.૧૭૭૨૭/-  વસુલ કરી આધાર સહ ઓડીટને આધારિત ખાતરી કરાવવી.

(૬) ઉપરોક્ત કામ અંગે માપપોથી નિભાવેલ નથી જેથી કયારે કેટલુ કામ થયુ છે? અને કેટલુ કામ અંગે ચુકવણુ થયુ છે? તે ચકાસણી થયેલ નથી જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૭) આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૯૪ મુજબ માલસામાન પુરો પાડનાર એજન્સીના બિલેથી ૨ ટકા મુજબ આવકવેરો ગણી તે મુજબ વસુલ કરવાના રહે. ઉપરોક્ત કામ રૂા.૪,૪૯,૬૩૭/- નું હોઇ આવકવેરો રૂા.૮,૯૯૩/- કપાત કરવાને બદલે રૂા.૪,૪૯૭/- કપાત કરેલ હતી. જેથી બાકી રહેલ આવકવેરો રૂા.૪,૪૯૬/- ની સત્વરે વસુલાત મેળવી જમાંના આધાર સહ સંસ્થાએ ખરાઇ કરાવવી ઘટે.

(૮) માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.ટીએનસી-૧૦૮૮-આઇબી-૧૮-સ તા.૬/૪/૧૯૯૮ અને વખતોવખતના ઠરાવોની જોગવાઇ મુજબ આ કામમાં વપરાશ થયેલ માલ-સામાન ની ખરીદીના અસલ બીલો એજન્સીએ રજુ કરવાના રહે છે. જે મેળવ્યા વગર આખરી બીલનું ચુકવણું થવા અંગે જવાબદારે થી ખરાઇ કરાવવી રહે.

(૯) મુંબઇ સ્ટેમ્પ એકટ -૧૯૫૮ અનુસુચી-૧ આર્ટીકલ-૩૬(ક) તથા સુપ્રિ. ઓફ સ્ટેમ્પ ગાંધીનગર નાપરિપત્રનં.સ્ટેમ્પ–અશન-૧૪-૨૦૦૭-૯૩૯ તા.૫/૨/૦૭ મુજબ સિકયોરીટી ડીપોઝીટ રૂા.૨૪,૬૨૨/-ના ૩.૫% લેખે રૂા.૮૬૨/- ના સ્ટેમ્પપેપર્સ પર કરાર કરવાના રહે. પરંતુ આ અંગે ૫૦ રૂપિયાના સ્ટેમ્પ પર કરાર કરવા માં આવેલ છે હોય જે બાબતે સ્ટેમ્પડયુટી ની વસુલાત રૂા.૮૧૨/- કરવીરહે

ઉકત વિગતે મુદા નં ૧ થી ૯ ની પુર્તતા સહ સ્પષ્ટતા થતાં સુધી ખર્ચની રકમ રૂા.૪,૪૦,૭૫૨/- ઓડીટમાં વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.જવાબ કરેલ નથી.

વાંધાહેઠળ રૂ. ૪૪૦૭૫૨/-
સદર: Extention of building
વસુલાત રૂ. ૧૭૭૨૭/-
સદર: વિલંબવળતર
વસુલાત રૂ. ૪૪૯૬/-
સદર: આવકવેરો
વસુલાત રૂ. ૮૧૨/-
સદર: સ્ટેમ્પ ડ્યુટી

ફકરા નંબર – ૪૨

## ચાઇના મોજેક (ટાઇલ્સ)ની કામગીરીમાં જણાયેલ અનિયમિતતા બાબત

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | દિવ્યશક્તિ એન્ટરપ્રાઇઝ,સુત્રપાડા |
| ૨ | તાંત્રિક મંજુરી તારીખ રૂા. | ઉપલબ્ધ નથી |
| ૩ | વહિવટી મંજુરી તારીખ રૂા. | ઉપલબ્ધ નથી |
| ૪ | અંદાજીત રકમ | ૧,૦૦,૦૦૦/- |
| ૫ | ઉંચા .નીચા ભાવોની વિગતો/ | ભાવોભાવ |
| ૬ | ડીપોઝીટની વિગતો | સિક્યુરીટી ડીપોઝીટ લીધેલ નથી. |
| ૭ | વર્ક ઓર્ડર તારીખ | ૦૧/૦૪/૨૦૧૫ |
| ૮ | કામ શરૂ કરવાની તારીખ મુદ્દત / | ૨૦ દિવસ |
| ૯ | કામ પુરૂ કરવાની તારીખ | ૨૦/૦૪/૨૦૧૫ |
| ૧૦ | ખરેખર કામ પૂર્ણ થયા તારીખ | ૧૯/૦૪/૨૦૧૫ |
| ૧૧ | માપ લીધા તારીખ .માપપોથી નં/ | રજુ કરેલ નથી |
| ૧૨ | આખરી બીલ વાઉચર નં, તારીખ<br>કુલ ખર્ચ રૂા. | ૨૩૬ તા.૧૮/૦૫/૧૫<br>રૂા.૯૨૨૯૫/- |
| ૧૩ | કામનું સદર | **Building maintains** |

ઉપરોકત પુરા થયેલ કામની ફાઇલતથા સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉકત બાંધકામ અંગે તૈયાર કરેલ અંદાજોની વહિવટી અને તાંત્રિક મંજુરી કયારે મેળવવામાં આવી તેની વિગતોની મંજુરી સહ ઉપલબ્ધ કરીને ખરાઇ કરાવવી ઘટે.

(૨) માર્ગ અને મકાન વિભાગનાં તા.૩૧/૧૨/૨૦૦૯ નાં પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૭ /૨૮/સ તથા ટેન્ડરકલોઝ– ૭૭ મુજબ સદરહુ કામમાં વપરાતા માલસામાન નીગુણવતા ના ઓછા માં ઓછા ૧૦% પરિક્ષણો ગેરી પાસે કરાવવા ફરજીયાત છે. ગેરી નારીઝલ્ટ મેળવ્યાના આધારો રજુ કર્યા સિવાય કપાત કરેલ ડીપોઝીટ સરભર કરી ચુકવણું કરવામાં આવેલ છે. પરંતુ આજ દીન સુધી ગેરીના રીઝલ્ટ મેળવ્યાં ના આધારો રજુ થયેલ નથી. તથા ગેરીના રીઝલ્ટન મળવાને કારણે કામ યોગ્ય ગુણવત્તા વાળુ થયાની ખાત્રી થયેલ નથી.

(૩) આ કામ પુર્ણ થયા અંગેનું કમ્પ્લીશન સર્ટીફીકેટ ફાઇલે સામેલ ન હતું જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૪) ઉપરોક્ત કામ અંગે માપપોથી નિભાવેલ નથી જેથી કયારે કેટલુ કામ થયુ છે? અને કેટલુ કામ અંગે ચુકવણુ થયુ છે? તે ચકાસણી થયેલ નથી જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૫) માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.ટીએનસી-૧૦૮૮-આઇબી-૧૮-સ તા.૬/૪/૧૯૯૮ અને વખતોવખતના ઠરાવોની જોગવાઇ મુજબ આ કામમાં વપરાશ થયેલ માલ-સામાન ની ખરીદીના અસલ બીલો એજન્સીએ રજુ કરવાના રહે છે. જે મેળવ્યા વગર આખરી બીલનું ચુકવણું થવા અંગે જવાબદારે થી ખરાઇ કરાવવી રહે.

(૬) માર્ગ અને મકાન વિભાગના તા.૧૫/૧૦/૯૧ તથા તા.૩૧/૩/૯૯ ના પરિપત્ર મુજબ અંદાજીત કામના ૫ % સિકયોરીટી ડીપોઝીટ રૂા.૫૦૦૦/- લેવાની રહે જે ન લેવા અંગે સ્પષ્ટતા થવી ઘટે અને મુંબઇ સ્ટેમ્પ એકટ-૧૯૫૮ અનુસુચી-૧ આર્ટીકલ-૩૬(ક) તથા સુપ્રિ. ઓફ સ્ટેમ્પ ગાંધીનગર ના પરિપત્રનં. સ્ટેમ્પ–અશન-૧૪-૨૦૦૭-૯૩૯ તા.૫/૨/૦૭ મુજબ સિકયોરીટી ડીપોઝીટના૩.૫ % લેખે રૂા.૧૭૫/- ના સ્ટેમ્પ પેપર્સ પર કરાર કરવાના રહે. પરંતુ આ અંગે કોઇ કરાર કરવામાં આવેલ ન હોય જે બાબતે ખરાઇ કરવી રહે અને સ્ટેમ્પડયુટી નીવસુલાત કરવી રહે.

ઉકત વિગતે મુદા નં ૧ થી ૬ ની પુર્તતા સહ સ્પષ્ટતા થતાં સુધી ખર્ચની રકમ રૂા.૯૨૨૯૫/- ઓડીટમાં વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.જવાબ કરેલ નથી.

વાંધાહેઠળ રૂા. ૯૨૨૯૫ /-
સદર. **Building maintains**
વસુલાત રૂા.૧૭૫/-
સદર. સ્ટેમ્પ ડ્યુટી

ફકરા નંબર - ૪૩

## કલરની કામગીરીમાં જણાયેલ અનિયમિતતા બાબત

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | સતીષભાઈ સામતભાઈ મકવાણા |
| ૨ | તાંત્રિક મંજુરી તારીખ રૂા. | ઉપલબ્ધ નથી |
| ૩ | વહિવટી મંજુરી તારીખ રૂા. | ઉપલબ્ધ નથી |
| ૪ | અંદાજીત રકમ | ૪00000 |
| ૫ | ઉંચા .નીચા ભાવોની વિગતો/ | ભાવે ભાવ |
| ૬ | ડીપોઝીટની વિગતો | - |
| ૭ | વર્ક ઓર્ડર તારીખ | તા.૧૦/૧૨/૨૦૧૪ |
| ૮ | કામ શરૂ કરવાની તારીખ મુદત / | મુદત સમય નિર્ધારિત કરેલ નથી |
| ૯ | કામ પુરૂ કરવાની તારીખ | - |
| ૧૦ | ખરેખર કામ પૂર્ણ થયા તારીખ | કમ્પ્લીશન સામેલ નથી |
| ૧૧ | માપ લીધા તારીખ.માપપોથી નં/ | રજુ કરેલ નથી |
| ૧૨ | આખરી બીલ વૌ ,.નં.તારીખ ...રકમ રૂ , કામનો કુલ ખર્ચ | ૬૫/૧૦-૦૪-૨૦૧૫ રૂા. ૨,૯૩,૦૯૮/- |
| ૧૩ | સ્ટારરેઇટની વિગતો | ------ |
| ૧૪ | કામનું સદર | **Extension of building** |

ઉપરોકત પુરા થયેલ કામની ફાઇલતથા સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

યુનીવર્સીટી ભવનમાં કલર કામગીરી માટે ૩ પાર્ટીઓએ ટેન્ડર ભર્યું હતું જે પૈકી એલ -૧ પાર્ટી સતીષભાઈ સામતભાઈ મકવાણાને તા. ૧૦/૧૨/૨૦૧૪ નાં રોજ વર્ક ઓડર આપેલ છે

(૧) ઉકત બાંધકામ અંગે તૈયાર કરેલ અંદાજોની વહિવટી અને તાંત્રિક મંજુરી કયારે મેળવવામાં આવી તેની વિગતોની મંજુરી સહ ઉપલબ્ધ કરીને ખરાઇ કરાવવી ઘટે

(૨) આ કામ પુર્ણ થયા અંગેનું કમ્પ્લીશન સર્ટીફીકેટ ફાઇલે સામેલ ન હતું જે અંગે સ્પષ્ટતા થવી ઘટે

(3) ઉપરોક્ત કામ અંગે માપપોથી નિભાવેલ નથી જેથી કયારે કેટલુ કામ થયુ છે? અને કેટલુ કામ અંગે ચુકવણુ થયુ છે? તે ચકાસણી થયેલ નથી જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૪) માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.ટીએનસી-૧૦૮૮-આઇબી-૧૮-સ તા.૬/૪/૧૯૯૮ અને વખતોવખતના ઠરાવોની જોગવાઇ મુજબ આ કામમાં વપરાશ થયેલ માલ-

સામાન ની ખરીદીના અસલ બીલો એજન્સીએ રજુ કરવાના રહે છે. જે મેળવ્યા વગર આખરી બીલનું ચુકવણું થવા અંગે જવાબદારે થી ખરાઇ કરાવવી રહે.

(૫) આ કામ માટે સંસ્થાએ સમય મર્યાદા શા કારણો સરની નિર્ધારિત કરેલ નથી તેની પૂર્તતા કરવી

(૬) આ કામ/ખરીદી અંગે સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ના આર્ટીકલ-૨૭ મુજબ કામની કિંમતના ૫ % સિક્યુરીટી ડીપોઝીટ લેવાની રહે છે. તેમજ સિક્યુરીટી ડીપોઝીટના ૩.૫૦ % મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલ કરી કરારખત કરવું જોઈએ. જે સિક્યુરીટી ડીપોઝીટ મેળવેલ નથી તેમજ કરારખત કરવામાં આવેલ નથી. કરેલ ખર્ચ રૂ.૪,૦૧,૧૨૦/-નાં ૫ % લેખે સિકયુરીટી ડીપોઝીટ રૂ. ૨૦૦૫૬/- નાં ૩.૫૦ % પ્રમાણે રૂ.૭૦૨/- સ્ટેમ્પ ડયુટી વસુલ કરી, નાણા સરકારશ્રીમાં જમા કરાવી ખાતરી કરાવવી ઘટે.

ઉકત વિગતે મુદા નં ૧ થી ૬ ની પુર્તતા સહ સ્પષ્ટતા થતાં સુધી ખર્ચની રકમ રૂ.૪૦૧૧૨૦/- ઓડીટમાં વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રા.વા.જવાબ કરેલ નથી.

વાંધાહેઠળ રૂ. ૪૦૧૧૨૦/-
સદર. **Extension of building**
વસુલાત રૂા.૭૦૨/-
સદર. સ્ટેમ્પ ડયુટી

ફકરા નંબર – ૪૪

**ચોરી-છળકપટ-ઉચાપત-આગ-અકસ્માતથી સંસ્થાની મિલ્કતને થયેલ નુકશાનની માહિતી આપવા બાબત.**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ તેમજ તેના હસ્તકની તમામ પેટા સંસ્થાઓમાં સને ૨૦૧૫-૧૬ નાં વર્ષ દરમ્યાન ચોરી, છળકપટ, ઉચાપત, આગ, અકસ્માતથી સંસ્થાની મિલ્કતને થયેલ નુકશાનની વિગતો આપવા માટે પ્રાથમિક વાંધા નંબર-૨ થી માંગવામાં આવેલ હતી.

તેનાં જવાબમાં સંસ્થાએ જણાવેલ છે કે આવો કોઇ બનાવ બનવા પામેલ નથી, જેથી માહિતી ''શૂન્ય'' હોવાનો જવાબ મળેલ છે. જેથી આ બાબતે કંઇ ટીપ્પણી કરેલ નથી.

ફકરા નંબર – ૪૫

**પ્રાથમિક વાંધાઓની પૂર્તતા અંગે.**

સને ૨૦૧૫-૧૬ નાં વર્ષનાં હિસાબોના અન્વેષણ દરમ્યાન કુલ ૪૪ પ્રાથમિક વાંધાઓ આપવામાં આવેલ હતા. જે પૈકી ૨૮ પ્રાથમિક વાંધાના જવાબ કરવામાં આવેલ હતા. જે જોતા પૂર્તતાની કામગીરી સંતોષકારક ગણી શકાય નહીં. જો તમામ પ્રાથમિક વાંધાઓનો સંપૂર્ણ વિગતે સમયસર જવાબો આપવામાં આવ્યા હોય તો અહેવાલનું કદ તથા ભવિષ્યમાં આ બાબતે થનાર પત્ર વ્યવહાર મહદઅંશે ઘટાડી શકાયો હોત.

ફકરા નંબર - ૪૬

ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર અંગે.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, સંસ્થાને મળેલ સર્વે પ્રકારની ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો સંબંધિત નિયંત્રણ અધિકારીશ્રીને મોકલવામાં આવેલ ન હોવાથી ગ્રાન્ટ જે તે હેતું માટે મળેલ હતી. તે હેતું માટે જ વપરાશ થયા અંગેની ખાત્રી ઓડીટ દરમ્યાન હિસાબોની કસોટીરૂપ ચકાસણી ઉપરથી શકય બનેલ ન હતી.

ફકરા નંબર - ૪૭

વાર્ષિક હિસાબો બાબત.

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, સંસ્થાના વાર્ષિક હિસાબોની આનુસાંગિક દફતર સાથે ચકાસણી કરતાં વાર્ષિક હિસાબો અહેવાલમાં કરવામાં આવેલ ટીકાઓને આધિન સાચા માલુમ પડેલ હતાં. તેમજ ઓડીટ સમક્ષ રજુ થયેલ હિસાબોનાં ચોપડાઓ અને સબંધિત દફતર તથા ઓડીટમાં લાગુ પાડેલ પ્રતિક તપાસના આધારે તેમજ ઓડીટ અહેવાલમાં કરેલ ટીકાઓને આધિન રહીને જણાવવામાં આવે છે કે, હિસાબો વ્યવસ્થિત રાખવામાં આવેલ હતાં.

ફકરા નંબર –૪૮

ખુલતી સિલકની ખરાઈ બાબત.

સંસ્થાની તા. ૧-૪-૨૦૧૫ ના રોજ ખુલ્તી સિલક રૂ.૧૧૯૭૧૨૦૨૦/- વર્ષ ૨૦૧૫-૧૬ ના સી.એ. (ચાર્ટેડ એકાઉન્ટ) ના ઓડિટ એહવાલ આધારે પ્રમાણિત કરવામાં આવેલ છે.

ફકરા નંબર – ૪૯

## અન્વેષણ અહેવાલના જવાબ બાબત.

ગુજરાત લોકલફંડ ઓડીટ એકટ ૧૯૬૩ની કલમ ૯(૧) મુજબ આ અન્વેષણ અહેવાલ મળ્યાની તારીખથી ચાર માસની મુદતમાં ત્રણ નકલમાં તેની પુર્તતા આ કચેરીને મોકલી આપવાની રહે છે તેમ કરવામાં ચુક થશે તો ઓડીટ અહેવાલમાં સમાવેશ કરેલ વાંધાઓ અને ક્ષતિઓ આપને સ્વીકાર્ય છે એમ માની લેવામાં આવશે. અને તે આધારે કલમ ૯(૩) મુજબ સક્ષમ અધિકારીશ્રીને વિશેષ નોંધ આપવામાં આવશે. તેમાં અનિયમિતતાઓ અને અધિક ચુકવણીના કિસ્સાઓ અને ગંભીર પ્રકારની અનિયમિતતાઓ તરફ તેમનું લક્ષ દોરવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| ઓડીટર | જિલ્લા સહાયક નિરીક્ષક | સંયુકત નિરીક્ષક | નિરીક્ષક, |
| વર્તુળ-૬ | સ્થાનિક ભંડોળ હિસાબ | સ્થાનિક ભંડોળ હિસાબ, | સ્થાનિક ભંડોળ હિસાબ, |
| | જુનાગઢ | ગાંધીનગર | ગાંધીનગર |

નકલ સવિનય રવાનાઃ-

(૧) સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
(૨) સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર
(૩) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૪) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
(૫) ઓડીટ ઓફીસરશ્રી, એલ.બી.એ.એ. સીનીયર ડેપ્યુટી એકા. જનરલશ્રીની કચેરી, લોકલ બોડીઝ એન્ડ એકાઉન્ટસ, નવરંગપુરા, અમદાવાદ
(૬) મદદનીશ સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ હિસાબ, ડી.એ.ટી. કચેરી, ગાંધીનગર
(૭) ઓડીટરશ્રી, વર્તુળ-૬

## પત્રક-૧

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,ના સને.૨૦૧૫-૧૬ ના વર્ષના હિસાબોની તારીજ દર્શાવતું પત્રક ભાગ – ૧ (મહેસૂલ વિભાગ)

| ક્રમ | વિગત | ઉઘડતી સિલક તા.૦૧/૦૪/૨૦૧૫ પ્રમાણે | સને.૨૦૧૫-૧૬ ની આવક | કુલ સરવાળો | સને.૨૦૧૫-૧૬ નો ખર્ચ | વર્ષ દરમ્યાન સરકારશ્રીમાં પરત કરેલ રકમ | બંધ સિલક તા.૩૧/૦૩/૨૦૧૬ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | સરકારી અનુદાન | | | | | | |
| ૧ | પગાર ભથ્થા | ૩૯૪૫૮૯૮૬ | ૩૫૦૦૦૦૦૦ | ૭૪૪૫૮૯૮૬ | ૩૬૪૧૫૦૯૨ | 0 | ૩૮૦૪૩૮૯૪ |
| | બાંધકામ ગ્રાન્ટ | ૩૮૧૫૪૦૦૦ | 0 | ૩૮૧૫૪૦૦૦ | ૧૫૬૯૩૧૫૭ | 0 | ૨૨૪૬૦૮૪૩ |
| | **Establishment Grant** | ૧૪૮૭૯૫ | 0 | ૧૪૮૭૯૫ | 0 | 0 | ૧૪૮૭૯૫ |
| | પુઅર સ્ટુન્ડન્ટ હોસ્ટેલ ગ્રાન્ટ | ૧૭૭૧૩૮૮ | 0 | ૧૭૭૧૩૮૮ | ૮૭૬૨૨૯ | 0 | ૮૯૫૧૫૯ |
| | સંસ્કૃત સંભાસન ગ્રાન્ટ | ૧૫૭૪૨૫ | 0 | ૧૫૭૪૨૫ | 0 | 0 | ૧૫૭૪૨૫ |
| | સપ્તધારા પ્રોગ્રામ ગ્રાન્ટ | ૩૪૩૧૯ | 0 | ૩૪૩૧૯ | 0 | 0 | ૩૪૩૧૯ |
| | સ્વર્ણિમ જંયતિ ગૌરવ ગ્રંથ ગ્રાન્ટ | ૧૩૪૧૭૮ | 0 | ૧૩૪૧૭૮ | 0 | 0 | ૧૩૪૧૭૮ |
| | ડીપ્લોમાં ટેમ્પલ મેનેજમેન્ટ ગ્રાન્ટ | ૧૯૧૦૫૧ | 0 | ૧૯૧૦૫૧ | ૭૨૦૦૦ | 0 | ૧૧૯૦૫૧ |
| | ડીપ્લોમાં વસ્તુ અને કર્મકાંડ ગ્રાન્ટ | ૫૨૦૦૦૦ | 0 | ૫૨૦૦૦૦ | ૫૪૦૦૦ | 0 | ૪૬૬૦૦૦ |
| | ડીપ્લોમાં યોગ ગ્રાન્ટ | ૪૧૮૦૬૧ | 0 | ૪૧૮૦૬૧ | ૪૮૦૦૦ | 0 | ૩૭૦૦૬૧ |
| | **NSS** – યુનિવર્સિટી ગ્રાન્ટ | ૧૬૨૩૪૩ | ૪૫૫૦૦ | ૨૦૭૮૪૩ | ૧૨૧૩૬૦ | 0 | ૮૬૪૮૩ |
| | **NSS-PG** યુનીટ ગ્રાન્ટ | ૧૯૭ | 0 | ૧૯૭ | 0 | 0 | ૧૯૭ |
| | **NSS-** કોલેજ ગ્રાન્ટ | ૭૧૫૩ | ૧૭૫૪૫ | ૨૪૬૯૮ | ૨૪૦૧૦ | 0 | ૬૮૮ |
| | વર્ડ કલાસ યુનિવર્સિટી ગ્રાન્ટ | ૪૨૫૫૩૦૩ | 0 | ૪૨૫૫૩૦૩ | 0 | 0 | ૪૨૫૫૩૦૩ |
| | **ALSHE** – પુરસ્કાર ગ્રાન્ટ | ૨૦૦૦૦ | ૧૦૦૦૦ | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ | 0 | 0 |
| | **ALSHE** – યુનીટ ગ્રાન્ટ | ૩૫૫૦ | ૩૮૬૫૦ | ૪૨૨૦૦ | ૪૧૩૬૬ | 0 | ૮૩૪ |
| | ઈન્ટરનેશનલ સેમીનાર | 0 | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ | ૧૦૦૦૦૦૦ | 0 | 0 |
| ૨ | સરવાળો | ૮૫૪૩૬૭૪૯ | ૩૬૧૧૧૬૯૫ | ૧૨૧૫૪૮૪૪૪ | ૫૪૩૭૫૨૧૪ | 0 | ૬૭૧૭૩૨૩૦ |
| ૩ | યુનિવર્સિટી ફંડ | ૪૦૭૩૫૮૭૩ | ૧૮૨૨૯૩૪૪ | ૫૮૯૬૫૨૧૭ | ૭૮૬૮૨૦૬ | 0 | ૫૧૦૯૭૦૧૧ |
| ૪ | કુલ સરવાળો | ૧૨૬૧૭૨૬૨૨ | ૫૪૩૪૧૦૩૯ | ૧૮૦૫૧૩૬૬૧ | ૬૨૨૪૩૪૨૦ | 0 | ૧૧૮૨૭૦૨૪૧ |

નોંધઃ- ઈન્ટરનેશનલ સેમિનારમાં સરકારશ્રી પાસેથી રૂા.૧૦૦૦૦૦૦/- ગ્રાન્ટ મળેલ હતી. તેમાં કુલ ખર્ચ રૂા.૨૪૦૭૯૪૮/- થયેલ છે. જેમાં રૂા.૧૪૦૭૯૪૮/- જે જૂની બચત રહેલ ગ્રાન્ટમાંથી ખર્ચ કરેલ છે. સરકારશ્રી દ્વારા જૂની બચત ગ્રાન્ટમાંથી રૂા.૨૦૦૦૦૦૦/- સુધી ખર્ચ કરવાની મંજૂરી આપવામાં આવેલ હતી.

પત્રક નંબર – ૨

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ના સને.૨૦૧૫-૧૬ ના વર્ષના હિસાબોની તારીજ દર્શાવતું પત્રક ભાગ – ૨ (બીન મહેસૂલ વિભાગ)

| ક્રમ | વિગત | ઉઘડતી સિલક તા.૦૧/૦૪/૧૫ પ્રમાણે | સને.૨૦૧૫-૧૬ ની આવક | કુલ સરવાળો | સને.૨૦૧૫-૧૬ ખર્ચ | બંધ સિલક તા.૩૧/૦૩/૨૦૧૬ |
|---|---|---|---|---|---|---|
| ૧ | બુક બેંક ડોનેશન ફંડ | ૨૫૯૬૦ | ૩૦૦૦૦ | ૫૫૯૬૦ | ૦ | ૫૫૯૬૦ |
| ૨ | કન્ટ્રકશન ફંડ | ૪૭૫૧૨૨૩ | ૦ | ૪૭૫૧૨૨૩ | ૦ | ૪૭૫૧૨૨૩ |
| ૩ | ડોનેશન ફોર એસટી ગર્લ્સ સ્ટુડનટ | ૧૬૭૭૧૬ | ૩૧૦૦૦૦ | ૪૭૭૭૧૬ | ૨૪૬૬૫૧ | ૨૩૧૦૬૫ |
| ૪ | ફિક્ષ મેડલ ફંડ | ૭૭૪૨૫૦ | ૧૭૦૦૦ | ૭૯૧૨૫૦ | ૦ | ૭૯૧૨૫૦ |
| ૫ | જનરલ ડોનેશન ફંડ | ૨૬૫૫૦ | ૦ | ૨૬૫૫૦ | ૦ | ૨૬૫૫૦ |
| ૬ | સ્ટુડન્ટ વેલ્ફર ફંડ | ૫૨૫૦૦૦૦ | ૧૨૮૫૧૦૩ | ૬૫૩૫૧૦૩ | ૦ | ૬૫૩૫૧૦૩ |
| ૭ | ત્રિવેણી રેફરન્સ ફંડ | ૯૫૦૦૧ | ૦ | ૯૫૦૦૧ | ૦ | ૯૫૦૦૧ |
| ૮ | કેપીટલ ફંડ ફોર ફિકસ અસ્ટેસ | ૦ | ૨૫૦૦૦ | ૨૫૦૦૦ | ૨૪૯૮૯૯ | ૧૦૧ |
| ૯ | લેબર શેષ | ૭૮૮૯૯૨૧૩ | ૨૦૨૨૫૬૩૯ | ૯૯૧૨૪૮૫૨ | ૦ | ૯૯૧૨૪૮૫૨ |
| ૧૦ | પીજીડીસીએ સેન્ટર એફીલેસન ડિપોઝીટ | ૯૯૩૭ | ૫૨૪૫ | ૧૫૧૮૨ | ૦ | ૧૫૧૮૨ |
| ૧૧ | સિકયુરીટી ડીપોઝીટ | ૨૯૭૫૦૦૦ | ૦ | ૨૯૭૫૦૦૦ | ૧૫૦૦૦૦ | ૨૮૨૫૦૦૦ |
| ૧૨ | કોશન મની ડીપોઝીટ | ૧૯૧૪૦૦ | ૨૧૬૫૦૦ | ૪૦૭૯૦૦ | ૧૩૭૬૦૦ | ૨૭૦૩૦૦ |
| ૧૩ | લઈબ્રેરી ડીપોઝીટ | ૭૦૦૦ | ૦ | ૭૦૦૦ | ૦ | ૭૦૦૦ |
| ૧૪ | પીજીડીસીએ કોમન રિકુટમેન્ટ ડીપોઝીટ | ૨૧૬૦૦ | ૧૧૨૦૦ | ૩૨૮૦૦ | ૦ | ૩૨૮૦૦ |
| ૧૫ | રાજીવગાંધી ફોલોશીપ | ૧૨૫૬૦૯ | ૦ | ૧૨૫૬૦૯ | ૦ | ૧૨૫૬૦૯ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૬ | સ્કોરશીપ ફોર ઓબીસી સ્ટુડન્ટ | ૬૫૩૨૦ | ૧૧૨૭૧૫ | ૧૭૮૦૩૫ | ૧૭૪૪૩૫ | ૩૬૦૦ |
| ૧૭ | સ્કોરશીપ ફોર એસસી સ્ટુડન્ટ | ૪૫૩૧૩ | ૪૮૪૯૫ | ૯૩૮૦૮ | ૮૦૧૫૫ | ૧૩૬૫૩ |
| ૧૮ | રાજીવગાંધી કલોરશીપ | ૭૪૮૮૮૮ | ૦ | ૭૪૮૮૮૮ | ૧૮૫૦૭૯ | ૫૬૩૮૦૯ |
| | સરવાળો | ૯૪૧૭૯૯૮૦ | ૨૨૫૧૧૮૯૭ | ૧૧૬૬૯૧૮૭૭ | ૧૨૨૩૮૧૯ | ૧૧૫૪૬૮૦૫૮ |

## પત્રક - ૩

### શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના સને.૨૦૧૫-૧૬ વર્ષના હિસાબો રાજય સરકારના અનુદાનની આવકો અને ખર્ચનું વિગતવાર વર્ગીકરણ

| આવક | સને.૨૦૧૫-૧૬ (રૂ.લાખ) આવક | ખર્ચ | સને.૨૦૧૫-૧૬ (રૂ. લાખ) ખર્ચ |
|---|---|---|---|
| જનરલ ફંડ | | જનરલ ફંડ | |
| એ.૧ સરકારશ્રી તરફથી સેકશન ૪૭ (બ) હેઠળ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ઉચ્ચ અનુદાન | ૩૫૦૦૦૦૦૦ | પગાર ભથ્થા ખર્ચ કોન્ફરન્સ અને સેમીનાર ખર્ચ | ૨૨૭૭૮૫૩૦<br>૨૯૫૩૬૫ |
| યુનિર્વસિટી ના યોગ્ય સુચાલન માટે પગાર ભથ્થા આવર્તક અને અનાવર્તક ખર્ચ | | વેરીયર્સ ઈવેન્ટ (યુવક મહોત્સવ અને ખેલ મહાકુંભ ALU મેમ્બરશીપ | ૧૪૧૧૫૨<br>૪૯૦૦૦ |
| | | બિલ્ડીંગ સમારકામ ખર્ચ | ૧૬૮૪૭૦૩ |
| | | પદવીદાન સમારંભ ખર્ચ | ૪૧૩૩૧૩ |
| | | લીગલ ખર્ચ | ૧૦૦ |
| | | એલટીસી ખર્ચ | ૯૩૨૩ |
| | | પબ્લીકેશન ખર્ચ | ૫૫૪૧૮૩ |
| | | ટ્રાવેલીંગ ખર્ચ | ૫૯૮૮૭૪ |
| | | વીસી બંગલો ખર્ચ | ૧૮૦૨૭૬ |
| | | લીવ સેલેરી એન્ડ પેન્શન કોન્ટ્રીબ્યુશન ખર્ચ | ૯૦૮૨૪ |
| | | સીપી ઓફ કેન્ટ્રી બ્યુશન ખર્ચ | ૨૦૭૬૪૫૮ |
| | | ઓફીસ કન્ટીજન્સી ખર્ચ | ૪૫૫૦૪૩૩ |
| | | ગાર્ડન ડેવલોપમેન્ટ | ૩૪૫૪૧૦ |
| | | અધર રીકવરી ફ્રોમ સેલેરી | ૩૦૮૦૦૦ |
| સરવાળો | ૩૫૦૦૦૦૦૦ | | ૩૫૦૦૭૧૪૪ |

## પત્રક – ૪

## એ- ર વિશ્વ વિધાલયની આવકોનું વર્ગીકરણ(આયોજિત અને બિન આયોજિત યોજનાઓ)

| ક્રમ | આવક ની વિગત | ૨૦૧૪-૧૫ (રૂા. લાખમાં) આયોજિત/ બીન આયોજિત | ૨૦૧૫-૧૬ (રૂા. લાખમાં) આયોજિત/ બીન આયોજિત |
|---|---|---|---|
| ૧ | જોડાણ ફી | ૩૧૦૪૯૦૦ | ૩૮૦૮૪૫૦ |
| ૨ | જોડાણ ફોર્મ ફી | ૧૦૧૫૦૦ | ૨૭૫૦૦ |
| ૩ | શિક્ષણ ફી | ૨૪૨૬૪૦ | ૨૭૬૪૫૦ |
| ૪ | પ્રવેશ નોંધની ફી | ૧૬૧૫૨૫ | ૨૨૫૧૨૦ |
| ૫ | પરીક્ષા ફી | ૫૦૯૩૬૫૫ | ૩૩૬૮૪૬૧ |
| ૬ | બાહ્ય પરીક્ષા ફી | ૨૩૯૧૬૦ | ૧૭૧૪૨૧ |
| ૭ | એલ.આઈ.સી ફી | ૩૪૦૦૦૦ | ૧૦૩૧૫૦૦ |
| ૮ | પી.એચ.ડી ફી | ૧૦૬૬૫૦ | ૧૮૧૭૩૦ |
| ૯ | અધર ફી | ૪૪૨૭૮૪૬ | ૯૧૧૮૯૬૨ |
| | કુલ સરવાળો | ૧૩૮૧૭૮૭૬ | ૧૮૨૦૯૫૯૪ |

## પત્રક – ૫ –

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી નાં વર્ષ ૨૦૧૫-૧૬નાં વર્ષના અન્વેષણ દરમ્યાન ઓડીટે સુચવેલ વસુલાત થયેલ / વસુલાત તથા બાકી વસુલાતનું પત્રક.

| ક્રમ | ફકરા નંબર | ઓડીટે સુચવેલ વસુલાત | ઓડીટ દરમ્યાન થયેલ વસુલાત | બાકી વસુલાત | ખર્ચનું સદર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૭ | ૬૬૬૬૦ | | ૬૬૬૬૦ | ૮૩૪૨ |
| ૨ | ૧૭ | ૮૦૫૯ | | ૮૦૫૯ | યુનિ.વિકાસ ફંડ |
| ૩ | ૧૮ | ૨૦૨૨૮૧ | | ૨૦૨૨૮૧ | |
| ૪ | ૨૨ | ૨૭૬૬ | | ૨૭૬૬ | આવક વેરા |
| ૫ | ૨૩ | ૨૮૫૧ | | ૨૮૫૧ | સ્ટેમ્પ ડયુટી |
| ૬ | ૨૩ | ૨૩૨૭૫ | | ૨૩૨૭૫ | આવક વેરા |
| ૭ | ૩૫ | ૪૫૧ | | ૪૫૧ | મેડલ/કેશ પ્રાઈઝ ખર્ચ |
| ૮ | ૩૭ | ૧૬૮૦ | | ૧૬૮૦ | સ્ટેમ્પ ડયુટી |
| ૯ | ૩૭ | ૨૨૫૭ | | ૨૨૫૭ | સ્ટેમ્પ ડયુટી |
| ૧૦ | ૩૮ | ૨૩૬૨ | | ૨૩૬૨ | ૦૦૨૧ |
| ૧૧ | ૩૮ | ૪૦૩ | | ૪૦૩ | ૦૦૩૦ |
| ૧૨ | ૩૮ | ૧૦૦૦ | | ૧૦૦૦ | યુનિ.વિકાસ ફંડ |
| ૧૩ | ૪૦ | ૧૫૬૦૩ | | ૧૫૬૦૩ | વિલંબ વળતર |
| ૧૪ | ૪૦ | ૪૪૮૯ | | ૪૪૮૯ | આવક વેરા |
| ૧૫ | ૪૧ | ૧૭૭૨૭ | | ૧૭૭૨૭ | વિલંબ વળતર |
| ૧૬ | ૪૧ | ૪૪૯૬ | | ૪૪૯૬ | આવક વેરા |
| ૧૭ | ૪૧ | ૮૧૨ | | ૮૧૨ | સ્ટેમ્પ ડયુટી |
| ૧૮ | ૪૨ | ૧૭૫ | | ૧૭૫ | સ્ટેમ્પ ડયુટી |
| ૧૯ | ૪૩ | ૭૦૨ | | ૭૦૨ | સ્ટેમ્પ ડયુટી |
| કુલ સરવાળો | | | | ૩૫૮૦૪૯ | |

## પત્રક – ૬ –

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી નાં વર્ષ ૨૦૧૫-૧૬નાં અન્વેષણ દરમ્યાન ઓડીટે વાંધા હેઠળ રાખેલ / અમાન્ય કરેલ રકમની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ | ફકરા નંબર | વાંધા હેઠળ રાખવામાં આવેલ રકમ | અમાન્ય કરેલ રકમ | કુલ રકમ | ખર્ચનું સદર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૯ | ૪૪૨૦૦ | | ૪૪૨૦૦ | પેશગી |
| ૨ | ૧૬ | ૫૭૬૯૧૨ | | ૫૭૬૯૧૨ | યુનિ.ફંડ |
| ૩ | ૨૦ | ૧૧૬૭૩૦ | | ૧૧૬૭૩૦ | પરીક્ષા સ્ટાફ પગાર |
| ૪ | ૨૨ | ૧૩૮૨૭૫ | | ૧૩૮૨૭૫ | યુનિ.પરીક્ષા વિભાગ |
| ૫ | ૨૩ | ૧૧૬૩૭૪૭ | | ૧૧૬૩૭૪૭ | યુનિ.ફંડ |
| ૬ | ૨૪ | ૪૦૬૫૪૮ | | ૪૦૬૫૪૮ | મકાન ભાડા |
| ૭ | ૨૫ | ૫૭૧૬૪ | | ૫૭૧૬૪ | રજા પગાર પેન્શન ફાળો |
| ૮ | ૩૩ | ૨૬૩૭૦ | | ૨૬૩૭૦ | એન.એસ.એસ.ગ્રાન્ટ |
| ૯ | ૩૫ | ૨૫૭૭૦૦ | | ૨૫૭૭૦૦ | મેડલ કેશ પ્રાઇઝ ખર્ચ |
| ૧૦ | ૩૬ | ૯૬૦૦૦૦ | | ૯૬૦૦૦૦ | સ્ટેમ્પ ડયુટી |
| ૧૧ | ૩૭ | ૧૪૬૧૪૦૧ | | ૧૪૬૧૪૦૧ | સ્ટેમ્પ ડયુટી |
| ૧૨ | ૩૮ | ૨૩૦૩૮૦ | | ૨૩૦૩૮૦ | સ્ટેમ્પ ડયુટી |
| ૧૩ | ૩૯ | ૩૧૩૩૨૨ | | ૩૧૩૩૨૨ | સરકારી ફંડ |
| ૧૪ | ૪૦ | ૪૩૫૯૧૨ | | ૪૩૫૯૧૨ | **Extension of building** |
| ૧૫ | ૪૧ | ૪૪૦૭૫૨ | | ૪૪૦૭૫૨ | **Extension of building** |
| ૧૬ | ૪૨ | ૯૨૨૯૫ | | ૯૨૨૯૫ | **Extension of building** |
| ૧૭ | ૪૩ | ૪૦૧૧૨૦ | | ૪૦૧૧૨૦ | **Extension of building** |
| કુલ સરવાળો | | ૭૧૨૨૮૨૮ | | ૭૧૨૨૮૨૮ | |

# * શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી સને.૨૦૧૪-૧૫ ના વર્ષનો અન્વેષણ અહેવાલ*

નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ
વિમા અને લેખા ભવન
૧૭, ડો. જીવરાજ મહેતા ભવન સંકુલ,
ગાંધીનગર-૩૮૨૦૧૦.
તા.

પ્રેક્ષકઃ- નિરીક્ષકશ્રી,
સ્થાનિક ભંડોળ હિસાબ
ગાંધીનગર.

પ્રતિ,
કુલ સચિવશ્રી,
શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
વેરાવળ-૩૬૨૨૬૬

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, અધિનિયમ – ૨૦૦૫ ના પ્રકરણ – ૫ ની કલમ – ૨૯(૫) મુજબ તેમજ નાંણા વિભાગના ઠરાવ નંબર પરત/૧૦૨૦૧૪/૧૬૬૯/ઝ તા.૨૩/૪/૨૦૧૫ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીનાં સને ૨૦૧૪-૧૫ ના વર્ષના હિસાબોનું અન્વેષણ તા.૦૧/૧૨/૨૦૧૬ થી તા.૦૩/૦૧/૨૦૧૬ ના સમય દરમ્યાન હાથ ધરવામાં આવેલ હતું. તા.૦૯/૦૨/૨૦૧૭ ના રોજ ચર્ચા કરી પુર્ણ કરવામાં આવેલ હતું.

ફકરા નંબર-૧ અન્વેષણ દરમ્યાન સંસ્થાના મુખ્ય હોદેદારોની વિગત નીચે મુજબ હતી.

| ક્રમ | હોદો | સમય ગાળો |
|---|---|---|
| ૧ | **કુલપતિશ્રી,** | |
| | પ્રો.વી.કુટુંબ શાસ્ત્રી | તા.૧/૪/૨૦૧૪ થી ૩૧/૩/૨૦૧૫ |
| ૨ | **કુલ સચિવશ્રી,** | |
| | ડૉ.દશરથ જાદવ | તા.૧/૪/૨૦૧૪ થી ૩૧/૩/૨૦૧૫ |
| ૩ | **હિસાબી અધિકારીશ્રી** | |
| | શ્રી બી.જે.મહેતા | તા.૧/૪/૨૦૧૪ થી ૩૧/૩/૨૦૧૫ |
| ૪ | **હિસાબનીશશ્રી** | |
| | શ્રી ભાવસિંહ એમ.બારડ | તા.૧/૪/૨૦૧૪ થી ૩૧/૩/૨૦૧૫ |

<u>હાલના હોદેદારોની વિગત</u>

**કુલપતિશ્રી** **અર્કનાથ ચૌધરી**

**કુલ સચિવશ્રી** **ડૉ.દશરથ જાદવ**

## ફકરા નં.-૨ – વિભાગ -૧-

સંસ્થાના અગાઉના વર્ષના બાકી પારાઓ નીચે મુજબ હતા

| ક્રમ | ઓડીટ વર્ષ | ઓડીટ વર્ષની શરૂઆતમાં બાકી પારાની સંખ્યા | ઓડીટ પુરૂ થતાં સુધીમાં નિકાલ કરેલ પારાની સંખ્યા | ઓડીટ પુરૂ થયા તારીખે બાકી પારાની સંખ્યા | બાકી પારા ના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૨૦૧૪-૧૫ | ૪૧ | -- | ૪૧ | ૧ થી ૪૧ |
| ૨ | કુલ | ૪૧ | -- | ૪૧ | |

નોંધઃ- નાણા વિભાગના ફકરા નંબર પરચ/૧૦૨૦૧૪/૧૬૬૯/ઝ તા.૨૩/૦૪/૨૦૧૫ તથા નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી ગાંધીનગરના પત્ર નં.એલ/એચ/ક્યુ/યુનિ./ ઓડીટ-૨૭૪૯ સને ૨૦૧૪-૧૫ નુ તા. ૭/૯/૨૦૧૫ થી ઓડીટ શરૂ કરવાની મંજુરી મળતા સને.૨૦૧૪-૧૫ ના ઓડીટ રીપોર્ટ મુજબના કુલ ૪૧ પેરા બાકી હોવાનું જણાય છે.

**ફકરા નંબર - ૩**

## સંસ્થાની અસ્કયામતો અને જવાબદારીઓ બાબતે

તા.૩૧/૩/૨૦૧૫ નાં રોજ પુરા થતા વર્ષની સંસ્થાની અસ્કયામતો અને જવાબદારીઓની વિગત નીચે મુજબ રહેલ હતી.

| જવાબદારી | રકમ રૂપિયા | અસ્કયામતો | રકમ રૂપિયા |
|---|---|---|---|
| વણવપરાયેલ અનુદાન | ૮૫૪૩૬૭૪૯.૦૦ | બેન્ક તથા અન્ય સિલક (વા.હિ. એપે.-૭) | ૩,૪૯,૦૯,૭૬૭.૦૦ |
| ગ્રેચ્યુઈટી તથા અન્ય ફંડ | ૧૧૦૯૦૭૦૦.૦૦ | થાપણો એપેન્ડીકસ-૮) | ૮,૧૦,૨૪,૨૫૦.૦૦ |
| અન્ય જવાબદારી | ૮૬૯૪૫૮.૦૦ | એસેટ (સ્થાવર મિલ્કત)વા.હિ. મુજબ | ૭,૮૮,૯૯,૨૧૩.૦૦ |
| ડીપોઝીટ | ૩૩૨૦૬૦૯.૦૦ | ચાલુ મિલ્કતો | ૨૫૫૧૯૩૭૨.૦૦ |
| અસ્કયામતોમાં વધારો | ૧૧૯૬૩૫૦૮૬.૦૦ | | |
| કુલ | **૨૨,૦૩,૫૨,૬૦૨.૦૦** | કુલ | **૨૨,૦૩,૫૨,૬૦૨.૦૦** |

સંસ્થા પાસે ખુબ જ મોટા પ્રમાણમાં મિલ્કત હોય મિલ્કત રજીસ્ટર અદ્યતન તૈયાર કરવુ. તેમજ ઘસારા ફંડની જોગવાઇ કરવી રહે. અસ્કયામતો રૂ. ૧૧૯૬૩૫૦૮૬.૦૦ વધારો હોય સંસ્થાની નાણાકીય સ્થિતિ સારી ગણી શકાય. ભવિષ્યમાં યુનિ. વિકાસના કામો કરવા અન્વેષણનો અનુરોધ છે.

**ફકરા નંબર - ૩.૧**

## છેલ્લા ત્રણ વર્ષની સરેરાશ આવક - ખર્ચની વિગત.

શ્રી સોમનાથ યુનિવર્સિટીના છેલ્લા ત્રણ વર્ષની આવક ખર્ચની વિગતો તા.૩૧/૩/૨૦૧૫ ના રોજ પુરા થતા સુધી સરકારી ગ્રાન્ટમાંથી આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ હતી.

| ક્રમ | વર્ષ | સામાન્ય આવક (લાખ) | સામાન્ય ખર્ચ (લાખ) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨-૨૦૧૩ | ૫૩૬.૯૬ | ૨૦૦.૪૮ |
| ૨ | ૨૦૧૩-૨૦૧૪ | ૮૨૪.૫૯ | ૩૯૩.૬૨ |
| ૩ | ૨૦૧૪-૨૦૧૫ | ૮૨૩.૦૧ | ૯૫૯.૫૭ |
| | કુલ સરવાળો (૧ થી ૩) | ૨૧૮૪.૫૭ | ૧૫૫૩.૬૭ |
| | **સરેરાશ** | **૭૨૮.૧૯** | **૫૧૭.૮૯** |
| | **સરેરાશ આવકમાં વધારો** | **૨૧૦.૨૯** | |

**સરકારી ગ્રાન્ટમાંથી આવકની સામે વર્ષ ૨૦૧૪-૧૫ માં ૧૩૬.૫૬ લાખનો ખર્ચમાં વધારો તથા વર્ષ ૨૦૧૫-૧૬ માં ૭૮.૭૫ લાખનો આવક કરતા ખર્ચમાં વધારો જોવામાં આવેલ છે.**

**ફકરા નંબર – ૩**

**સામાન્ય આવક-ખર્ચ**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ફંડ ના છેલ્લા ત્રણ વર્ષના સામાન્ય આવક-ખર્ચ ના આંકડાઓ નીચે મુજબ હતા (રૂ. લાખમાં)

| ક્રમ | વર્ષ | આવક | ખર્ચ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૨-૧૩ | ૧૨૨.૯૨ | ૨૭.૪૫ |
| ૨ | ૨૦૧૩-૧૪ | ૧૫૬.૩૬ | ૪૦.૩૯ |
| ૩ | ૨૦૧૪-૧૫ | ૧૩૮.૧૭ | ૪૬.૮૧ |
| | કુલ | ૪૧૭.૪૫ | ૧૧૪.૬૫ |
| | **સરેરાશ** | **૧૩૯.૧૫** | **૩૮.૨૨** |
| | **સરેરાશ ખર્ચમાં વધારો** | **૧૦૦.૯૩** | |

ઉપરોકત વિગતે સંસ્થાની જવાબદારી સામાન્ય આવક-ખર્ચના રૂ. ૧૦૦.૯૩ નો વધારો છે. તથા સ્વ ભંડોળ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના આવક-જાવક રૂ. ૨૧૦.૨૯ નો વધારો થયેલ છે. જેથી સંસ્થાની નાણાકીય સ્થિતી સારી છે. તેમજ યુનિવર્સિટીના ખર્ચમાં ઘટાડો કરવા અનિવાર્ય છે.

**ફકરા નંબર - ૩.૨**

**મુકત સિલક અંગે.**

સંસ્થા પાસે તા.૩૧/૩/૨૦૧૫ ના રોજ કેશબુક મુજબ રોકડ તથા બેન્ક સિલક મળીને કુલ સિલક રૂ. ૩,૪૯,૦૯,૭૬૭/- તેમજ વિવિધ રોકાણો રૂા.૮,૧૦,૨૪,૨૫૦/- હોય પરંતુ અમાન્ય પગાર તેમજ પ્રો. ફંડની જમા રકમ પરત કરવાની બાકી રકમ હોય તથા પેકેજ ડીલ રીકવરી આવક રૂા.૪૭૧૭૧/- તરીકે જમા લેવાની હોય જે પરત થયે વાસ્તવિક પરિસ્થિતિ દર્શાવી શકાય.

**ફકરા નંબર - 3.3**

**નાણાંકીય સ્થિતિ અંગે.**

સંસ્થાના વાર્ષિક હિસાબો જોતા તા.૩૧/૩/૨૦૧૫ ના રોજ મુકત સિલક રૂા.૧૧,૫૯,૩૪,૦૧૭/- રહેલ હતી.ફકરા નંબર – ૩(૧) ના પત્રક અનુસાર સંસ્થાની કુલ જવાબદારી રૂા.૮,૩૫,૦૧,૨૫૪/- સામે મુકત સિલક વધુ હોય સંસ્થાની નાણાકીય સ્થિતી સંતોષ જનક ગણી શકાય.

**ફકરા નંબર - ૪**

**અંદાજ પત્ર અંગે.**

સને ૨૦૧૪-૧૫ ના વર્ષમાં અંદાજપત્રની ચકાસણી કરતા અંદાજો તથા ખરેખર આવક ખર્ચમાં નીચે મુજબ તફાવત જણાયેલ હતો. (રૂ. લાખમાં)

| વિગત | અંદાજ રકમ રૂા. | સુધારેલ રકમ રૂા. | ખરેખર રકમ રૂા. | તફાવતની રકમ રૂા. |
|---|---|---|---|---|
| **આવક** | --------- | ---------- | ૧૩૪૦.૪૬ | ૧૩૪૦.૪૬ |
| **ખર્ચ** | ૬૮૧.૯૦ | ૬૮૧.૯૦ | ૯૫૯.૫૭ | ૨૭૭.૬૭ |

(૧) સંસ્થા અંદાજીત આવક ખર્ચમાં તેના વાસ્તવિક આવક ખર્ચમાં મોટો તફાવત રહે છે. સરકારી ગ્રાન્ટ અન્ય ગ્રાન્ટ તેમજ અન્ય આવક ખર્ચના વાસ્તવિક અંદાજો તૈયાર કરી હાથ પર સિલક ધ્યાને લઈ વાસ્તવિક અંદાજપત્ર તૈયાર કરાવી પગલા લેવા ઓડીટ સુચન છે. તેમજ અંદાજપત્રમાં સુચિત એડવાન્સ અને ડીપોઝીટનાં અંદાજોનો પણ સમાવેશ કરવો ઘટે.તેમજ સરકારી ગ્રાન્ટના ખર્ચનો અંદાજ તૈયાર કરેલ છે. યુનિવર્સિટી ફંડ (સ્વ ભંડોળ) નું તેમજ એડવાન્સ/ ડિપોઝીટના અંદાજો તૈયાર કરવામાં આવતા નથી. જે યુનિવર્સિટી ના આવક ના અંદાજો તૈયાર કરવા ઓડિટ સુચના છે.

<u>સ્થાનિક ભંડોળ હિસાબ તપાસણી અધિનિયમ – ૧૯૭૪ હેઠળની અનિયમિતતા.</u>

| વિગત | ફકરા નંબર |
|---|---|
| કલમ – ૮ (ક) (કાયદા/નિયમ વિરૂધ્ધના ચુકાદાની અનિયમિતતા) | -- |
| કલમ – ૮ (ખ) (ભારે બેદરકારીથી થયેલ નુકશાન કે ખાધ ની અનિયમિતતા) | -- |
| કલમ – ૮ (ગ) મળેલ રકમને હિસાબમાં દાખલ નહી કરેલ રકમો/ ઉચાપતની અનિયમિતતા. | -- |
| કલમ – ૮ (ઘ) હિસાબમાં જણાયેલ બીજી અનિયમિતતાઓ | ૫ થી ૩૫ |

ફકરાનંબર – ૫

## પરીક્ષા ઉતરવહી તથા ડાયરી અંગેના છાપકામ ખર્ચમાં જણાયેલ અનિયમિતતા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણમાં વાઉચરોની ચકાસણી કરતાં પરીક્ષા ઉતરવહી તથા ડાયરી અંગેના છાપકામ ખર્ચમાં નીચે મુજબની અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ | તારીખ | પાર્ટીનુ નામ | આઇટમ નુ નામ | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૧૯/૧૧/૨૦૧૪ | એચ.કે. ઓફસેટ,વેરાવળ | ઉતરવહી | ૧,૬૦,૭૩૦/- |
| ૨ | ૨૪/૧૨/૨૦૧૪ | જલારામ ગ્રાફિક્સ,વેરાવળ | પરીક્ષા સાહિત્ય | ૬૨,૪૦૦/- |
| ૩ | ૯/૩/૨૦૧૫ | એચ.કે. ઓફસેટ,વેરાવળ | ડાયરી | ૬૭,૦૪૭/- |
| | | | કુલ | ૨,૯૦,૧૭૭/- |

(૧) નાણાં વિભાગના અંગ્રેજી જાહેરનામા ક્રમાંક નં/જી.એન./૨૪/એસ.એસ.પી./૧૦૮૯/ /જી.ઓ.આઇ./૬૩/ઝેડ(૬૮૯)૨૦૦૩ તા.૧૭/૧૧/૨૦૦૩ તથા ગુજરાત આકસ્મિક ખર્ચના નિયમો ૧૯૫૯ ના નિયમો-૧૭૧ પરિશિષ્ટ-૬ ના નિયમ-૨ મુજબ રૂ.૨૦,૦૦૦/- થી વધારે રકમની ખરીદી કરતી વખતે સ્પર્ધાત્મક ભાવો મેળવી ખરીદી કરવી જોઇએ. અને રૂ.૧ લાખ થી વધારે રકમની ખરીદી/ખર્ચ કરતી વખતે બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપી ટેન્ડર પ્રક્રીયા દ્વારા ભાવો મેળવી ખરીદી/ખર્ચ કરવો જોઇએ. પરંતુ સંસ્થાએ ક્રમ નંબર-૩ મુજબ ડાયરી અંગે, એચ.કે.ઓફસેટ,વેરાવળ પાસેથી રૂબરૂ ભાવો મેળવી ખરીદીઓ કરતા ઉકત વિગતે સ્પર્ધાત્મક ભાવો મેળવ્યા વગર ખરીદી કરેલ છે. જેથી હરીફ દરનો લાભ ગુમાવેલ છે. જેથી નિયમોની જોગવાઇ વિરૂધ્ધ કાર્યવાહી કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે

(૨) ઉકત વિગતે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ દ્વારા તા.૩૦/૧/૨૦૧૫ રેફ: સસયુ/પ્રિન્ટીંગ /૧૧૬/૨૦૧૪-૧૫ ના કાર્યાલય આદેશ મુજબ ૫૦૦ ડાયરી છાપવા અંગેનો વર્ક ઓર્ડર આપેલ હતો. પરંતુ વાઉચર તથા બીલની ચકાસણી મુજબ કુલ ૫૨૦ નંગ ડાયરી અંગે બીલ રૂ.૬૭,૦૪૭/- નુ ચુંકવણુ કરવામાં આવેલ હતો જેથી ૨૦

ડાયરીઓનો  વધુ ખર્ચ રૂ.૨,૫૮૦/- કરવામાં આવેલ છે. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે અન્યથા વધુ કરેલ ખર્ચની વસુલાત મેળવી ઓડિટને આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

(૩) આવક વેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૯૪ મુજબ માલસામાન પુરો પાડનાર એજન્સીના બિલેથી ૨ ટકા મુજબ આવકવેરો ગણી તે મુજબ વસુલ કરવાના રહે. ઉપરોક્ત ક્રમ નંબર ૨ અને ૩ ના કામ/ખરીદી રૂ.૧,૨૯,૪૪૭/- નું હોઇ આવકવેરો રૂ.૨,૫૯૦/- કપાત કરવાને બદલે રૂ.૧,૨૯૫/- કપાત કરેલ હતો. જેથી બાકી રહેલ આવકવેરો રૂ.૧,૨૯૫/- ની સત્વરે વસુલાત મેળવી જમાંના આધાર સહ સંસ્થાએ ખરાઇ કરાવવી ઘટે.

(૪) અન્વેષણ દરમ્યાન જુદા-જુદા પ્રકારની ખરીદેલ ઉત્તરવહી અંગે પરીક્ષા વિભાગ દ્વારા મળેલ સ્ટોક, ઇસ્યુ અને બચત માલ અંગે અદ્યતન રજીસ્ટર નિભાવવાનું રહે. જે નિભાવ્યાના આધારો/રજીસ્ટંર રજુ નહી થવાથી મળેલ સ્ટોક, ઇસ્યુ કરેલ તેમજ વર્ષ આખરે બંધ સ્ટોકની વિગતની ચકાસણી થઇ શકેલ નથી. તેમજ ક્રમ નં.૩ મુજબ ડાયરીની કેટલી જરૂરીયાત હતી / કયા કયા અધિકારી/પદાધિકારીશ્રીને આપવાની હતી/ આપેલ હતી. તેની વિગતો દર્શાવતુ રજીસ્ટર સંસ્થાએ નિભાવવાનુ રહે. જે નિભાવેલ ન હોવાથી ડાયરી નંગ ૫૨૦ ની ખરીદી કરી, કરાયેલ ચુકવણાની યથાર્થતાની ઓડીટને ખાતરી થયેલ ન હતી.  જે બાબતે રેકર્ડ આધારીત ખરાઇ કરાવવી રહે.

(૫) સંસ્થા દ્વારા અગાઉનો સ્ટોક ધ્યાને લઇને છાપકામ અંગેનો ઓર્ડર આપવામાં આવેલ હોવાનું તથા આ જથ્થામાં ઉત્તરવહી અને પુરક ઉત્તરવહી ઉપલબ્ધ હોવાથી તેનો પ્રથમ ઉપયોગ કરવાનો રહેતો હતો જે મુજબ ઉપયોગ કર્યા અંગે રેકર્ડ આધારીત ખરાઇ કરાવવી રહે.

ઉપરોક્ત વિગતે મુદા નં ૧ થી ૪ ની આધારસહ પૂર્તતા કરી ખાતરી કરાવતાં સુધી ખર્ચની રકમ રૂ.૨,૯૦,૧૭૭/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાના જવાબમાં મુદા નં – ૩ અંગે આધાર સહ ખાતરી કરાવતાં માન્ય રાખવામાં આવે છે. મુદા નં  - ૧,૨,૪ અને ૫ ની પુર્તતા નિયમો સાથે સુંસગત ન હોઈ માન્ય રહી શકે નહિં

વાંધા હેઠળ રૂ.૨,૯૦,૧૭૭/- સદર: સ્ટેશનરી અને પ્રિન્ટીંગ
વસુલાતપાત્ર રકમ રૂા.૨૫૮૦/-  ડાયરી ખર્ચ
વસુલાતપાત્ર રકમ રૂા. ૧૨૯૫/- આવકવેરા કપાત

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**બાંધકામ શાખા**
**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – ૬**

**વર્ક રજીસ્ટર (કામોનું નોંધ પત્રક) નહીં નિભાવવા બાબત**

ગુજરાત નાણાંકીય હિસાબ અને અંદાજપત્ર બાબતના નિયમો-૧૯૬૩ ના નિયમ-૨૪૮ ની જોગવાઈ મુજબ નિયત નમુના ક્રમાંક નં.૬૧ મા દરેક બાંધકામોની વિગતોની નોંધ માટે વર્ક રજીસ્ટર નિભાવવાનુ રહે છે. આ વર્ક રજીસ્ટરમાં નીચે મુજબની વિગતો નોંધવાની રહે છે.

(૧) વર્ક રજીસ્ટરમા યોજના વાઈઝ અલગ નિભાવવાનુ રહે છે તેમજ કામ વાઈઝ પાના ફાળવી નોંધ કરવાની રહે છે.

(૨) વર્ક રજીસ્ટરમા પ્રથમ અગાઉના વર્ષોના અધુરા રહેલા (સ્પીલ ઓવર) કામોની વિગતો નોંધવાની રહે છે.

(3) વર્ક રજીસ્ટરમાં કામનુ નામ, એજન્સી, ટેન્ડરની વિગત તાંત્રિક તથા વહીવટી મંજુરીની વિગત, કરાર, વર્ક ઓર્ડર, કામની મુદ્દત, ચુકવેલ બીલો (વાઉચર નંબર/તારીખ સહીત)ની વિગતો, કમ્પલીશન સર્ટીફીકેટ વિગેરે તમામ વિગતો નોંધી તાંત્રિક સુપરવાઈઝર તથા સક્ષમ અધિકારીશ્રીની સહીથી પ્રમાણીત કરવાનુ રહે છે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના ઓડિટ અન્વેષણ દરમ્યાન વર્ક રજીસ્ટર રજુ કરેલ નથી. વર્ક રજીસ્ટર સંપૂર્ણ વિગતે નિભાવી અદ્યતન તૈયાર કરી આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

પ્રાથમિક વાંધાના જવાબમાં સંસ્થાએ સુચના મુજબનું રજિસ્ટર નિભાવવા કાર્યવાહી કરવાનું જણાવેલ છે. જે મુજબ કાર્યવાહી થવી ઘટે.

**ફકરાનંબર – ૭**

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.કેમ્પસ, વેરાવળ ખાતે વિવિધ મકાનો બાંધકામના કામોમાં જણાયેલ અનિયમિતતાઓ અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ. દ્વારા વિવિધ મકાનોના બાંધકામ માટે કાઇ.શ્રી, મા. અને મ. વિભાગ,જુનાગઢને હવાલે મુકેલ ઓડીટ વર્ષ સુધીની ગ્રાન્ટની વિગત નીચે મુજબ હતી.

| ૩૧/૩/૧૫ સુધી આવેલ ગ્રાન્ટ | ૩૧/૩/૧૫ સુધી આર. & બી. ને આપેલ ગ્રાન્ટ | ૩૧/૩/૧૫ સુધી કામ અંગે ખર્ચ | સને-૨૦૧૪-૧૫ મા થયેલ ખર્ચ |
|---|---|---|---|
| ૧૦,૫૩,૫૪,૦૦૦/- | ૯,૨૨,૦૦,૦૦૦/- | ૯,૨૩,૫૪,૫૮૨/- | ૭,૯૬,૮૦,૫૬૨/- |

જે અંગે રજુ કરેલ ફાઇલની ચકાસણી કરતાં નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) સેકશન અધિકારીશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં સુધારા ઠરાવ નં સંસચ/૧૨૧૦/ન-બા/૪૭૨૫/ખ તા.૨૭/૨/૧૩ થી મેઇન બિલ્ડીંગ,કોલેજ બિલ્ડીંગ, હોસ્ટેલ બિલ્ડીંગ,ખ ટાઇપ કવાર્ટર, સી.સી.રોડ અને ડેનેજ,સમ્પ,બોર,ટ્રી પ્લાનટેશન અને કમ્પાઉંડ વોલ વગેરે વિવિધ કામો માટે અંદાજીત રૂ.૧૦,૫૩,૫૪,૧૩૫/- ની વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

મુખ્ય ઇજનેરશ્રી, મા.અને મકાન વિભાગ, ગાંધીનગર નાં યાદી પત્ર નં બીઇડી/૫૭/૨૦૧૧/૧૧૧૧/ન તા. ૧૬/૩/૧૩ થી ઉપરોક્ત વિવિધ કામોની રૂ.૧૦,૮૫,૪૦,૦૦૦/- ની તાંત્રિક મંજુરી આપેલ હતી.

(૨) ઉપરોક્ત કામો અંગે અંદાજીત રકમ રૂ.૯,૪૦,૪૬,૮૫૮/- ની સામે ૭% નીચા એટલે કે રૂ.૮,૭૪,૫૯,૧૧૮/- નુ ટેન્ડર સ્વીકૃતી પત્ર, કામની આનંદ એસોસીએશન ગાંધીનગરને કા.ઇ. મા. અને મકાન વિભાગ,જુનાગઢ દ્વારા તા.૧૬/૯/૨૦૧૩ ના રોજ લખેલ હતો. પરંતુ ઓનલાઇન ટેન્ડરીંગ પ્રક્રીયામાં કેટલા ટેન્ડરો આવેલ હતાં અને સ્પર્ધાત્મક ભાવોનો સરકારશ્રીને લાભ મળેલ હતો કે કેમ? તેની વિગતો ફાઇલે ઉપલબ્ધ ન હતી.

(૩) સને.૨૦૧૪-૧૫ સુધીમાં કામોનો કૂલ ખર્ચ રૂા.૯,૨૩,૫૪,૫૮૨/- થયેલ છે. વર્ક ઓર્ડર વધુ ખર્ચ કરવા અંગે સક્ષમ અધિકારીશ્રી દ્વારા મંજુરીના આધારો રજુ થયેલ નથી. જે રજુ કરી ઓડીટ ખાત્રી કરાવવી

(૪) ઉપરોક્ત કામ ચાલુ કરવા અંગેનો વર્ક ઓર્ડર તા.૭/૧૦/૨૦૧૩ ના રોજ આપવામાં આવેલ હતો. જે કામની મુદત ૧૫ માસની હતી. જેથી કામ તા.૬/૧/૧૫ ના રોજ પુર્ણ કરવાનું હતુ. પરંતુ ઓડીટ વર્ષ ૨૦૧૪-૧૫ ની ૩૧/૩/૧૫ સુધીમાં ઉક્ત કામ પુર્ણ થયેલ ન હતું. સબબ સરકારશ્રીનાં પ્રવર્તમાન નિયમાનુસાર વિલંબ વળતરનીવસુલાત કર્યાનાં આધાર ફાઇલે ઉપલબ્ધ ન હતાં.તેમજ કામ વિલંબ અંગે સંસ્થાએ કરેલ પત્રવ્યવહારની ફાઇલો અન્વેષણમાં રજુ થયેલ નથી.

(૫) કાર્યપાલક ઇજનેરશ્રી મા. અને મકાન વિભાગ,જુનાગઢ પાસેથી સમયાંતરે કામોનો પ્રગતિ અહેવાલ મેળવવાનો હતો. જે મેળવેલ હોવાના આધાર ઉપલબ્ધ ન હતાં

(૬) ઉપરોક્ત કામ અંગે યુનિવર્સિટી ના વાર્ષિક હિસાબ મુજબ કુલ રૂ.૯,૨૩,૫૪,૫૮૨/- નો ખર્ચ કરેલ છે.જેની સામે રૂ.૯,૨૨,00,000/- નું કા.ઇ.શ્રી, આર & બી, જુનાગઢ દ્વારા યુ.ટી.સી. આપેલ હતુ.જેથી તફાવત રકમ રૂ.૧,૫૪,૫૮૨/- થાય છે. જેના ખર્ચનું યુ.ટી.સી. મેળવી ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

(૭) વહિવટી મંજુરી ના તા.૨૭/૨/૧૩નાં પત્ર અન્વયે ક્રમ નં-૧ માં દર્શાવેલ કામો પૈકી તા.૩૧/૩/૧૫ સુધીમાં કેટલા કામો પુર્ણ થયેલ હતાં ઉપરાંત પુર્ણ થયેલ કામો અંગે કામ દિઠ કેટલો ખર્ચ થયેલ હતો તેનીમાહિતી ફાઇલે ઉપલબ્ધ ન હતી. જેથી કામોની અંદાજીત રકમ કરતાં કેટલો વધુ કે ઓછો ખર્ચ થયેલ હતો તેની ચકાસણી શક્ય બનેલ નથી.

ઉક્ત મુદા નં.૧ થી ૭ ની પૂર્તતા થતા સુધી થયેલ ખર્ચ રૂ.૭૯૬૮૦૫૬૨/- વાંધા હેઠળ રાખવામાં આવે છે

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો આપેલ જવાબ ફકરાના જુદા સાથે સુંસગત નથી.

વાંધા હેઠળ રકમ રૂ.૭.૯૬.૮૦.૫૬૨/-

સદર :- ૨૨૦૨ શિક્ષણ (બાંધકામ )

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**બાંધકામ શાખા**
**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર - ૮**

**યુનિવર્સિટી ભવનના રૂમમાં એ.સી.શેડ કામગીરીમાં જણાયેલ અનિયમિતતા બાબત**

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | ભગવાનભાઇ ભીમાભાઇ સોલંકી |
| ૨ | તાંત્રિક મંજુરી તારીખ રૂા. | ઉપ્લબ્ધ નથી |
| 3 | વહિવટી મંજુરી તારીખ રૂા. | ઉપ્લબ્ધ નથી |
| ૪ | અંદાજીત રકમ | ૪,૮૫,૨૯૭/- |
| ૫ | ઉંચા .નીચા ભાવોની વિગતો/ | ૧૨.૫૦% નીચા |
| ૬ | ડીપોઝીટની વિગતો | ૨૫,૦૦૦/- |
| ૭ | વર્ક ઓર્ડર તારીખ | તા.૬/૨/૨૦૧૪ |
| ૮ | કામ શરૂ કરવાની તારીખ મુદ્દત / | ૨.૫ માસ (૭૫ દિવસ) |
| ૯ | કામ પુરૂ કરવાની તારીખ | ૨૦/૪/૨૦૧૪ |
| ૧૦ | ખરેખર કામ પૂર્ણ થયા તારીખ | ૨૫/૯/૨૦૧૪ |
| ૧૧ | માપ લીધા તારીખ.માપપોથી નં/ | રજુ કરેલ નથી |
| ૧૨ | આખરી બીલ વૌ ,.નં.તારીખ ...રકમ રૂ , કામનો કુલ ખર્ચ | ૫૦૭/૩૧-૩-૧૫ રૂા. ૩,૦૮,૩૬૨/- |
| ૧૩ | સ્ટારરેઇટની વિગતો | ------ |
| ૧૪ | કામનું સદર | Extension of building |

ઉપરોકત પુરા થયેલ કામની ફાઇલ તથા સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) માર્ગ અને મકાન વિભાગના ઠરાવ નં ટી.એન.સી – ૨૫૦ (૩) સી તા.૨૧/૧૨/૧૯૮૭ ના સુચના મુજબ મળેલ ભાવ ૧૦ % થી ઓછા હોય તેવા સંજોગોમાં રેઈટ એનાલીસીસ કરી આવેલ ભાવે કામ પૂર્ણ કરવા ઈજારદાર શકિતમાન થશે કે કેમ તેની ચકાસણી કરવાની રહે આ કિસ્સામાં આવી પ્રકિયા કર્યાના આધારો ઓડિટ સમક્ષ રજુ થયેલ નથી.

(૨) ગુજરાત જાહેરાત બાંધકામ નિયમ સંગ્રહ ભાગ-૨ નાં ફકરા નં.૧૫૧ ની જોગવાઇ અન્વયે અંદાજીત રકમના ૧૦-% થી નીચા ભાવે કામો થયેલ હોય ત્યારે તાંત્રીક તથા વહીવટી મંજુરી સુધારેલ/રીવાઇઝ મેળવવી જોઇએ. આ અંગે માર્ગ અને મકાન વિભાગના તા.૧૯/૦૭/૨૦૧૦ ના ટેન્ડર મંજુરીના પત્રની સુચના મુજબ પણ સુધારેલ મંજુરીઓ મેળવવા જણાવેલ છે. તેમ છતાં ઉક્ત કામ ૧૨.૫૦% નીચા ભાવે ટેન્ડર મંજુર કરવામાં આવેલ હોય સક્ષમ કક્ષાએથી સુધારેલ મંજુરીઓ મેળવ્યાના આધારો ફાઇલે નથી.

(૩) ઉકત બાંધકામ અંગે તૈયાર કરેલ અંદાજોની વહિવટી અને તાંત્રિક મંજુરી કયારે મેળવવામાં આવી તેની વિગતોની મંજુરી સહ ઉપલબ્ધ કરીને ખરાઇ કરાવવી ઘટે

(૪) ઇજારદારે વાપરેલ ગૌણ ખનીજોની રોયલ્ટીની રકમ નર્મદા,જળસંપતિ,પાણીપુરવઠા અને કલ્પસર વિભાગના ઠરાવ નં. જીઇએન/૨૦૧૦/૫૯૫(૬)/એમ.આઇ.સેલ(ક-૧) તા.૨૯-૪-૨૦૧૧થી નિયત થયેલા દરે કામના ચુકવેલ બીલોમાંથી કપાત કરી મુખ્ય સદર ૦૮૫૩ નોન ફેરસ માઇનીંગ એન્ડ મેટલર્જીકલ ઇન્ડસ્ટ્રીઝના સદરે જમા કરાવવાની રહે છે. આ કામના બીલોમાંથી કપાત કરેલ ગૌણ ખનીજોની રોયલ્ટીની રકમો સરકારશ્રીમાં જમા કરાવ્યાના કોઇ આધારો વર્કફાઇલે સામેલ ન હતા જે રજુ કરી આધારસહ ખાત્રી કરાવવી ઘટે.

(૫) માર્ગ અને મકાન વિભાગનાં તા.૩૧/૧૨/૨૦૦૯ નાં પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૭ /૨૮/સ તથા ટેન્ડર કલોઝ – ૭૭ મુજબ સદરહુ કામમાં વપરાતા માલસામાનની ગુણવતાના ઓછામાં ઓછા ૧૦% પરિક્ષણો ગેરી પાસે કરાવવા ફરજીયાત છે. ગેરીના રીઝલ્ટ મેળવ્યાના આધારો રજુ કર્યા સિવાય કપાત કરેલ ડીપોઝીટ સરભર કરી ચુકવણું કરવામાં આવેલ છે. પરંતુ આજદીન સુધી ગેરીના રીઝલ્ટ મેળવ્યાંના આધારો રજુ થયેલ નથી. તથા ગેરીના રીઝલ્ટ ન મળવાને કારણે કામ યોગ્ય ગુણવત્તાવાળુ થયાની ખાત્રી થયેલ નથી.

(૬) આ કામ પુર્ણ થયા અંગેનું કમ્પ્લીશન સર્ટીફીકેટ ફાઇલે સામેલ ન હતું જે અંગે સ્પષ્ટતા થવી ઘટે

(૭) ટેન્ડર કલોઝ-૬ ની જોગવાઇ મુજબ ઠેકેદારને આપવામાં આવેલ કામ નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવાના રહે છે. પરંતુ અનિવાર્ય પરિબળોને કારણે

સમયમર્યાદામાં કામ પૂર્ણ ન થઇ શકવાના સંજોગોમા કામ પૂર્ણ થવાની તારીખથી ૩૦ દિવસ અગાઉ અથવા કામના વિલંબના કારણો ઉપસ્થિત થતાં તુરત જ બંન્ને માંથી જે વહેલું હોય તે સમય મર્યાદામાં સક્ષમ સત્તાધિકારી પાસે વ્યાજબી કારણો સાથે જે તે કામે મુદત વધારો મળવા ઇજારદારશ્રીએ માંગણી રજુ કરી દેવાની રહે છે. તેમાં ચુક થયે ટેન્ડર કલોઝ-૨ મુજબ કામના ટેન્ડર ની રકમના ૦.૧% લેખે પ્રતિદિન મુજબ થતી રકમ અથવા અંદાજના વધુમાં વધુ ૧૦% સુધી રકમ વસુલ લેવાની જોગવાઇ છે. પરંતુ આ કામનો વર્ક ઓર્ડર તા.૬/૨/૨૦૧૪ નાં રોજ આપી મુદ્દત-૨.૫ માસની તા.૨૦/૪/૧૪ સુધીમાં પૂર્ણ કરવાનું હતું. આમ છતાં કામ કરવાની મુદત પૂર્ણ થયા બાદ એજન્સી દ્વારા તા.૨૫/૯/૧૪ ના રોજ કામ પુર્ણ કરેલ છે. જેથી કામ ૧૫૯ દિવસ મોડુ પુર્ણ થયેલ છે તેમજ એજન્સી દ્વારા મુદત વધારો માગેલ નથી તેમજ કરોબારીએ મંજુરી આપેલ નથી.જેથી રૂા.૩,૭૯૦/- વિલંબ વળતરની રકમ વસુલાત કરી આધાર સહ ઓડીટને આધારિત ખાતરી કરાવવી.

(૮) ઉપરોક્ત કામ અંગે માપપોથી નિભાવેલ નથી જેથી કયારે કેટલુ કામ થયુ છે? અને કેટલુ કામ અંગે ચુકવણુ થયુ છે? તે ચકાસણી થયેલ નથી જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૯) આવકવેરા અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૯૪ મુજબ માલસામાન પુરો પાડનાર એજન્સીના બિલેથી ૨ ટકા મુજબ આવકવેરો ગણી તે મુજબ વસુલ કરવાના રહે. ઉપરોક્ત કામ રૂા.૩,૦૮,૩૬૨/- નું હોઇ આવકવેરો રૂા.૬,૧૬૭/- કપાત કરવાને બદલે રૂા.૩,૨૬૯/- કપાત કરેલ હતો. જેથી બાકી રહેલ આવકવેરો રૂા.૨,૮૯૮/- ની સત્વરે વસુલાત મેળવી જમાંના આધાર સહ સંસ્થાએ ખરાઇ કરાવવી ઘટે.

(૧૦) માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.ટીએનસી-૧૦૮૮-આઇબી-૧૮-સ તા.૬/૪/૧૯૯૮ અને વખતોવખતના ઠરાવોની જોગવાઇ મુજબ આ કામમાં વપરાશ થયેલ માલ-સામાનની ખરીદીના અસલ બીલો એજન્સીનએ રજુ કરવાના રહે છે. જે મેળવ્યા વગર આખરી બીલનું ચુકવણું થવા અંગે જવાબદારેથી ખારાઇ કરાવવી રહે.

(૧૧) કામ અંગે ટેન્ડર રૂા.૪,૮૫,૨૯૭/- ના ૧૨.૫૦ ટકા નીચા એટલે કે ૪૨૪૬૩૫/- માં કામ પૂર્ણ કરવાનુ ઈજારદારે સ્વીકારેલ હતું આ કામ રૂા.૩૦૮૩૬૨/- માં પૂર્ણ થયેલ હોય વાસ્તાવિક મૂળ અંદાજ ૩૬ % ઓછા ખર્ચ કામ પૂર્ણ થયેલ છે. સંસ્થા ક્રમ નં (૮) માં

દર્શાવ્યા મુજબ માપપોથી નિભાવેલ ન હોય તેમજ સેવીંગ/એકસેસ પત્રક પણ તૈયાર કરેલ ન હોય ખરેખર કામ અંદાજ પ્રમાણે થયાની ખરાઈ થઈ શકેલ નથી.

ઉકત વિગતે મુદા નં ૧ થી ૧૧ ની પુર્તતા સહ સ્પષ્ટતા થતાં સુધી ખર્ચની રકમ રૂા.૩,૦૮,૩૬૨/- ઓડીટમાં વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રાથમિક વાંધાના જવાબમાં સંસ્થાએ મુદા નંબર – ૧ તથા ૨ ની પુર્તતા આધારસહ કરાવેલ હોય માન્ય રાખવા આવે છે. મુદા નંબર – ૩ થી ૯ ની પુર્તતા નિયમો સાથે સુંસગત નથી. જેથી માન્ય રાખી શકાય નહિં ફકરાની વિગતેની કાર્યવાહી થવી ઘટે.

વાંધાહેઠળ રૂા.૩,૦૮,૩૬૨/-
સદર. Extension of building
વસુલાત રૂા.૩,૭૯૦/-
સદર. વિલંબ વળતર
વસુલાત રૂા.૨,૮૯૮/-
સદર. આવકવેરો

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી

બાંધકામ શાખા

વેરાવળ સને. ૨૦૧૪-૧૫

ફકરા નંબર - ૯

## ચાઇના મોજેક (ટાઇલ્સ)ની કામગીરીમાં જણાયેલ અનિયમિતતા બાબત

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ | દિવ્યશક્તિ એન્ટરપ્રાઇઝ,સુત્રપાડા |
| ૨ | તાંત્રિક મંજુરી તારીખ રૂા. | ઉપ્લબ્ધ નથી |
| ૩ | વહિવટી મંજુરી તારીખ રૂા. | ઉપ્લબ્ધ નથી |
| ૪ | અંદાજીત રકમ | ૧,૫૦,૦૦૦/- |
| ૫ | ઉંચા .નીચા ભાવોની વિગતો/ | ભાવોભાવ |
| ૬ | ડીપોઝીટની વિગતો | ૫,૦૦૦/- સિક્યુરીટી ડીપોઝીટ |
| ૭ | વર્ક ઓર્ડર તારીખ | ૨/૧/૨૦૧૫ |
| ૮ | કામ શરૂ કરવાની તારીખ મુદ્દત / | ૧૫ દિવસ) |
| ૯ | કામ પુરૂ કરવાની તારીખ | ૧૭/૧/૨૦૧૫ |
| ૧૦ | ખરેખર કામ પૂર્ણ થયા તારીખ | ૧૯/૨/૨૦૧૫ |
| ૧૧ | માપ લીધા તારીખ .માપપોથી નં/ | રજુ કરેલ નથી |
| ૧૨ | આખરી બીલ વાઉચર નં, તારીખ<br>કુલ ખર્ચ રૂા. | ૨૦૪ તા.૧૩/૩/૧૫<br>રૂા.૧,૩૭,૫૫૦/- |
| ૧૩ | કામનું સદર | Building maintains |

ઉપરોકત પુરા થયેલ કામની ફાઇલ તથા સાધનિક રેકર્ડની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉકત બાંધકામ અંગે તૈયાર કરેલ અંદાજોની વહિવટી અને તાંત્રિક મંજુરી કયારે મેળવવામાં આવી તેની વિગતોની મંજુરી સહ ઉપલબ્ધ કરીને ખરાઇ કરાવવી ઘટે.

(૨) માર્ગ અને મકાન વિભાગનાં તા.૩૧/૧૨/૨૦૦૯ નાં પરિપત્ર નં.પરચ/૧૦૨૦૦૭ /૨૮/સ તથા ટેન્ડર કલોઝ – ૭૭ મુજબ સદરહુ કામમાં વપરાતા માલસામાનની ગુણવતાના

ઓછામાં ઓછા ૧૦% પરિક્ષણો ગેરી પાસે કરાવવા ફરજીયાત છે. ગેરીના રીઝલ્ટ મેળવ્યાના આધારો રજુ કર્યા સિવાય કપાત કરેલ ડીપોઝીટ સરભર કરી ચુકવણું કરવામાં આવેલ છે. પરંતુ આજદીન સુધી ગેરીના રીઝલ્ટ મેળવ્યાંના આધારો રજુ થયેલ નથી. તથા ગેરીના રીઝલ્ટ ન મળવાને કારણે કામ યોગ્ય ગુણવત્તાવાળુ થયાની ખાત્રી થયેલ નથી.

(3) આ કામ પુર્ણ થયા અંગેનું કમ્પ્લીશન સર્ટીફીકેટ ફાઇલે સામેલ ન હતું જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૪) ટેન્ડર કલોઝ-૬ ની જોગવાઇ મુજબ ઠેકેદારને આપવામાં આવેલ કામ નિયત કરવામાં આવેલ સમયમર્યાદામાં કામ પૂર્ણ કરવાના રહે છે. પરંતુ અનિવાર્ય પરિબળોને કારણે સમયમર્યાદામાં કામ પૂર્ણ ન થઇ શકવાના સંજોગોમા કામ પૂર્ણ થવાની તારીખથી 30 દિવસ અગાઉ અથવા કામના વિલંબના કારણો ઉપસ્થિત થતાં તુરત જ બંન્ને માંથી જે વહેલું હોય તે સમય મર્યાદામાં સક્ષમ સત્તાધિકારી પાસે વ્યાજબી કારણો સાથે જે તે કામે મુદત વધારો મળવા ઇજારદારશ્રીએ માંગણી રજુ કરી દેવાની રહે છે. તેમાં ચુક થયે ટેન્ડર કલોઝ-ર મુજબ કામના ટેન્ડર ની રકમના ૦.૧% લેખે પ્રતિદિન મુજબ થતી રકમ અથવા અંદાજના વધુમાં વધુ ૧૦% સુધી રકમ વસુલ લેવાની જોગવાઇ છે. પરંતુ આ કામનો વર્ક ઓર્ડર તા.૨/૧/૧૫ નાં રોજ આપી મુદ્દત-૧૫ દિવસ ની હતી જેથી કામ તા.૧૭/૧/૧૫ સુધીમાં પૂર્ણ કરવાનું હતું. આમ છતાં કામ કરવાની મુદત પૂર્ણ થયા બાદ એજન્સી દ્વારા તા.૧૯/૨/૧૫ ના રોજ કામ પુર્ણ કરેલ છે. જેથી કામ ૩૨ દિવસ મોડુ પુર્ણ થયેલ છે તેમજ એજન્સી દ્વારા મુદત વધારો માગેલ નથી તેમજ કરોબારીએ મંજુરી આપેલ નથી.જેથી રૂા.૪૮૦૦/- વિલંબ વળતરની વસુલાત મેળવી ઓડીટને અધારીત ખરાઇ કરાવવી ઘટે.

(૫) ઉપરોક્ત કામ અંગે માપપોથી નિભાવેલ નથી જેથી કયારે કેટલુ કામ થયુ છે? અને કેટલુ કામ અંગે ચુકવણુ થયુ છે? તે ચકાસણી થયેલ નથી જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૬) માર્ગ અને મકાન વિભાગના પરિપત્ર નં.ટીએનસી-૧૦૮૮-આઇબી-૧૮-સ તા.૬/૪/૧૯૯૮ અને વખતોવખતના ઠરાવોની જોગવાઇ મુજબ આ કામમાં વપરાશ થયેલ માલ-

સામાનની ખરીદીના અસલ બીલો એજન્સીએ રજુ કરવાના રહે છે. જે મેળવ્યા વગર આખરી બીલનું ચુકવણું થવા અંગે જવાબદારેથી ખરાઇ કરાવવી રહે.

(૭) માર્ગ અને મકાન વિભાગના તા.૧૫/૧૦/૯૧ તથા તા.૩૧/૩/૯૯ ના પરિપત્ર મુજબ અંદાજીત કામના ૫ % સિકયોરીટી ડીપોઝીટ રૂા.૭,૫૦૦/- લેવાની રહે જે ન લેવા અંગે સ્પષ્ટતા થવી ઘટે અને મુંબઇ સ્ટેમ્પ એકટ-૧૯૫૮ અનુસુચી-૧ આર્ટીકલ-૩૬(ક) તથા સુપ્રિ. ઓફ સ્ટેમ્પ ગાંધીનગરના પરિપત્ર નં.સ્ટેમ્પ–અશન-૧૪-૨૦૦૭-૯૩૯ તા.૫/૨/૦૭ મુજબ સિકયોરીટી ડીપોઝીટના ૩.૫ ટકા લેખે રૂા.૨૬૩/- ના સ્ટેમ્પ પેપર્સ પર કરાર કરવાના રહે. પરંતુ આ અંગે કોઇ કરાર કરવામાં આવેલ ન હોય જે બાબતે ખરાઇ કરવી રહે અને સ્ટેમ્પ ડયુટીની વસુલાત કરવી રહે.

ઉકત વિગતે મુદા નં ૧ થી ૭ ની પુર્તતા સહ સ્પષ્ટતા થતાં સુધી ખર્ચની રકમ રૂા.૧,૩૭,૫૫૦/- ઓડીટમાં વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રાથમિક વાંધાના જવાબમાં સંસ્થાએ મુદા નંબર – ૧ ની આધાર સહ પુર્તતા કરેલ હોય માન્ય રાખવામાં આવે છે. મુદા નંબર – ૨ થી ૭ ની કરાયેલ પુર્તતા નિયમો સાથે સુસંગત ન હોય ગ્રાહ્ય રાખવામાં આવતી નથી.

વાંધાહેઠળ રૂા.૧,૩૭,૫૫૦/-
સદર. Building maintains
વસુલાત રૂા.૪૮૦૦ /-
સદર. વિલંબ વળતર
વસુલાત રૂા.૨૬૩/-
સદર. સ્ટેમ્પ ડ્યુટી

**ફકરા નંબર – ૧૦**

## સી.સી.ટીવી કેમેરાની ખરીદીમાં જણાયેલ અનિયમિતતા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ નાં અન્વેષણ દરમ્યાન સી.સી.ટીવી કેમેરાની ખરીદી કરતાં જેના વાઉચરો તથા ખરીદીની ફાઇલોની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ નં | બીલ નં./ તારીખ | પાર્ટીનુ નામ | ખરીદી | રકમ રૂ. |
|---|---|---|---|---|
| ૧ | ૨૪૫/ ૩૦-૯-૧૪ | આસ્થા કોમ્પ્યુટર, વેરાવળ | સી.સી.ટીવી કેમેરાની ખરીદી | ૨,૬૧,૫૯૮/- |
| | | | **કુલ** | **૨,૬૧,૫૯૮/-** |

(૧) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીએ સી.સી.ટીવી કેમેરાની ખરીદી અંગે તા.૨૯/૫/૧૪ ના રોજ જાહેરાત આપી કુલ- ૭ પાર્ટીના ભાવ આવેલ હતાં જે પૈકી આસ્થા કોમ્પુટર,વેરાવળ ક્રમ નં-૬ ને ખરીદી/કામ માટેના ભાવ મંજુર કરી તા.૧૨/૮/૧૪ થી વર્ક ઓર્ડર આસ્થા કોમ્પુટર & સેલ્સ સર્વિસને આપેલ હતો. જેના ભાવો તુલનાત્મક પત્રક મુજબ ચકાસણી કરતાં ક્રમ નં-૩ આર્ય કોમ્યુનિકેશન ગાંધીનગર, ACTIVE કંપનીના ભાવો સરેરાશ ઓછા આવેલ છે. જેમાં તુલના કરતાં DVR Channel -૨૯૦૦/- ,૩૯૦૦/-, ૫૫૦૦/- અને ૨૦,૦૦૦/- જેની સામે આસ્થા કોમ્પ્યુટરના ૪૨૦૦/-, ૬૧૦૦/-, ૭૨૦૦/- અને ૨૩૫૦૦/- ના ભાવો આવેલ પરંતુ ઓછા ભાવ આવવા છતાં આસ્થા કોમ્પ્યુટરને કામ આપેલ જેની સ્પષ્ટતા થવી ઘટે.

તેમજ વર્ક ઓર્ડર આપતા પહેલા બન્ને પાર્ટીઓને રૂબરૂ બોલાવી નેગોશીએસન કરેલ હોત તો સંસ્થાને ઓછા ભાવે કામગીરી કરી શકાત. આથી સંસ્થાએ લાભની તક ગુમાવેલ છે.

(૨) આવક વેરા અધિનિયમ-૧૯૬૧ ની કલમ-૧૯૪ સી મુજબ માલસામાન પુરો પાડનાર એજન્સીના બીલેથી ૨ ટકા આવકવેરો ગણી તે મુજબ વસુલાત મેળવી સરકારશ્રીનાં ૦૦૨૧ આવક વેરા સદરે સંસ્થાએ જમા કરાવવાની રહે છે. આ બીલમાંથી આવકવેરાની ૧% લેખે રૂ.૨,૬૪૨/- કપાત કરવામાં આવેલ છે. જે ખરેખર ૨% મુજબ રૂ. ૫,૨૩૦/-

કપાત કરવાની થાય છે. જે સંસ્થા દ્વારા કપાત કરવામાં આવેલ નથી. જેથી તે મુજબ રૂ.૨,૫૮૮/- વસુલાત મેળવી સરકારશ્રીનાં ૦૦૨૧ આવક વેરા સદરે સંસ્થાએ જમા કરાવી ખરાઇ કરવવી રહે.

(3) આ કામ/ ખરીદી અંગે સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ના આર્ટીકલ-૨૭ મુજબ કામની કિંમતના ૫ % સિક્યુરીટી ડીપોઝીટ લેવાની રહે છે. તેમજ સિક્યુરીટી ડીપોઝીટના ૩.૫૦ % મુજબ સ્ટેમ્પ ડયુટી વસુલ કરી કરારખત કરવું જોઈએ. જે સિક્યુરીટી ડીપોઝીટ મેળવેલ નથી તેમજ કરારખત કરવામાં આવેલ નથી. કરેલ ખર્ચ રૂ. ૨,૬૪,૨૪૦/- નાં ૫ % લેખે સિકયુરીટી ડીપોઝીટ રૂ. ૧૩,૨૧૨/- નાં ૩.૫૦ % પ્રમાણે રૂ. ૪૬૨=૦૦ સ્ટેમ્પ ડયુટી વસુલ કરી, નાણા સરકારશ્રીમાં જમા કરાવી ખાતરી કરાવવી ઘટે.

(૪) સંસ્થાએ તા. ૧/૮/૨૦૧૪ ના રોજ રેફ. નં.-સી.સી.ટીવી./૫૮૭૧/૧૪ મુજબ સભ્યોશ્રીઓની કમિટીએ કેમેરા ખરીદ કરવા બાબત રીપોર્ટ રજુ કરવાનો જણાવેલ હતો. પરંતુ ખરીદીની ફાઇલે આવો કોઇ રીપોર્ટ રજુ થયેલ નથી.

ઉપરોક્ત વિગતે મુદા નં ૧ થી ૪ ની આધારસહ પૂર્તતા કરી ખાતરી કરાવતાં સુધી ખર્ચની રકમ રૂ.૨,૬૧,૫૯૮/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રાથમિક વાંધાના જવાબમાં સંસ્થાએ મુદા નં ૪ ની પુર્તતા સાથે રીપોર્ટ રજુ કરેલ છે. જેથી મુદા નં – ૪ માન્ય રાખવામાં આવે છે. મુદા નં - ૧ થી ૩ ની પુર્તતા નિયમો સાથે સુંસગત ન હોઈ માન્ય રાખવામાં આવતી નથી.

વાંધા હેઠળ રૂ.૨,૬૧,૫૯૮/-
વસુલાત રૂ.૨,૫૮૮/-
સદર.૦૦૨૧
વસુલાત રૂ. ૪૬૨/-
સદર. 0030(સ્ટેમ્પ ડ્યુટી)

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર - ૧૧**

## એરકંન્ડીશનરની ખરીદીમાં જણાયેલ અનિયમિતતાઓ અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ના અન્વેષણમાં વાઉચરોની ચકાસણી કરતાં એક નંગ એરકંન્ડીશનરની ખરીદી નો ખર્ચ નીચેની વિગતે કરેલ હતો.

| ક્રમ નં | બીલ નં/ તારીખ | વિગત | ખર્ચની વિગત |
|---|---|---|---|
| ૧ | ૩૧૭/૨૯-૯-૨૦૧૪ | હીટાસી કંપનીનું એરકંન્ડીશનર નંગ-૧ | ૩૭, ૮૦૯.૦૦ |
| ૨ | ===//=== | એરકંન્ડીશનર નો ઇન્સ્ટોલેશન ચાર્જ | ૧,૬૫૦.૦૦ |
| | | **કુલ** | **૩૯,૪૫૯.૦૦** |

ઉપરોક્ત વિગતે કરેલ ખર્ચ અંગેના વાઉચર્ચ તથા રજુ કરેલ સાધનિક ફાઇલની ચકાસણી કરતાં નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) ઉકત વિગતેનું એરકંન્ડીશનર ખરીદવા માટે સંસ્થાએ ૩ અધિકારીશ્રીની સમિતિ નિમેલ હતી. તેઓના અભિપ્રાય મુજબ સંસ્થાએ વર્ક ઓર્ડર આપી ખરીદી કરેલ હતી. ઉપરોક્ત ખરીદી કરવા માટે આવી સમિતિની નિમણુંક કરવા અંગેના સરકારશ્રીના આધાર હોય તો તે ઓડીટમાં રજુ થવા ઘટે

(૨) ઉપરોક્ત ખરીદી કરવા માટે સ્થાનિક ૩ અધિકૃત ડીલરોના ભાવો મેળવી ખરીદી કરી શકાય પરંતુ સંસ્થાએ આવી કાર્યવાહી ન કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે. વળી બહારગામથી એ.સી.ની ખરીદી હીટાસી હોમ & લાઇફ સોલ્યુશન લિમિટેડ, મેહસાણા થી કરીને તેનું ઇન્સ્ટોલેશન પણ મયુર સેલ્સ & સર્વિસ,જુનાગઢ પાસે એટલે કે બહારગામની પાર્ટીપાસે કરાવી રૂ.૧,૬૫૦/- નો વધારાનો ખર્ચ કરેલ હતો. જો સ્થાનિક ખરીદી કરેલ હોત તો ઇન્સ્ટોલેશન ચાર્જની સંસ્થાને બચત થાત !

ઉપરોક્ત વિગતે મુદા નં ૧ થી ૨ ની આધારસહ પૂર્તતા કરી ખાતરી કરાવતાં સુધી ખર્ચની રકમ રૂ.૩૯,૪૫૯/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

પ્રાથમિક વાંધાના જવાબમાં સંસ્થાએ આપેલ મુદા નં - ૩ નો જવાબ ગ્રાહ્ય રાખવામાં આવે છે. મુદા નં – ૧ અને ૨ નો જવાબ ગ્રાહ્ય રાખવામાં આવતો નથી.

વાંધા હેઠળ રૂ.૩૯,૪૫૯/-
સદર: સરકારી ફંડ

ફકરા નંબર - ૧૨

**પદવીદાન સમારોહ અન્વયે મેડલ્સ ખરીદીમાં જણાયેલ અનિયમિતતાઓ અંગે.**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન વાઉચરો/ ફાઇલોની ચકાસણી કરતા સાતમાં પદવીદાન સમારોહ અન્વયે મેડલ્સ(ચંદ્રકો) આપવા માટે રૂા.૨,૬૭,૭૯૨/- નો ખર્ચ કરેલ જે અંગે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામા આવે છે.

| ક્રમ | વાઉચર/ બીલ નં | તારીખ | રકમ | વિગત |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | ૪૪૨ | ૨૬/૨/૨૦૧૬ | ૨,૬૭,૭૯૨/- | ઝેનીથ જવેલર્સ,રજકોટ<br>(૧) સુવર્ણ (ગોલ્ડ) નંગ.૨૧<br>(૨) રજત (સિલ્વર)નંગ.૧૫<br>(૩) કાંસ્ય (બ્રોન્ઝ) નંગ.૧૦ |
| | | કુલ | ૨,૬૭,૭૯૨/- | નંગ ૪૬ |

(૧) નાણાં વિભાગના અંગ્રેજી જાહેરનામા ક્રમાંક નં/જી.એન./૨૪/એસ.એસ.પી./ ૦૮૯/જી.ઓ.આઇ./૬૩ /ઝેડ(૬૮૯)૨003 તા.૧૭/૧૧/૨003 તથા ગુજરાત આકસ્મિક ખર્ચના નિયમો ૧૯૫૯ ના નિયમો-૧૭૧ પરિશિષ્ટ-૬ ના નિયમ-૨ મુજબ રૂા.૨૦,000/- થી વધારે રકમની ખરીદી કરતી વખતે જાહેર નિવિદા પ્રસિધ્ધી કરી સ્પર્ધાત્મક ભાવો મેળવી ખરીદી કરવી જોઇએ. અને રૂા.૧ લાખ થી વધારે રકમની ખરીદી/ખર્ચ કરતી વખતે બહોળી પ્રસિધ્ધી ધરાવતા વર્તમાનપત્રમાં જાહેરાત આપી ટેન્ડર પ્રક્રીયા દ્વારા ભાવો મેળવી ખરીદી/ખર્ચ કરવો જોઇએ. પરંતુ સંસ્થાએ રૂબરૂ ત્રણ ભાવો મેળવી ખરીદીઓ કરતા ઉકત વિગતે સ્પર્ધાત્મક ભાવો મેળવ્યા વગર ખરીદી કરેલ છે. જેથી હરીફ દરનો લાભ ગુમાવેલ છે. જેથી નિયમોની જોગવાઇ વિરૂધ્ધ કાર્યવાહી કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) પરચેઇઝ મેન્યુઅલના ચેપ્ટર-૮ ના ફકરા નં ૧૪ મુજબ જે એજન્સીના ભાવ મંજુર થાય તેની સાથે ઓર્ડેર આપતા પહેલા સ્ટેમ્પ પેપર ઉપર કરારખત કરવાનું હોય છે. જે

સંસ્થાએ કરારખત કરવામાં આવ્યાના આધારો અન્વેષણમાં રજુ કરેલ નથી.

(૩) જે મેડલ ગોલ્ડ,ચાંદી,કોપર નો ઉપયોગ કરવાનો હોય જે મેડલ/માલનો ટેસ્ટીંગ રીપોર્ટ મેળવવામાં આવેલ નથી. જેથી માલની ગુણવતાની ચકાસણી થઇ શકેલ નથી. તો ટેસ્ટીંગ રીપોર્ટ મેળવી ખાતરી કરાવવી તથા પ્રથાની અમલવારી કરી પુર્તતા કરવી.

(૪) જે વિધાર્થીઓને ઉપરોક્ત મેડલ,જે હેતુ માટે આપવામાં આવેલ હોય, તેની વિગત દર્શાવતુ સ્ટોક રજિસ્ટર નિભાવેલ નથી જેથી ઉકત સ્ટોક રજિસ્ટર નિભાવી તેમાં જે મેડલોની ખરીદી કરેલ હોય તે જમાં લઇ, સામે જે તે વિધાર્થીને સુપ્રત કર્યાની નોંધ થવી જોઇએ. જે તે નાણાંકીય વર્ષ વાઇઝ નોંધ થવી ઘટે.

(૫) ઉકત ખરીદી / કામ અંગે સ્ટેમ્પ અધિનિયમ -૧૯૫૮ ના આર્ટીકલ – ૨૭ મુજબ કામની કિંમતના ૫% સિકયુરીટી ડિપોઝીટ લેવાની જોગવાઈ થયેલ હોવા છતાં મેળવેલ નથી. જે અંગે સ્પષ્ટતા કરવી ઘટે. તેમજ ખરીદી / કામની કિંમતના ૫% સિકયુરીતી ડિપોઝીટ રૂા. ૧૩૩૯૦/- લેવાની રહેશે તેમજ સિકયુરીટી ડિપોઝીટ ના ૩.૫૦% મુજબ સ્ટેમ્પ ડ્યુટી વસુલ કરી કરારખત કરવા જોઈએ. જે સિકયુરીટી ડિપોઝીટ મેળવેલ નથી તેમજ કરારખત કરવામાં આવેલ નથી. સિકયુરીટી ડિપોઝીટના ૧૩૩૯૦/- ના ૩.૫૦% પ્રમાણે રૂા. ૪૬૮/- સ્ટેમ્પ ડ્યુટી વસુલાત કરી નાણાં સરકરશ્રીમાં જમા કરવવા ઘટે.

ઉક્ત મુદા નં.૧ થી ૫ ની પૂર્તતા થતા સુધી થયેલ ખર્ચ રૂા.૨,૬૭,૭૯૨.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાના જવાબ નિયમો સાથે સુસંગત નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૨,૬૭,૭૯૨ .૦૦

વસુલાત રકમ રૂા.૪૬૮.૦૦

સદર : મેડલ/કેશ પ્રાઇઝ ખર્ચ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી
હિસાબી શાખા
વેરાવળ સને ૨૦૧૪-૧૫

**ફકરા નંબર – ૧૩**

## એન.એસ.એસ. ના હિસાબોમાં અનિયમિતતા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ ના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબો અને પાસબુક ચકાસણી કરતાં તા.૩૧/૩/૧૫ અંતિમ વાર્ષિક હિસાબ નીચે પ્રમાણે નાણાંકિય વિગતો જોવા મળેલ હતી.

| | |
|---|---|
| ખુલતી સિલક | ૧૮,૧૭૩/- |
| આવક (૨૦૧૪-૧૫) | ૧,૯૫,૮૦૦/- |
| કુલ | ૨,૧૩,૯૭૩/- |
| જાવક (૨૦૧૪-૧૫) | ૪૪,૨૮૦/- |
| બંધસિલક તા.૩૧/૩/૧૫ | ૧,૬૯,૬૯૩/- |

ઉપરોક્ત હિસાબો શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વાર્ષિક હિસાબોમાં સમાવેશ કરવામાં આવેલ હતાં જ્યારે સને ૨૦૧૪-૧૫ હિસાબો રજુ થયેલ જે અંગે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

(૧) એન.એસ.એસ. વિભાગ દ્વારા રોજબરોજ ના આવક – ખર્ચના હિસાબો તેમજ ખાસ પ્રવૃતિ માટે કોલેજ ને ફાળવવામાં આવતી ગ્રાન્ટના હિસાબો નિભાવવા રોજમેળ તથા ચેક રજિસ્ટર નિભાવવું જોઇએ જે નિભાવવામાં આવેલ નથી પરંતુ કમ્પુટરાઇઝ્ડ કેશબુક નિભાવેલ તેમાં પણ કોઇ સક્ષમ અધિકારીશ્રી દ્વારા પ્રમાણિત કરી સહી કરવામાં આવેલ નથી જેથી હિસાબના વ્યાજબીપણાની ચકાસણી થઇ શકેલ નથી તેમજ તેમજ હિસાબ માટે રોજમેળ પાયાનુ રેકર્ડ નહીં નિભાવવા અંગે સ્પષ્ટતા સહ પુર્તતા થવી ઘટે

(૨) એન.એસ.એસ. વિભાગ દ્વારા નિયમિત ખાસ શિક્ષણ પ્રવૃતિ માટે કોલેજોને સને ૨૦૧૪-૧૫ માં રકમ રૂ.૧,૯૫,૮૦૦/- ની રકમ ફાળવવામાં આવેલ છે. તેના હિસાબો/યુ.ટી.સી. અન્વેષણને રજુ કરી ખરાઇ કરાવવાની રહે

ઉક્ત મુદા નં ૧ થી ૨ ની વિગતે એન.એસ.એસ. ના હિસાબો યોગ્ય રીતે નિભાવી રેકર્ડ અધતન કરી હિસાબો અન્વેષણને રજુ કરવા સુધી થયેલ ખર્ચ રૂા.૪૪૨૮૦/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો આપેલ જવાબ નિયમો સાથે સુંસગત નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૪૪૨૮૦/-
સદર. એન.એસ.એસ. ગ્રાન્ટ

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**કોલેજ શાખા**
**સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – ૧૪**

**હિસાબી શાખાની જગ્યા ભરાયેલ હોવા છતાં હિસાબો લખવામાં અનિયમિત ખર્ચ કરવા બાબત.**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ સને.૨૦૧૪-૧૫ ના વાર્ષિક હિસાબો તથા વાઉચરોની ચકાસણી કરતાં નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ | વૌ.નં/ તારીખ | ખર્ચની રકમ | વિગત |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૫૪/ ૨૧-૦૫-૨૦૧૪ | ૬૦૦૦/- | સંસ્કૃત કોલેજના હિસાબો લખવામાં કરેલ ખર્ચ (હિતેષ કે. બારડ) |
| | કુલ | ૬૦૦૦/- | |

ઉકત વિગતે સંસ્થાએ હિસાબી કામગીરી માટે હિસાબી શાખાના હિસાબાનીશ તથા હિસાબી અધિકારીની જગ્યા મંજુર થયેલ છે. તેમજ જગ્યાઓ ભરેલ અને પુરતો સ્ટાફ હોવા છતાં શ્રી  સંસ્કૃત યુનિવર્સિટી વેરાવળ -  કોલેજ શાખામાં વાર્ષિક હિસાબ તૈયાર કરવા માટે ખર્ચ કરવામાં આવેલ છે. જે હિસાબી સ્ટાફ પુરતો હોવા છતાં અન્ય પાર્ટી પાસે નાણાકિય હિસાબો લખવાની તેમજ વાર્ષિક હિસાબો તૈયાર કરાવી શકાય નહીં તેથી કરેલ ખર્ચ જવાબદાર પાસેથી વસુલાત જમા લઈ ઓડિટને આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

વસુલાત પાત્ર રકમ રૂ.૬૦૦૦/-
સદર – સ્વ ભંડોળ

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી
વેરાવળ સને ૨૦૧૪-૧૫

ફકરા નંબર - ૧૫

## બોયઝ/ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગ ના ચુકવેલ ભાડા અંગેની અનિયમિતતા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીના સને ૨૦૧૪-૧૫ના અન્વેષણ દરમ્યાન વાઉચરો તથા વાર્ષિક હિસાબની ચકાસણી કરતાં સંસ્થાએ બોયઝ/ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગ ભાડે રાખેલ તેના મકાનભાડાની ચુકવણી નીચેની વિગતે કરાયેલ હતી.

| ક્રમ નં | વિગત | રકમ રૂ. |
|---|---|---|
| ૧ | ૨ | 3 |
| ૧ | બોયઝ હોસ્ટેલ બિલ્ડીંગ | ૩,૨૪,૦૩૧/- |
| ૨ | ગર્લ્સ હોસ્ટેલ બિલ્ડીંગ | ૨,૨૧,૯૧૬/- |
| | કુલ | ૫,૪૫,૯૪૭/- |

ઉકત વિગતેના બોયઝ/ગર્લ્સ હોસ્ટેલના મકાન રૂબરૂ સ્થાનિકે ભાવ પત્રકો મંગાવીને સંસ્થાએ સૌથી ઓછા માસિક ભાડા વાળા મકાન માલિકનુ મકાન ભાડે રાખેલ હતુ જે અંગે ના વાઉચરો તથા રજુ કરેલ ફાઇલની ચકાસણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે

(૧) સરકારશ્રીના મા & મકાન વિભાગના ઠરાવ ક્રમાંક WBT/1174/00-16 અને (૧) તા ૧૫-૧૦-૧૯૮૧ થી અપાયેલ સતા અને વ્યાજબી ભાડાના નિયમ-૩ (ખ)ની જોગવાઇને ધ્યાને લેતા ભાડે રાખેલ મકાનનુ ભાડુ વ્યાજબી હોવાનુ તથા મકાનની સ્થિતિ યોગ્ય હોવાનુ સંબંધીત નાયબ કા.ઇ.શ્રી પાસેથી પ્રમાણપત્ર મેળવવાનુ રહે છે સંસ્થાએ આવુ પ્રમાણપત્ર મેળવેલ ન હતુ.

(૨) ઉપરોક્ત મકાન અંગે સંબંધીત મકાન માલિકનુ કબુલાતનામુ સંસ્થાએ લીધેલ ન હતુ.

(3) ઉપરોક્ત મકાન ભાડે રાખતા પહેલા કરારનામું રૂ.૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર કરવાનું રહે છે. જે કરેલ ન હતું.

ઉપરોક્ત વિગતે મુદા નં. ૧ થી ૩ ની આધાર સહ પુર્તતા કરી ખાત્રી કરાવતા સુધી કરેલ ખર્ચની રકમ રૂ.૫,૪૫,૯૪૭/- ઓડીટમાં વાંધાહેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો જવાબ આપેલ નથી.

વાંધા હેઠળ રૂ.૫,૪૫,૯૪૭/-

સદર: મકાન ભાડા

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**હોસ્ટેલ શાખા**
**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

,

**ફકરા નંબર – ૧૬**

## ગીત એન્ટરપ્રાઇઝ, તલાળા ને ભોજન કામગીરી માટેના ચુકવેલ નાણામાં જણાયેલ અનિયમિતતાઓ અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ,વેરાવળ દ્વારા હોસ્ટેલમાં રહી અભ્યાસ કરતાં ભાઇઓ તથા બહેનોને ભોજન પુરૂ પાડવા અંગેનો કોન્ટ્રાકટ સને ૨૦૧૪-૧૫ ના વર્ષ માટે વર્તમાનપત્રમાં જાહેરાત આપી ભાવો મંગાવી સૌથી ઓછા ભાવવાળી પાર્ટી ગીત એન્ટરપ્રાઇઝ,તાલાળાને પ્રતિ વિદ્યાર્થી દીઠ માસિક રૂ.૧૬૬૦/- ના ભાવ થી તા. ૧૯/૬/૨૦૧૪ ના હુકમ થી આપેલ હતો. જે અંગેનો ચુકદાઓ પરિશિષ્ટ નં.-૧ ની વિગતે રૂ. ૧૦,૨૦,૧૯૭/- નો કરેલ હતો. ઉક્ત ચુકવણી અંગેના વાઉચરો તથા રજુ કરેલ ફાઇલની ચકાસણી કરતાં તેમાં નીચેની વિગતે અનિયમિતતાઓ જણાયેલ હતી.

(૧) ઉધોગ અને ખાણ ખનીજ વિભાગના ઠરાવ નં એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૫/ચ તા.૦૮/૦૭/૨૦૧૧ ની જોગવાઈ અનુસાર રૂા.૫ લાખ થી વધુ રકમ ઈ-ટેન્ડર પ્રકિયા કરવાની થાય જયારે સંસ્થાએ વર્તમાનપત્રમાં જાહેરાત ઓફલાઈન ટેન્ડરો મેળવીને કામગીરી કરેલ છે.

(૨) હોસ્ટેલની ભોજન કામગીરી માટેના ટેન્ડર ફોર્મ સાથે કુલ ૨૯ શરતો દર્શાવેલ હતી. જ્યારે રૂ.૫૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર કોન્ટ્રાકટરશ્રીએ આપેલ બાહેંધરીમાં ફક્ત ૧૪ શરતો જ હતી. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(3) સંસ્થાના તા.૧૯/૬/૨૦૧૪ ના હુકમમાં જણાવ્યા મુજબ તા.૨૩/૬/૨૦૧૪ થી ૨૨/૭/૨૦૧૪ સુધી એક માસ માટે અજમાયશી ધોરણે ભોજન કામગીરીની સેવા પુરી પાડવા માન્ય કરેલ હતુ.

પ્રથમ એક માસ દરમ્યાન યુનિવર્સિટી દ્વારા નિર્ધારીત થયેલ ચાર અધિકારીશ્રીઓ દ્વારા ભોજન કામગીરીની સેવાઓ અંગેનો ચકાસણી રીપોર્ટ રજુ કરે પછી થી વધુ ૧૦ માસ માટે લંબાવવાનો હતો. પરંતુ ફાઇલે આવો એક જ અધિકારીશ્રી ડૉ.લલિત પટેલ નો સંતોષકારક

ચકાસણી અંગેનો રીપોર્ટ ઉપલબ્ધ હતો  જેથી અન્ય ત્રણ અધિકારીશ્રીઓ દ્વારા ચકાસણી કરાવ્યા વગર વધુ સમય માટે કોન્ટ્રાકટ ચાલુ રાખવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૩) કરારની શરત નં.૮ મુજબ વિદ્યાર્થી જેટલા ટાઇમ જમશે તેટલાની ગણતરી કરી હિસાબ રાખવામાં આવશે અને યુનિવર્સિટીના પ્રતિનિધીની હિસાબમાં સહી લેવામાં આવશે. મહીનાના અંતે તે હિસાબની વિગતો બીલ સાથે રજુ કરવામાં આવેલ તેની ચકાસણી કરતાં તેમાં યુનિ. ના પ્રતિનિધીને બદલે વિદ્યાર્થીની સહિઓ કરાયેલ હતી.

જેથી યુનિ. ના પ્રતિનિધીએ કોઇ એક વિદ્યાર્થીને આવી સતા એનાયત કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૪) ટેન્ડરની શરત નં.૧૯ તથા ૨૮ મુજબ દૈનિક ભોજન નિયત કરેલ મેનુ મુજબનુ જ ભોજન બને છે કે કેમ ? તૈયાર થયેલ ખોરાક ચાખીને સંતોષકારક છે કે કેમ? તેની ચકાસણી કરવાની હતી વર્ષ દરમ્યાન આવી ચકાસણી કરાયેલ હોવાના આધાર ફાઇલે ઉપલબ્ધ ન હતા જે અંગે સ્પષ્ટતા થવી ઘટે

(૫) પરિશિષ્ટ નં-૧ ના માંહે ૭/૨૦૧૪ ના વાઉચરોની ચકાસણી કરતા તેમાં સામેલ બીલ મુજબ વિદ્યાર્થી બહેનોએ લીધેલ ભોજનની એક દિવસની સરેરાશ સંખ્યા ૭૦ હતી જ્યારે વિદ્યાર્થી ભાઇઓએ લીધેલ ભોજનની એક દિવસની સરેરાશ સંખ્યા ૧૨૦ ની હતી.

પેટા વાઉચર મુજબ ભાઇઓની ભોજન યાદીમાં તા.૧૯ થી ૨૩ જુલાઇ દરમ્યાન તાલીમ આપનાર શિક્ષકોને ૩૩૦ ડીશ ભોજનનો રૂ.૮૮૩૫/- નો ખર્ચ સામેલ કરાયેલ હતો.

ઉકત તાલીમ આપનાર શિક્ષકો બહારગામથી આવેલ હતા કે કેમ? કેટલા શિક્ષકો હતા. તેઓને તાલીમ દરમ્યાન સંસ્થાએ ભોજન પુરૂ પાડવાનુ હતુ કે કેમ? તે અંગેના આધારો વાઉચરો સાથે સામેલ ન હતા. વળી તેમના અંત્રેના રોકાણ દરમ્યાન ફરજ મુકત કર્યા ના હુકમ કરેલ હતા કે કેમ? અને તે હુકમમાં બે ટાઇમ ભોજન અંત્રેથી આપેલ હતુ તેનો ઉલ્લેખ કરેલ હતો કે કેમ? તે અંગેની આધાર સહ સ્પષ્ટતા થવી ઘટે

ઉકત મુદા નં  ૧ થી  ૫ ની પુર્તતા થતા સુધી થયેલ રૂા.૧૨૦૧૯૭/- વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ આંશીક પુર્તતા કરેલ હોય જેમ ગ્રાહ્ય રાખી શકાય નહીં

વાંધા હેઠળ રકમ રૂા.૧૦૨૦૧૯૭/-
સદર – યુનિ. ફંડ

### ફકરા નંબર – ૧૬ - પરિશિષ્ટ નંબર -૧

## ગીત એન્ટરપ્રાઇઝ, તલાળા ને ભોજન કામગીરી માટેના ચુકવેલ નાણાની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | બીલ નં / તારીખ | સમયગાળો | ડીશ ની સંખ્યા | ડીશનો ભાવ | કુલ ખર્ચ | કપાત કરેલ રકમ (ટીડીએસ) | ચુકવેલ ખર્ચની રકમ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧૮૩/૨૧-૮-૨૦૧૪ | જુન-જુલાઇ ૧૪ | ૭૩૧૬ | ૨૬=૭૭ | ૧,૯૫,૮૪૭/- | ૧,૯૫૮/- | ૧,૯૩,૮૮૯/- |
| ૨ | ૨૨૬/૧૭-૯-૨૦૧૪ | ઓગસ્ટ-૧૪ | ૪૦૬૯ | ૨૬=૭૭ | ૧,૦૮,૯૨૭/- | ૧,૦૮૯/- | ૧,૦૭,૮૩૮/- |
| ૩ | ૨૬૮/૧૬-૧૦-૨૦૧૪ | સપ્ટે-૧૪ | ૫૭૮૬ | ૨૭=૬૬ | ૧,૬૦,૦૪૦/- | ૧,૬૦૦/- | ૧,૫૮,૪૪૦/- |
| ૪ | ૨૯૮/૧૮-૧૧-૨૦૧૪ | ઓક્ટો-૧૪ | ૩૨૯૧ | ૨૬=૭૭ | ૮૮,૧૦૦/- | ૮૮૧/- | ૮૭,૨૧૯/- |
| ૫ | ૩૬૩/૨૪-૧૨-૨૦૧૪ | નવે.-૧૪ | ૨૬૮૫ | ૨૭=૬૬ | ૭૪,૨૬૭/- | ૭૪૩/- | ૭૩,૫૨૪/- |
| ૬ | ૪૦૨/૨૮-૧-૨૦૧૫ | ડીસે.- ૧૪ | ૫૪૬૦ | ૨૬=૭૭ | ૧,૪૬,૧૬૪/- | ૧,૪૬૨/- | ૧,૪૪,૭૦૨/- |
| ૭ | ૪૦૨/૨૮-૧-૨૦૧૫ | ડીસે.-૧૪ | ૪૬૪ | ૨૬=૭૭ | ૧૨,૪૨૧/- | ૧૨૪/- | ૧૨,૨૯૭/- |
| ૮ | ૪૫૫/૪-૩-૨૦૧૫ | જાન્યુ.-૧૫ | ૩૬૪૨ | ૨૬=૭૭ | ૯૭,૪૯૬/- | ૯૭૫/- | ૯૬,૫૨૧/- |
| ૯ | ૪૮૭/૧૮-૩-૨૦૧૫ | ફેબ્રુ.-૧૫ | ૪૯૫૬ | ૨૭=૬૩ | ૧,૩૬,૯૩૫/- | ૧,૩૬૯/- | ૧,૩૫,૫૬૬/- |
| | | | | કુલ | ૧૦,૨૦,૧૯૭/- | ૧૦,૨૦૧/- | ૧૦,૦૯,૯૯૬/- |

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી
હિસાબી શાખા
વેરાવળ સને ૨૦૧૪-૧૫

**ફકરા નંબર - ૧૭**

## દાનના આવક-ખર્ચના હિસાબોની અનિયમિતતા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ વર્ષ દરમ્યાન દાનના વાર્ષિક હિસાબોની ચકાસણી કરતાં નીચેની વિગતે દાનના હિસાબો માલુમ પડેલ હતાં.

| | |
|---|---|
| ખુલતી સિલક | ૧,૨૧,૫૫૧.00 |
| આવક | ૫૮,૭૫,૦૧૦.00 |
| કુલ રૂ. | ૫૯,૯૬,૫૬૧.00 |
| જાવક રૂ. | ૪,૩૧,૩૩૪.00 |
| ૩૧/3/૨૦૧૫ ની બંધ સિલક | ૫૫,૬૫,૨૨૭.00 |

(૧) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ સને ૨૦૧૪-૧૫ ના હિસાબો મંજુર કુલ ૨૨ દાતાઓ પાસેથી સામેલ પરિશિષ્ટ નં – ૧ મુજબ જુદા-જુદા હેતુઓ માટે દાન આપવામાં આવેલ છે. જે વણવપરાયેલ રહેવા પામેલ હતા. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) સને.૨૦૧૪-૧૫ માં રૂ.૫૫,૬૫,૪૧૦/- નુ દાન આવેલ છે. જે દાનનું સંસ્થાએ રજીસ્ટર નિભાવેલ નથી જેથી કયા દાતાઓએ કેટલુ દાન અને ક્યા અને કયા હેતુ માટે આપેલ છે? અને કયા હેતુ માટે વાપરેલ હતુ તે પૈકી કેટલુ દાન બચી રહેલ છે તેની વિગતોનું રજીસ્ટર નિભાવેલ ન હોવાથી જાણી શકાયેલ ન હતી.

(3) જે દાન દાતાઓ તરફથી મળેલ હોય તેનુ બેંક એકાઉન્ટ જો અલગ રાખવામાં આવે તો હિસાબ સરળતાથી નિભાવી શકાય જો દાનની રકમ વણવપરાયેલ રહેલ હોય તો તેની ફીક્ષ ડિપોઝીટ કરાવી શકાય તેમાંથી જે વ્યાજ આવે તેનો પણ દાનની સાથે સાથે જે હેતુ માટે દાન મળેલ હોય તે જ હેતુ માટે દાન મળેલ હોય તે જ હેતુ માટે વાપરી પણ શકાય.

(૪) સામેલ પરિશિષ્ટના ક્રમ નં ૫ પરના યુનિવર્સિટીએ સ્વભંડોળ માંથી રૂા.૫૦.૦૦ લાખની રકમ સ્ટુડન્ટ વેલ્ફેર ફંડ માં તબદીલ કરેલ છે. જે માટે જરૂરી આધારો ઓડીટ સમક્ષ રજુ કરેલ નથી.

ઉપરોક્ત મુદા નં ૧ થી ૪ ની પુર્તતા તથા સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાંધાનો સંસ્થાએ આપેલ જવાબ ફકરાના મુદા સાથે સુંસગત ન હોઈ ગ્રાહ્ય રાખી શકાય નહિં

## ફકરા નંબર – ૧૭ – પરિશિષ્ટ નંબર – ૧
## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીને મળેલ દાનની વિગત

| ક્રમ | તારીખ | દાતાશ્રીનું નામ | ફંડનું નામ | આવક રૂા. | સને.૨૦૧૪-૧૫ અંતે બચત રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | ૧/૬/૦૭ | એસ.બી.આઈ બેંક | જનરલ ફંડ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૨ | ૧૯/૪/૧૨ | પારૂલબેન સોની | જનરલ ફંડ | ૨૫૫૦૦ | ૨૫૫૦૦ |
| 3 | ૨૫/૪/૧૨ | રામકૃષ્ણ સાધના ટ્રસ્ટ | ત્રિવેણી લાઈબ્રેરી ફંડ | 300000 | ૯૫૦૦૧ |
| ૪ | ૧/૧૦/૧૨ | બેંક ઓફ બરોડા | લાઈબ્રેરી ફંડ | ૨૫૯૬૦ | ૨૫૯૬૦ |
| ૫ | ૪/૧૦/૧૨ | શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ફંડ માંથી | સ્ટુડન્ટ વેલ્ફેર ફંડ | ૫૦૦૦૦૦૦ | ૫૦૦૦૦૦૦ |
| ૬ | ૧૫/૧/૧૫ | શ્રી સોમનાથ ટ્રસ્ટ – વેરાવળ | સ્ટુડન્ટ વેલ્ફેર ફંડ | ૨૫૦૦૦૦ | ૨૫૦૦૦૦ |
| ૭ | ૨૧/૭/૧૪ | શ્રી દર્શનમ સંસ્કૃત મહાવિધાલય ( સોલા ભગત ) | ST દીકરીઓના ભોજન માટે | ૩૦૯૬૦૦ | ૧૬૭૭૧૬ |
| | | | | | ૫૫૬૫૨૨૭ |

**ફકરા નંબર – ૧૮**

## કોશનમની અનામત ફોરફીટ કરવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ સને.૨૦૧૪-૧૫ ના વર્ષના અન્વેષણ દરમ્યાન જણાયેલ હતુ કે જુદા – જુદા અભ્યાસ માટે વિધાર્થીઓ પાસેથી લેવામાં આવતી કોશનમની ડિપોઝીટ કે જે ૧ વર્ષ બાદ વિધાર્થીઓ માંગણી કરે  તો તેને પરત ચુકવવાની હોય છે. વિધાર્થીઓ એડમીશન મળ્યા બાદ રકમ પરત મેળવવા અરજી કરેલ ન હોય અધ વચ્ચેથી અભ્યાસ છોડી ગયેલ વિધાર્થીઓની કોશનમની ડિપોઝીટ ફોરફીટ કરી યુનિવર્સિટી ફંડમાં કરવાની હોય છે. હિસાબોની તારીજ ચકાસણી કરતા નીચેની વિગતે તા.૩૧/૦૩/૨૦૧૫ ના રોજ રૂા.૭૦૦૦/- ની કોશનમની ડિપોઝીટની રકમ ચુકવવાની બાકી હતી.

**તારીજ**

| | | |
|---|---|---|
| ૧ | ખુલતિ સિલક | ૭૦૫૦ |
| ૨ | જમા આવેલ રકમ | --- |
| ૩ | કુલ રકમ | ૭૦૫૦ |
| ૪ | પરત ચુકવેલ રકમ | ૫૦ |
| ૫ | ચુકવવાની બાકી રકમ (બંધ સિલક) | ૭૦૦૦ |

(૧) ઉપરોકત વિગતે સને.૨૦૧૪-૧૫ ના વર્ષે અંત સુધીમાં રૂા.૭૦૦૦/- ની રકમ ચુકવવાની બાકી હતી. જે રકમ વિધાર્થીઓને પરત ચુકવવાની થતા ન હોય તો આ રકમ ફોરફીટ કરી યુનિવર્સિટીના ફંડમાં જમા કરવા અંગે કાર્યવાહી કરવી. જે અંગે કોશનમની ડીપોઝીટ આપવા કોઈ પ્રત્યનો સંસ્થા તરફથી થયેલ નથી. જે અંગે સ્પષ્ટતા કરવી.

(૨) કોશનમની અનામત જમા થયા અંગેનું તથા પરત આપ્યા અંગેની વિગત દર્શાવતું રજિસ્ટર સંસ્થાએ નિભાવેલ ન હતું જેથી ઓડિટ વર્ષમાં કોશનમની અંગેના વ્યવહારોની ચકાસણી થઈ શકેલ ન હતી. સદરહુ રજિસ્ટર નિભાવી ઓડિટને આધારિત ખાતરી કરાવવી ઘટે.તેમજ વર્ષ દરમ્યાન કોશનમની આવક થયેલ નથી. જે સંસ્થાએ કયાં કારણોસર ડીપોઝીટ લેવાની બંધ કરેલ છે. જે અંગે સ્પષ્ટતા કરવી ઘટે.

પ્રાથમિક વાંધાના જવાબમાં સંસ્થાએ જણાવેલ હતુ કે કોશનમની અનામત ફોરફીટ કરી યુનિ.ફંડમાં જમા કરાવેલ છે. પરતું ઓડિટને આધારસહ કાર્યવાહી પૂર્ણ થવી ઘટે.

ફકરા નંબર - ૧૯

## પેશગી રજીસ્ટર નહી નિભાવવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબ તથા રજુ થયેલ માહિતીની ચકાસણી કરતા પેશગી સદરે નીચે મુજબની સ્થિતી જોવા મળેલ છે.

| ક્રમ | ખુલતી સિલક | વર્ષ દરમ્યાન ચુકવેલ રૂ. | કુલ | વર્ષ દરમ્યાન સરભર કરેલ | વર્ષના અંતે બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૮૫,૦૧૦.૦૦ | ૭,૨૪,૩૮૦.૦૦ | ૮,૦૯,,૩૯૦.૦૦ | ૭,૨૪,૦૧૧.૦૦ | ૮૫,૩૭૯.૦૦ |

ઉપરોક્ત વિગતે નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે

(૧) નાણાકીય હિસાબ અને અંદાજપત્રનાં નિયમો ૧૯૬૩ ના નિયમ ૨૦૨ થી ૨૦૬ ની જોગવાઈ મુજબ પેશગી રજીસ્ટર નિભાવવું જોઈએ જે સંસ્થાએ નિભાવેલ નથી જેથી પેશગીની ખુલતી સિલક,બંધ સિલક તેમજ વાર્ષિક હિસાબ મુજબની સિલકની ચકાસણી થઈ શકેલ નથી

(૨) ઉકત નિયમોની જોગવાઈ મુજબ પેશગી ચુકવણાની તારીખથી ૩ માસ અથવા જે તે નાણાકીય વર્ષની ૩૧ માર્ચ, એ બે માંથી જે વહેલું હોય તે તારીખ સુધીમાં પેશગીના હિસાબો સરભર કરવાના હોય છે.સંસ્થાએ આવી કાર્યવાહી કરેલ નથી નમૂનારૂપ

કિસ્સામાં ૩ માસ કે તેથી વધુ સમય થવા છતાં આવી રકમ પરત જમા થયેલ નથી જે અંગે સ્પષ્ટતા સહ નિયમાનુસાર કાર્યવાહી થવી ઘટે

| ક્રમ | કર્મચારીનું નામ | પેશગી આપેલ તારીખ | રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રી અનીરૂધ્ધ પટ્ટગીર | ૧૫/૨/૧૩ | ૫,૭૦૦.૦૦ |
| ૨ | શ્રી ભીમાભાઈ ગરચર | ૨૮/૭/૧૪ | ૧૪,૭૦૦.૦૦ |
| | કુલ | | ૨૦,૪૦૦.૦૦ |

ઉકત રકમ પેશગી ચુકવણું કર્યા બાદ અમુક કિસ્સામાં લાંબો સમય વીતવામાં સંસ્થાએ વસુલાત લેવામાં શુ પ્રયત્નો કરેલ છે. તે અંગે સ્પષ્ટતા કરવી.

(3) વાર્ષિક હિસાબ મુજબ રૂ. ૮૫૩૭૯/-ની રકમ સરભર કરવાની બાકી છે જે બાકી રહેલી રકમ સરભર કરી પૂર્તતા કરવાની રહે

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો આપેલ જવાબ ફકરા સાથે સુંસગત નથી.

વાંધા હેઠળ રકમ ૮૫૩૭૯/-
સદર – પેશગી

**ફકરા નંબર - ૨૦**

## અનામત રજીસ્ટર નહિ નિભાવવા અંગે (કર્મચારી સિવાય)

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી,વેરાવળનાં સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન નિભાવેલ ટેલી એકાઉન્ટ સોફ્ટવેર રેકર્ડ તથા વાર્ષિક તારીજની ચકાસણી કરતા નીચે મુજબ અનિયમિતતાઓ જણાયેલ હતી

(૧) શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી,વેરાવળ દ્વારા અન્ય સંસ્થા/યોજનામાં જમાં કરાવેલ છે જે ધણા વર્ષો સુધી પરત જમા લીધેલ નથી જે પરત મેળવવા જરૂરી કાર્યવાહી થવી ધટે

| ક્રમ | ચુકાદા તારીખ | પાર્ટીનું નામ | રકમ |
|---|---|---|---|
| ૧ | ૨ | 3 | ૪ |
| ૧ | ૩૧/3/૧૨ | DEE pratutar yojana gandhinagr | ૨૭,૩૨૮.00 |
| | | કુલ | ૨૭,૩૨૮.00 |

(૨) સને.૨૦૧૪-૧૫ ના વર્ષમાં હિસાબોની તારીજ મુજબ અનામત અંગે નીચે મુજબ વિગત દર્શાવેલ હતી.

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | ૨ | 3 |
| ૧ | તા.૧/૪/૧૪ ના રોજ ખુલતી સિલક | 3,૨૮,૬૮,૮૯0.00 |
| ૨ | આવક | ૪,૭૪,00,000.00 |
| 3 | કુલ અનામત | ૮,0૨,૫૮,૮૯0.00 |
| ૪ | અનામત પરત | ૫,૫૨,3૪,૫૬૨.00 |
| ૫ | તા.3૧/3/૧૫ જમા અનામત | ૨,૫0,3૪,3૨૮.00 |

અનામત રજીસ્ટર નિભાવી તેમાં માસિક/વાર્ષિક તારીજ સરવાળા અને તારીજ તૈયાર કરી તેમજ હિસાબ સાથે મેળવણુ કરી અધિકારીની સહીથી પ્રમાણિત કરી ઓડીટને ખાતરી કરાવી ઘટે

ઉક્ત મુદા નં.૧ થી ૩ ની પૂર્તતા થતા સુધી થયેલ ખર્ચ રૂા.૨૭,૩૨૮.૦૦ વાંધા હેઠળ રાખવામાં આવે છે.

સંસ્થાએ આપેલ જવાબ નિયમો સાથે સુંસગત નથી.

વાંધા હેઠળ રકમ રૂા.૨૭,૩૨૮.૦૦
સદર : ડીપોઝીટ

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**આચાર્ય શ્રી, સંસ્કૃત કોલેજ**
**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – ૨૧**

**આચાર્યશ્રી, સંસ્કૃત કોલેજના બચત ખાતામાં જમાં રહેલ રકમ સરકારશ્રીમાં જમાં કરવા અંગે**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી ,વેરાવળ ના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન હિસાબો તેમજ બેન્ક પાસબુક ની ચકાસણીકરતાં નીચે મુજબ બેંક ખાતામાં જમાં રહેલ હતી.

| **ક્રમ નં** | **બેંક નુ નામ** | **ખાતા નંબર** | **જમાં રહેલ રકમ રૂ.** |
|---|---|---|---|
| ૧ | સ્ટેટ બેંક ઓફ બરોડા – વેરાવળ | ૦૩૫૭૦૧૦૦૦૧૫૫૫૬ તા.૨/૫/૧૫ | ૧૩,૨૩૮.૦૦ |
| ૨ | ===//=== | ૦૩૫૭૦૧૦૦૦૧૫૫૭ તા. ૨/૫/૧૫ | ૧,૮૨,૩૦૦.૦૦ |
| કુલ | | | **૧,૯૫,૫૩૮.૦૦** |

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ. એકઝયુકેટીવ કાઉન્સીલની બેઠક નં ૨૫ તા.૨૬/૬/૧૩ ના ઠરાવ નં ૨૫ મુજબ લેવાયેલ નિર્ણય મુજબ આચાર્યશ્રી, સંસ્કૃત કોલેજ હસ્તકનાં આર્થિક વ્યવહારો શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.,વેરાવળ હસ્તક કરવા ઠરાવ કરેલ છે જેની અમલવારી થઇ ગયેલ છે. જેથી સંસ્કૃત કોલેજ,વેરાવળ ના બચત બેંક ખાતામાં જે તે સમય થી પાસબુક મુજબ ઉપરોક્ત વિગતે રકમો જમાં રહેલ છે. જે રકમ રૂ.૧,૯૫,૫૩૮/- સરકારશ્રીમાં યુનિ.ના હિસાબોમાં જમાં કરાવી ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

પ્રાથમિક વાંધાનો જવાબમાં સંસ્થાએ જણાવેલ હતું કે ફકરાની વિગતે કાર્યવાહી કરવામાં આવશે. જે મુજબ કાર્યવાહી પૂર્ણ કરી ઓડિટને ખાતરી કરાવવી ઘટે.

સરકારશ્રી જમાં કરાવવાની રકમ રૂ.૧,૯૫,૫૩૮.૦૦
સદર. ૦૨૦૨ શિક્ષણ

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**હિસાબી શાખા**
**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – ૨૨**

**વાહનની લોગબુકમાં જણાયેલ અનિયમિતતા બાબત**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી,વેરાવળ ના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન ઇનોવા ગાડી નં **GJ-11-G-1454** ની લોગબુકની ચકાસણી કરતા નીચે દર્શાવેલ વિગતેની અનિયમીતતાઓ જણાઈ આવેલ હતી.

(૧) પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ નં.વહન-૧૦૮૭-૧૪૫૩/૯૨-જ તા.૨૯/૨/૯૨ ના ફકરા-૫(૧૪) ની જોગવાઈ અનુસાર લોગબુકમા દર માસના અંતે ગાડીના વપરાયેલ કી.મી., વપરાયેલ ડીઝલની વિગતો સાથે તારીજ કાઢી ગાડીની સરેરાશ એવરેજ કાઢવાની રહે છે તેમજ એવરેજના પ્રમાણમા વધ/ઘટ ના કિસ્સાઓમા એવરેજ વધ/ઘટ થવા અંગેના કારણો નોંધી અધિકારીશ્રીની સહી દ્વારા પ્રમાણીત કરવાની રહે છે. આવી જોગવાઈ હોવા છતાં માસના અંતે તારીજ કે એવરેજ કાઢવામાં આવતી નથી જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) લોગબુકની ચકાસણી કરતા લોગબુકમા નિયત કોલમ-૧૨ મા ઉપયોગ કરનારનુ નામ, કોલમ-૧૩ મા ઉપયોગ કરનારની સહી તથા કોલમ-૧૪ માં જરૂરી હોય ત્યા અધિકારીશ્રીની સહી કરેલ નથી. લોગબુક અધુરી વિગતે નિભાવવા બાબતે સ્પષ્ટતા થવી ઘટે.

(3) લોગબુક સિક્કા એકુન કરેલ ન હતી

પ્રાથમિક વાંધાનો સંસ્થાએ આપેલ જવાબમાં પુર્તતા કરી ખરાઈ કરાવેલ નથી જેથી ઉક્ત વિગતે મુદ્દા નં ૧ થી ૩ ની પૂર્તતા થવી ઘટે.

ફકરા નંબર - ૨૩

## કુલપતિશ્રીના રજાપગાર તથા પેન્શન-ફાળાની ચુકવણી અંગે અનિયમિતાઓ બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન પગાર તથા વાઉચર ની ફાઈલોની ચકાસણી કરતા યુનિવર્સિટીના કુલપતિશ્રીનીસેવાઓ ડેપ્યુટેશન ઉપર ગણી રજા પગાર/પેન્શન-ફાળો જમા કરાવવામાં આવેલ છે. જે અંગે નીચે મુજબ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ નં. | અધિકારીશ્રીનું નામ | વાઉચર નં / તારીખ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧. | શ્રી વી. કુંટુમ્બ શાસ્ત્રી<br>( કુલપતિ શ્રી )<br>તા.૧૪/૬/૨૦૧૨થી તા.30/૬/૨૦૧૪ | ૨૬૫/ તા. ૨૩-૬-૧૪ | રૂ. ૫,૭૭,૧૨૦/- |
| ૨ | શ્રી વી. કુંટુમ્બ શાસ્ત્રી<br>( કુલપતિ શ્રી )<br>તા.૧/૭/૨૦૧૪ થી તા.૩૧/3/૨૦૧૫ | ૧૪૬૦/ ૩૧-૩-૧૫ | રૂ. ૨,૧૧,૪૨૮/- |
| કુલ રકમ | | | રૂ. ૭,૮૮,૫૪૮/- |

(૧) કુલપતિશ્રી પ્રો. વી. કુટુંમ્બશાસ્ત્રીની શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાક GH/5H/15/669 /1005/10/KH તા. ૨૩-૫-૧૨ થી યુનિવર્સિટીના કુલપતિ તરીકે નિમણૂંક કરવામાં આવેલ છે. આ નિમણૂંક પ્રતિ-નિયુકતિના ધોરણે છે તેવો આદેશમાં કોઈ ઉલ્લેખ નથી.

(૨) સંસ્થાએ તેઓની માતૃસંસ્થા રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થા ન્યુ દિલ્લીના પત્ર નંબર RSRS/12018/2008/ADMN/782 તા.૫-૬-૧૪ થી માંગણી કરતા રજા પગાર અને પેન્શન ફાળો તેઓની માતૃસંસ્થા રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થા ન્યુ દિલ્લીમાં જમા કરાવામાં આવેલ છે. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(3) ઉકત રજાપગાર/પેન્શન ફાળો કુલ રકમ રૂ. ૭,૮૮,૫૪૮/- સંસ્થાએ  જમા કરાવેલ હોય જે અંગે સરકારશ્રીના પ્રતિનિયુક્તિ અંગેના આધારો મેળવી ઓડિટને ખાતરી કરાવવી

ઉક્ત મુદ્દા ૧ થી ૩ ની પુર્તતા થતા સુધી થયેલ ખર્ચ રૂ. ૭,૮૮,૫૪૮/- વાધાં હેઠળ રાખવામાં આવેલ છે.

પ્રાથમિક વાંધાનો જવાબ ફકરા સાથે સુંસગત નથી.

વાધા હેઠળ રકમ રૂ. ૭,૮૮,૫૪૮/-

સદર :  રજા પગાર/પેન્શન ફાળો

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી
મહેકમ શાખા
વેરાવળ સને ૨૦૧૪-૧૫

ફકરા નંબર - ૨૪

## R.O.P. 2009 પગાર માન્ય થયા વગર એરીયર્સની અનિયમિત ચુકવણી કરવા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન કર્મચારી/અધિકારીશ્રીઓની સેવાપોથીની ચકાસણી કરતા ROP. 2009 પગાર માન્ય થયા વગર એરીયર્સની ચુકવણી કરતા નીચે મુજબ ઓડીટ નોંધ આપવામાં આવે છે.

| ક્રમ | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી જાદવ દશરથભાઈ જી | નાયબ કુલ સચિવશ્રી |
| ૨ | શ્રી ડો. દેવેન્દ્રનાથ પાંડે | પ્રોફેસર |
| ૩ | શ્રી મનિષકુમાર પોપટ | ઈજનેર |
| ૪ | શ્રી નરેન્દ્ર પંડ્યા | પ્રિન્સીપાલ |

(૧) નાયબ સચિવશ્રી શિક્ષણ વિભાગના ઠરાવ નં. સમય/૧૨૦૯૪/૧૫૦-ખ/ તા.૨૯-૭-૧૦ અન્વયે શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ શૈક્ષણિ/બિનશૈક્ષણિક અધિકારી/કર્મચારી શ્રીને કેન્દ્રીય છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ધોરણ મંજુર કરેલ છે. તેની શરત નં – ૧૫ માં સ્પષ્ટતા દર્શાવેલ છે કે તમામ કર્મચારીઓનું વેરીફીકેશન I.F.M.S સીસ્ટમ દ્વારા ફરજીયાત કરવાનું રહશે. તેમ છતાં ઉકત કર્મચારી /અધીકરીશ્રીઓનું છઠ્ઠા પગાર પંચ મુજબનું અધિકારીશ્રી/કર્મચારીઓનું ફીકસેશન I.F.M.S સીસ્ટમ દ્વારા કરાયેલ ન હતું. ઉપરાંત છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર ભથ્થા ઓડિટની તારીખ સુધી (ડીસેમ્બર – ૧૬ ) ચુકવેલ હતા.પગાર/ ROP. 2009 ની તફાવતની રકમ ચુકવણાની ખરાપણાની ખાતરી કરાવવી તેમજ તે અંગે પુર્તતા કરી સેવાપોથીમાં નોંધ કરી અન્વેષણને ખાતરી કરાવવી ઘટે.

(૨) ઉકત અધિકારી/કર્મચારીના નમુના રૂપ કિસ્સાઓ હોય તે સિવાયના યુનિવર્સિટીના અધિકરી/કર્મચારીના ઓનલાઈન પગાર ફીકસેશન કરી ઓડિટને ખાતરી કરાવવી ઘટે.

ઉકત મુદ્દા નં ૧ તથા ૨ ની પુર્તતા કરી અન્વેષણને આધારીત ખાતરી કરાવવી ઘટે.

પ્રાથમિક વાંધાના જવાબમાં સુચના મુજબ કાર્યવાહી કરવામાં આવશે. તેમ જણાવેલ હોઈ કાર્યવાહી પૂર્ણ કરી આધારિત ખાતરી કરાવવી ઘટે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી
મહેકમ શાખા
વેરાવળ સને ૨૦૧૪-૧૫

ફકરા નંબર – ૨૫

## યુનિવર્સિટી ઇજનેરશ્રી મનિષકુમાર આર.પોપટની સેવાપોથીમાં જણાયેલ ગંભીર અનિયમિતતાઓ અંગે

શ્રી મનિષકુમાર આર.પોપટ, ઇજનેરશ્રી ની સેવાપોથીની ચકસણી કરતાં નીચે મુજબની ગંભીર અનિયમિતતાઓ જણાયેલ હતી.

(૧)શ્રી પોપટની નિમણુંકના૧૩/૩/૨૦૦૮ ના રોજ રૂ.૮૦૦-૨૭૫-૧૩૫૦૦ માં પગાર ધોરણ કરેલ હતી.ત્યારબાદ તેઓશ્રીને તા. ૧૩/૩/૨૦૦૮ થી છઠ્ઠા પગારપંચ મુજબ પગાર બેન્ડ રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ પે રૂ.૫૪૦૦/- નિયત કરી પગાર ભથ્થા ચુકવેલ હતા જે શિક્ષણ વિભાગના તા.૨૯/૭/૨૦૧૦ ના ઠરાવની શરત નં ૧૫ મુજબ ઓનલાઇન પગાર ફેકસેશન કરેલ ન હતુ નિયત નમુનામા વિકલ્પ તથા બાહેંધરી પત્રક મેળવેલ ન હતુ. તેમ છતાં છઠ્ઠા પગારપંચ મુજબના પગાર ભથ્થાની ચુકવાણી કરવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) શ્રી પોપટનો પગાર નીચેની વિગતે નિયત કરેલ હતો.

| | | | |
|---|---|---|---|
| {૧} | તા.૧૩/૩/૦૮ | ૯૩૦૦+૫૪૦૦ | =૧૪૭૦૦.૦૦ |
| {૨} | તા.૧/૭/૦૮ | ૯૭૫૦+૫૪૦૦ | =૧૫૧૫૦.૦૦ |

ત્યાર પછી રીવાઇઝ્ડ નીચે મુજબ પગાર નિયત કરેલ હતો.

| | | | |
|---|---|---|---|
| {૧} | તા. ૧૩/૩/૦૮ | ૧૪૨૪૦+૫૪૦૦ | =૧૯૬૪૦.૦૦ |
| {૨} | તા.૧/૭/૦૮ | ૧૪૮૩૦+૫૪૦૦ | =૨૦૨૩૦.૦૦ |

ત્યાર પછી ફરીથી રીવાઇઝ્ડ પગાર નીચે મુજબ નિયત કરેલ હતો.

| | | | |
|---|---|---|---|
| {૧} | તા.૧૩/૩/૦૮ | ૧૪૨૪૦+૫૪૦૦ | = ૧૯૬૪૦.૦૦ |
| {૨} | તા.૧/૭/૦૯ | ૧૪૮૩૦+૫૪૦૦ | =૨૦૨૩૦.૦૦ |

જેથી શ્રી પોપટને તા. ૧૭/૨૦૦૮ થી ૩૦/૬/૨૦૦૯ સુધી એક વર્ષ માટે એક ઇજાફાની રકમ રૂ.૫૯૦*૧૨=૭૦૮૦.૦૦ તથા તેના ઉપર ચુકવેલ મોંઘવારી ભથ્થુ,ઘરભાડા ભથ્થુ

વગેરે વધુ ચુકવેલ હતુ જે અંગે સત્વરે વસુલાત મેળવી,જમાના અધારા સહ ખાતરી કરાવવી ઘટે.

(૩) સરકારશ્રી દ્વારા નિયત કરેલ મજ્કુરે હિંદી પરીક્ષા પાસ કર્યાની નોંધ નથી.

(૪) સરકારશ્રીના તા. ૨૩/૬/૨૦૦૦ ના ઠરાવ મુજબ નોમીનેશન અંગેની નોંધ નથી

(૫) કોલમ નં.૮ માં કર્મચારીની સહી લીધેલ નથી.

ઉક્ત મુદા નં ૧ થી ૫ ની પુર્તતા/સ્પષ્ટતા થવી ઘટે .

સંસ્થાએ પ્રાથમિક વાંધાના મુદા નં  ૨ ના જવાબમાં રૂા.૮૨૪૭/- ની વસુલાત કરેલ હોવાનું જણાવેલ છે. પરતું તે અંગેના આધાર રજુ કરેલ નથી. તેમજ અન્ય તમામ મુદા અંગે પુર્તતા કરેલ છે. પરતું આધારિત ખાતરી કરાવેલ નથી.

વસુલાત રૂ.૭,૦૮૦/-

સદર. ૨૨૦૨ શિક્ષણ

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**

**મહેકમ શાખા**

**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર - ૨૬**

## શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની સેવાપોથીમાં જણાયેલ અનિયમિતતા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણમાં મહેકમ શાખા દ્વારા નિભાવવામાં આવતી શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓની નમુના રૂપ સેવાપોથીઓની ચકાસણી કરતાં આ સાથે સામેલ પરિશિષ્ટ નં. ૧ તથા ૨ ની વિગતે અપૂર્ણતાઓ જણાયેલ હતી. તમામ સેવાપોથીઓની ચકાસણી કરી, સેવાપોથીમાં જરૂરી નોંધ કરવા ઓડિટ સૂચન છે.

(૧) નાયબ સચિવશ્રી, શિક્ષણ વિભાગના ઠરાવ નં.સસય/૧૨૦૯૪૧૫૦-ખ તા.૨૯/૭/૨૦૧૦ અન્વયે પરિશિષ્ટ નં. ૨ માં દર્શાવેલ શરત નં ૧૬ મુજબ ઉકત બિન- શૈક્ષણિક કર્મચારીઓને નિયત નમુનામાં વિકલ્પ તથા નિયત નમુનમાં બાહેધરી પત્રક અચુકા મેળવવાના હતા જે અંગે સ્પષ્ટતા તથા પુર્તતા થવી ઘટે.

(૨) કર્મચારીશ્રી, અનિલકુમાર આર.જોષી ને કરાર આધારિત પાંચ વર્ષની સેવા પૂર્ણ થતા તા.30/03/૨૦૧૩ થી છઠા પગારપંચ મુજબના પગાર ભથ્થા ચુકવેલ છે. સરકારશ્રીના સામાન્ય વહિવટ વિભાગના સી.સી.સી અંગેના તા.30/0૯/૨00૬ ના જાહેરનામા તથા ત્યારબાદના વખતો વખતના સુધારા મુજબ કર્મચારીએ સરકારશ્રીએ નિયત કરેલ સંસ્થામાંથી સી.સી.સી પરીક્ષા કરાર આધારિત સેવાના સમય દરમ્યાન પાસ કરેલ હોય તો જ પાંચ વર્ષની કરાર આધારિત સેવા પૂર્ણ થતા નિયત પગાર ધોરણમાં સમાવેશ કરીને પગાર ભથ્થા ચુકવી શકાય.

ઉકત કિસ્સામાં મજકુર સેવાપોથીમાં કરેલ નોંધ મુજબ ઉકત પરીક્ષા તા.03/0૨/૨૦૧૬ ના રોજ પાસ કરેલ હતી. તેમ છતાં તા.30/0૨/૨૦૧૩ થી નિયમિત પગારધોરણ સમાવેશ કરીને પગાર ભથ્થા ચુકવવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(3) કર્મચારીશ્રી હિતેષ સી.જાની ને તા.૨૪/0૭/૨૦૧૨ થી નિયમિત પગાર ધોરણમાં સમાવેશ કરેલ હતો. પરતું ઉપરોકત ક્રમ નં 3 ની જોગવાઈ મુજબ શ્રી જાનીની સેવાપોથીમાં સી.સી.સી પરીક્ષા પાસ કર્યાની નોંધ જ કરેલ નથી. જેથી નિયત સમય મર્યાદામાં

સી.સી.સી પરીક્ષા પાસ કરેલ ન હતાં છતાં તા.૨૪/૦૭/૨૦૧૨ થી નિયમિત પગાર ધોરણમાં સમાવેશ કરીને પગાર ભથ્થા ચુકવવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૪) કર્મચારીશ્રી ગોપાલ બી.ઠકરાર ને તા.૨૧/૦૭/૨૦૧૨ થી નિયમિત પગાર ધોરણમાં સમાવેશ કરેલ હતો. પરતું ઉપરોકત ક્રમ નં  3 ની જોગવાઈ મુજબ શ્રી, ઠકરાર ની સેવાપોથીમાં  સી.સી.સી પરીક્ષા પાસ કર્યાની નોંધ જ કરેલ નથી. જેથી નિયત સમય મર્યાદામાં સી.સી.સી  પરીક્ષા પાસ કરેલ ન હોય છતાં તા.૨૧/૦૭/૨૦૧૨ થી પગાર ધોરણ સમાવેશ કરીને પગાર ભથ્થા ચુકવવા અંગે સ્પષ્ટતા થવી ઘટે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાના જવાબમાં મુદા નં  ૧ અંગે તમામ કર્મચારીઓની પે ફીકસેશનની કાર્યવાહી આગામી સમયમાં કરી દેવામાં આવશે. જે મુજબ કર્યાવાહી પૂર્ણ થયે ઓડીટને આધારિત ખાતરી કરાવવી ઘટે. મુદા નં  ૨ અંગે કર્મચારીઓના વિકલ્પ તથા બાહેંધારી ખતની ઝેરોક્ષ નકલ સામેલ રાખેલ છે. જેમાં એકપણમાં  વિકલ્પની તારીખ દર્શાવેલ નથી. જેથી નિયમાનુસાર ની પુર્તતા થવી ઘટે. મુદા નં  ૨,૩,૪ અંગે સંસ્થાએ આપેલ જવાબ નિયમો સાથે સુંસગત ન હોય ફકરાની વિગતેની કાર્યવાહી થવી ઘટે.

ફકરા નંબર - ૨૬ -પરિશિષ્ટ નં .૧

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના શૈક્ષણિક કર્મચારીઓની સેવાપોથીમાં જણાયેલ અનિયમિતતાની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ | કર્મચારી/અધિકારીનું નામ તથા હોદ્દો | કોલમ નં ૮ માં કર્મચારીની સહિ લીધેલ છે કે કેમ? | તા .૨૩-૦૬-૨૦૦૦ ના ઠરાવ મુજબ નોમીનેશનની નોધ કરેલ છે કે કેમ? | સક્ષમ અધિકારીશ્રીની સહી બાકી છે? |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | શ્રી જાનકીશરણ આચાર્ય | છે | ના | નામ સુધારા નોંધમાં ગુજરાતી પરીક્ષા પાસની નોંધમાં |
| ૨ | શ્રી જયેશકુમાર ડી. મુંગરા | છે | ના | નિમણુંક નોંધમાં હિંદી,CCC+ નોંધમાં |
| ૩ | શ્રી ડૉ.એ.જી.ભોગાયતા | છે | ના | હિંદી,CCC+ પરીક્ષા મુક્તિની નોંધમાં |
| ૪ | શ્રી ડાયાલાલ એમ.મોકરીયા | છે | છે. સહી નથી | ઇજાફા મંજુરીની નોંધમાં |
| ૫ | ડૉ.અર્ચના દુબે | છે | ના | ગુજરાતી પરીક્ષા પાસની નોંધમાં |
| ૬ | શ્રી મહેન્દ્ર એ.દવે | નથી | ના | હિંદી પરીક્ષા,પગાર બાંધણીમાં |
| ૭ | શ્રી ડૉ.શત્રુધ્ન એસ. પ્રાણિગ્રાહી | છે | ના | CCC+ ,ગુજરાતી પરીક્ષા નોંધમાં |
| ૮ | શ્રી ડૉ.દેવેન્દ્રનાથ પાંડેય | છે | ના | ------- |

## ફકરા નંબર – ૨૬ - પરિશિષ્ટ નં.૨

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ કર્મચારીઓની સેવાપોથીઓમાં અનિયમિતતા દર્શાવતુ પત્રક

| ક્રમ | કર્મચારી/અધિકારીનું નામ | હોદો | કોલમ નં ૮માં કર્મચારીની સહિ લીધેલ છે કે કેમ? | તા .૨૩-૦૬-૨૦૦૦ ના ઠરાવ મુજબ નોમીનેશનની નોધ કરેલ છે કે કેમ? | હિંદી મુક્તિની નોધ કરેલ છે કે કેમ? | ઓનલાઇનઇજાફાની નોંધ કરેલ છે કે કેમ? | પ્રથમ પાનાની નોંધ દર પાંચ વર્ષે ફેર શાખ કરેલ છે કે કેમ? |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | શ્રી જાદવ દશરથભાઇ જી. | ના. કુલસચિવ | ના | ના | ના | ના | ના |
| ૨ | શ્રી જોશી અનિલકુમાર આર. | જુ.કા. | ના | ના | ના | ના | ના |
| ૩ | શ્રી જાની હિતેષ સી. | જુ.કા | ના | ના | ના | ના | ના |
| ૪ | શ્રી ઠકરાર ગોપાલ બી. | જુ.કા. | ના | ના | ના | ના | ના |
| ૫ | શ્રી ભરડવા જગદીશ આર. | પટ્ટાવાળા | ના | ના | --- | ના | ના |

ફકરા નંબર - ૨૭

## નિયત મર્યાદા કરતા વધુ રકમની ચુકવણી રોકડમાં કરવા અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ નાં અન્વેષણ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતા રૂ. ૧૫૦૦/- થી વધુ રકમની ચુકવણી નીચેની વિગતે રોકડમાં કરેલ હતી.

(૧) નાણા વિભાગના તા. ૨૩-૧-૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકે ટીજેઆર/૧૦૭૪/૩૨૩૯/૭૫ ઝેડ મુજબ રૂ.૧૫૦૦/- થી ઉપરનું ચુકવણું પાર્ટીના નામે "એકાઉન્ટ પેયી ઓનલી" ના ક્રોસ ચેકથી કરવાની જોગવાઈ હોવા છતાં અન્વેષણના વર્ષ દરમ્યાન મોટા ભાગની ચુકવણીઓ રોકડેથી કરેલ હોય તે અંગે ના નમુના રૂપ કિસ્સાઓ નીચે મુજબ દર્શાવેલ છે. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

તથા સદરહું નિયમનો તાત્કાલીક અમલ કરી અન્વેષણને આધાર સહ ખાતરી કરાવવી ઘટે.

| ક્રમ નં | તારીખ | પાર્ટીનું નામ | રકમ રૂ. |
|---|---|---|---|
| ૧ | ૪/૪/૨૦૧૪ | જય ગાત્રાળ માર્કેટીંગ | ૧,૯૦૦/- |
| ૨ | ૨૧/૪/૨૦૧૪ | શ્રી દવે નૈમેષ બી. (TA/DA) | ૨,૦૭૨/- |
| ૩ | ૫/૫/૨૦૧૪ | શ્રી કલ્પેશભાઈ સોલંકી (પરીક્ષા મુલ્યાંકન) | ૪,૨૬૮/- |
| ૪ | ૧૮/૬/૨૦૧૪ | શ્રી જય પ્રકાશનારાયણ ત્રીવેદી (TA/DA) | ૫,૧૦૪/- |
| ૫ | ૧૮/૬/૨૦૧૪ | શ્રી જે.એ.પંડયા (TA/DA) | ૫,૫૨૦/- |
| ૬ | ૧૮/૬/૨૦૧૪ | શ્રી વિનોદકુમાર શર્મા (TA/DA) | ૧૩,૦૯૦/- |
| ૭ | ૧૫/૭/૨૦૧૪ | શ્રી સુરેન્દ્રકુમાર શર્મા (TA/DA) | ૧૧,૮૩૨/- |
| ૮ | ૨૫/૮/૨૦૧૪ | શ્રી જયેન્દ્ર આર શાડુ (TA/DA) | ૮,૪૫૦/- |

સંસ્થાએ સુચના મુજબ અમલવારી કરેલ હોવાનું જણાયેલ છે. પરતું ઓડીટને આધારિત ખાતરી કરાવવી ઘટે.

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી**
**મહેકમ શાખા**
**સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – ૨૮**

**યુનિવર્સીટી કર્મચારીઓના જામીનખત નહી લેવા અંગે**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન જુદા જુદા ભવનો તથા શાખાઓનાં અન્વેષણ દરમ્યાન રોકડ નાણાકીય વ્યવહારની કામગીરી કરનાર કર્મચારીઓનાં જામીનખત તથા જામીનગીરી રજીસ્ટરની તપાસણી માટે રજુ કરવા જણાવતાં મહદઅંશે કોઈપણ ભવન કે શાખા તરફથી રોકડ કામગીરી કરનાર કર્મચારીઓનાં જામીનખત રજુ થયેલ ન હતા.

ભવનોમાં પેટી કેશ કામગીરી તથા પ્રવેશ ફોર્મ વેચાણ ફી વસુલાત કરવાની નાણાંકીય કામગીરી કરતા તમામ કર્મચારીનાં જામીનખત લેવા જોઈએ. રાજય સરકાર ગ્રાન્ટ આપતી હોવા છતાં રાજયમાં પ્રવર્તમાન નિયમોનો અમલ થતો નથી. તે બાબતે જવાબદારેથી સ્પષ્ટતા કરવી ઘટે. અને જામીનખત મેળવી યોગ્ય રજીસ્ટરમાં નોંધ કરી રેકર્ડથી ખાત્રી કરાવવી રહે.

તદ ઉપરાંત કર્મચારીઓએ આપેલ જામીન હૈયાત તેમજ સધ્ધર છે કે કેમ? તેની દર વર્ષે રેવન્યુ ઓથોરીટીપાસે દાર અને હૈયાત હોવાની ખરાઈ પણ કરાવવી ઘટે.

સંસ્થાએ પ્રાથમિક વાંધાનો આપેલ જવાબ નિયમો સાથે સુંસગત નથી.

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**

**હિસાબી શાખા**

**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – ૨૯**

## નિયત સિલકથી વધુ સિલક હાથ ઉપર રાખવા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટીના સને ૨૦૧૪-૧૫ના અન્વેષણ દરમ્યાન રોજમેળની ચકાસણી કરતાં હાથ ઉપરની રોકડ સિલક વધુ પ્રમાણમાં હાથ ઉપર રાખવામાં આવે છે .જેના નમુનારૂપ કિસ્સાઓ  સાથે સામેલ પરિશિષ્ટ નંમાં દ ૧.ર્શાવ્યા છેજરૂરિયાત મુજબ .ની રોકડ સિલક કરતા વધારે સિલક તાત્કાલીક બેંક ખાતામાં જમાં કરાવવી જોઇએ .જેથી સંસ્થાને રોકડ ઉચાપતના કિસ્સાઓ ન બને તે માટે જરૂરી હોય તેટલી જ સિલક હાથ ઉપર રાખી બાકીની સિલક બેંકમાં જમાં કરાવી ઓડીટને આધાર સહ સ્પષ્ટતા કરવી

ભવિષ્યમાં જરૂર કરતાં વધારેની સિલક તુરત જ બેંકમાં જમાં કરાવવી અને સિલક હાથ ઉપર નહીં રાખવા ઓડીટ સુચન છે .જેથી ઉચાપતના કિસ્સા નિવારી શકાય .

સંસ્થાએ પ્રાથમિક વાંધાના જવાબમાં રૂ.૨૫૦૦૦/- રોકડ સિલક હાથ ઉપર રાખવાનું કરાવેલ છે. તેમ જણાવેલ હતું પરતું તે અંગેના આધાર રજુ થયેલ ન હતાં

ફકરા નંબર – ૨૯- પરિશિષ્ટ નં-૧

રોકડ સિલક હાથ ઉપર રાખેલ છે તેની વિગત દર્શાવતુ પત્રક

| ક્રમ નં | તારીખ | રકમ રૂ. |
|---|---|---|
| ૧ | ૨ | ૩ |
| ૧ | ૧૯/૪/૨૦૧૪ | ૧૨૨૦૨૫/- |
| ૨ | ૨૦/૪/૨૦૧૪ | ૧૩૯૨૫૬/- |
| ૩ | ૨૦/૪/૨૦૧૪ | ૬૮૦૫૭/- |
| ૪ | ૨૧/૪/૨૦૧૪ | ૧૩૦૯૭૬/- |
| ૫ | ૨૩/૪/૨૦૧૪ | ૩૦૭૧૦/- |
| ૬ | ૦૭/૫/૨૦૧૪ | ૮૭૫૮૩/- |
| ૭ | ૦૯/૫/૨૦૧૪ | ૪૩૯૧૭/- |
| ૮ | ૩૦/૬/૨૦૧૪ | ૨૭૬૩૨/- |
| ૯ | ૩૦/૭/૨૦૧૪ | ૭૪૬૮૬/- |
| ૧૦ | ૦૮/૧૦/૨૦૧૪ | ૨૬૩૯૧/- |
| ૧૧ | ૦૯/૧૦/૨૦૧૪ | ૨૬૩૪૧/- |
| ૧૨ | ૧૩/૧૦/૨૦૧૪ | ૪૯૯૨૨/- |
| ૧૩ | ૧૪/૧૦/૨૦૧૪ | ૭૧૬૬૭/- |
| ૧૪ | ૧૭/૧૦/૨૦૧૪ | ૪૯૪૧૩/- |
| ૧૫ | ૨૮/૧૦/૨૦૧૪ | ૩૩૫૩૮/- |
| ૧૬ | ૩૦/૧૦/૨૦૧૪ | ૩૩૦૨૩/- |
| ૧૭ | ૩૧/૦૧/૨૦૧૫ | ૫૧૭૩૮/- |
| ૧૮ | ૨૭/૦૨/૨૦૧૫ | ૩૧૩૦૬૮/- |
| ૧૯ | ૦૨/૦૩/૨૦૧૫ | ૩૧૫૧૬૩/- |
| ૨૦ | ૧૦/૦૩/૨૦૧૫ | ૫૨૩૨૯૧/- |
| ૨૧ | ૧૨/૦૩/૨૦૧૫ | ૭૮૨૦૯/- |
| ૨૨ | ૩૧/૦૩/૨૦૧૫ | ૩૭૧૪૭/- |

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**મહેકમ શાખા**
**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – 30**

## કર્મચારીઓના પગાર બીલો નિયત નમુનામાં નહી નિભાવવા બાબત.

ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ ૧૭૬(૧) મુજબ પગાર બીલ નિયત નમુના નં.GTR-30 માં બનાવવાનુ રહે છે. શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી,વેરાવળ નાં સને ૨૦૧૪-૧૫ નાં અન્વેષણ દરમ્યાન વાઉચરોની ચકાસણી કરતા પગારનાં વાઉચરમાં ફકત પગાર પત્રકની તારીજ ઉપર ચેક ઈશ્યુ કરી પગાર ચુકવવામાં આવે છે. જયારે એ.બી.સી.રજીસ્ટર તો નિભાવેલ જ નથી રાજય સરકારની કચેરીઓમાં જે રીતેગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ ૧૭૬(૧) મુજબ નિયત નમુનામાં પગાર બીલ તૈયાર કરવામાં આવે છે. તે નમુનામાં યુનિવર્સીટી ઘ્વારા પગાર બીલ બનાવવામાં આવતું નહોવાથીઓડીટ ઘ્વારા પગાર બીલમાં નીચે મુજબની વિગતોની ચકાસણી થઈ શકેલ નથી.

(૧) યુનિવર્સિટીમાં સરકારશ્રી દ્વારા માન્ય મંજુર થયેલ કેડરવાઈઝ જગ્યાઓ અને તેનાં નિયત પગાર ધોરણ મુજબ ચુકવણીની ખરાઇ થઇ શકેલ નથી.

(૨) કુલ મંજુર થયેલ જગ્યા સામે કેટલા કર્મચારીનો પગાર આકારાયેલ છે. તેણી શકાયેલ નથી.

(3) જે તે જગ્યાયનાં રાજય / યુજીસીનાં માન્ય પગાર ધોરણ મુજબ ચુકવણું થયેલ છે કે કેમ? તથા મુળ પગાર ઉપર સરકારશ્રીના પ્રવતમાન દરે અન્ય ભાથ્થાઓ ચુકવાય છે કે કેમ તે જાણી શકાયેલ નથી.

(૪) જે કર્મચારીની રજા મંજુર થાય તે પે બીલ સાથે સામેલ ન હોવાથી ચકાસણી કરી શકાયેલ નથી.

(૫) કર્મચારીનાં મંજુર થયેલ ઈજાફા મુજબ પગાર ચુકવાયાની ખાત્રી થઈ શકતી નથી.

(૬) કર્મચારીની નવી નિમણુંક / બઢતી કે નિવૃતિનાં કારણે આકારેલ પગાર-ભથ્થાની ચકાસણી થઈ શકતી નથી.

(૭) આવકવેરો, પ્રો. ફંડ,વ્યનવસાય વેરો વિગેરે કપાત થયેલ રકમ નિયત સમયમાં સરકારશ્રીમાં જમા કરાવ્યાની ખાત્રી થઈ શકતી નથી.

(૮) કર્મચારી નિવૃત થાય તેની અવેજીમાં નિમણુંક થતા કર્મચારીની ભરતી થતા સુધી જગ્યાઓ મંજુર થયેલ હોય તેની સંખ્યા અને આકારેલ પગાર ભથ્થાની કુલ જગ્યાની સંખ્યા તથા ખાલી જગ્યાની વિગતો જાણી શકાયેલ નથી.

(૯) કર્મચારીની આંતરીક એક ભવનમાંથી બીજા ભવનમાં બદલીનાં હુકમો સામેલ હોતા નથી. જેથી પગાર બીલ સાથે તેની ચકાસણી થઈ શકતી નથી.

(૧૦) વર્ષ દરમ્યાન કર્મચારીઓને છઠ્ઠાપગાર પંચની રકમનો તફાવત ચુકવાય છે. તેની સાથે PVU દ્વારા માન્ય થયાના આધાર સામેલ હોતા નથી. તેમજ ઓનલાઇન ઇજાફાની નકલ સામેલ ન હોય કેટલો પગાર થાય તેની ચકાસણી થઈ શકતી નથી.

(૧૧) પગાર ધોરણ માન્ય થયેલ હોય તેમાં કોઈ વસુલાત સુચવેલ હોય તો તે વસુલાત અંગેની ખાત્રી થઈ શકતી નથી.

(૧૨) પગાર બીલ/ પુરવણી બિલોમાં જગ્યાઓ કાયમી થવાના હુકમ નં તેમજ કામચલાઉ જગ્યાઓ મંજુર થવાના હુકમના નંબર/તારીખ સ્પષ્ટ દર્શાવવા જોઇએ.

(૧૩) કર્મચારીઓના પગાર- ભથ્થાની વિગતો દર્શાવતું એ.બી.સી. રજીસ્ટર સંસ્થાએ નિભાવેલ ન હોવાથી કર્મચારીઓની વાર્ષિક પગાર- ભથ્થાની રકમ,બદલી,નવી નિમણુંક,નિવૃતી વગેરે વિષયક માહિતિ જાણી શકાયેલ ન હતી.

પ્રાથમિક વાંધાનો સંસ્થાએ આપેલ જવાબ નિયમો સાથે સુંસગત નથી. ફકરાની વિગતે પુર્તતા થવી ઘટે.

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**

**હિસાબી શાખા**

**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – ૩૧**

**નાણાનો ઉપાડ કરવા માટે નિયત નમુનાના ફોર્મનો બીલ તરીકે ઉપયોગ નહીં કરવા અંગે**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણમાં ખર્ચના વાઉચરોની ચકાસણી કરતાં તેમાં બીલફોર્મ તરીકે કોઇપણ પ્રકારના નિયત ફોર્મ વગર એક જ ફોર્મેટમાં કાર્યાલય આદેશ કરીને તેટલી રકમનો ચેક ઇસ્યુ કરતાં હોવાનું જણાયેલ હતું. બીલ ફોર્મ વાપરેલ ન હોવાના કારણે હિસાબી શાખા દ્વારા Pass for payment નો લાલ શાહી થી અંકમાં તથા શબ્દોમાં શેરો કરી,તેની નીચે સક્ષમ અધિકારીશ્રીની સહી થયા બાદ જ જે તે રકમના ચેક લખવાનો રહે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિ.વેરાવળ દ્વારા યુનિ. શરૂ થઇ ત્યારથી ઓડીટ તારીખ (ડીસે.૨૦૧૬) સુધીમાં બિલોના ચુકવણા માટે કોઇ નિયત ફોર્મ વાપરવા માટે નિયમો બનાવેલા નથી જેથી સરકારશ્રીમાં નિયમો અનુસાર ગુજરાત તિજોરી નિયમોથી થયેલ જોગવાઇ અનુસાર નીચેની વિગતેના બીલ ફોર્મમાં બીલ બનાવી, અમલવારી ચાલુ કરી  ઓડીટને આધારિત ખરાઇ કરાવવી ઘટે

(૧) પગાર બીલ ફોર્મ નં. GTR.30

(૨) પેશગી બીલ ફોર્મ નં. GTR.૮૫

(૩) મેડીકલ રિએમ્બર્સમેન્ટ બીલ ફોર્મ નં. GTR.૨૯

(૪) મુસાફરી ભથ્થાનું બીલ ફોર્મ નં. GTR.૩૫

(૫) ઉચ્ચક બીલ ફોર્મ નં. GTR.૪૫

(૬) ઉચ્ચક બીલનુંવિગતવાર બીલ ફોર્મ નં. GTR.૪૬

(૭) વિગતવાર આકસ્મિક ખર્ચનું બીલ ફોર્મ નં. GTR.૪૪

(૮) ગ્રાન્ટ ઇન એઇડનું બીલ ફોર્મ નં. GTR.૬૨-એ,૬૨-બી,૬૨-સી.

(૯) સ્ટાઇપન્ડ અને સ્કોલરશીપનું બીલ ફોર્મ નં. GTR.૬૩

(૧૦) સામાન્ય ભવિષ્ય નિધિના ઉપાડનું બીલ ફોર્મ નં. GTR.૭૫

(૧૧) સર્વિસ પોસ્ટેજ સ્ટેમ્પનું બીલ  ફોર્મ નં. GTR.૪૮

સંસ્થાએ  હવે પછી અમલ કરવામાં આવશે. તેમ પ્રાથમિક વાંધાનો જવાબમાં જણાવેલ હોઈ , સુચના મુજબ અમલ થવો ઘટે.

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**હિસાબી શાખા**
**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – ૩૨**

**વાઉચરો સાથે સામેલ પેટા વાઉચરો બીલ પાસ કર્યા બાદ રદ ન કરવા બાબત**

ગુજરાત નાણાકીય નિયમો ૧૯૭૧ ના નિયમ ૨૯૦ ની જોગવાઇઓ મુજબ તેમજ ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના નિયમ-૨૦૦ ની જોગવાઇ અનુસાર આકસ્મીક ખર્ચના બીલો સાથેના પેટા વાઉચરો તેનુ બીજી વખત ચુકવણુ ન થાય તે હેતુસર આકસ્મીક ખર્ચના બીલ માં સહી કરતી વખતે ઉપાડ અધિકારીએ રદ કરવાના રહે છે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ના અન્વેષણ સમયે વાઉચરોની ચકાસણી કરતા આકસ્મીક ખર્ચના બીલો સાથેના પેટા વાઉચરો રદ કરવામાં આવેલ નથી જે અંગે સ્પષ્ટતા સહ ઉકત જોગવાઇની અમલવારી કરી ઓડિટને આધારસહ ખાત્રી કરાવવી ઘટે

સંસ્થાએ નાણાંકીય હિસાબોના બિલોના ચુકાદા થયા પછી નાણાંકીય વર્ષ એપ્રિલ થી શરૂ કરી માર્ચ સુધીના વાઉચરો નંબર આપવા જોઇએ જે સંસ્થાએ વાઉચર નંબર આપેલ નથી જે પુર્તતા કરી ખાતરી કરાવવી

પ્રાથમિક વાંધાનો જવાબમાં સંસ્થાએ પેટા વૌચરો રદ કરી આપ્યાનું જણાવેલ છે. પરતું ઓડિટને આધારિત ખાતરી કરાવેલ ન હતી. તેમજ વાઉચર નંબર અપવાની પ્રથા શરૂ કરી ઓડિટને ખાતરી કરાવવી ઘટે.

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**હિસાબી શાખા**
**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – 33**

## મિલકતોનાં વિમા વિમા નિયામકશ્રી પાસે ઉતારવા તથા મિલક્તોનાં ઘસારા ફંડની જોગવાઈ કરવા બાબત

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ નાં અન્વેષણ દરમ્યાન સંસ્થાનાં ઉપજ ખર્ચનાં હિસાબો તથા અંદાજપત્રને રિવ્યુ કરતાં સંસ્થા દ્વારા પોતાનાં હસ્તકનાં કોઈપણ મિલ્કતનાં વિમા, વિમા નિયામકશ્રી,ગાંધીનગર પાસે ઉતરાવેલ નથી. તેમજ મિલકતોનાં ઘસારાફંડની પણ કોઈ જોગવાઈ કરેલ નથી. જે અંગેની નીચે મુજબ ઓડિટ નોંધ આપવામાં આવે છે.

(૧) સરકારશ્રીનાં નિયમોમાં કરેલ જોગવાઈઓ અનુસાર યુનિવર્સિટીની મિલક્તો અને વાહનોની જોગવાઈ નિભાવણી અને મરામત માટે મુળ કિમતનાં ૧૦% પ્રમાણે ઘસારા ફંડની જોગવાઈ કરવા ઠરાવેલ છે. પરંતુ શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા આવુ કોઈ ફંડ નિભાવેલ નથી. તેમજ ઓડિટ વર્ષમાં આવી કોઈ જોગવાઈ કરેલ નથી. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

(૨) સરકારશ્રીનાં નાણા વિભાગનાં તા. ૨-૪-૧૯૭૫ નાં ઠરાવનં. એસ/એમા.બી/ ૧૦૯૪/ ૫૨૫/ ઝ તથા તા. ૩૦-૯-૯૪ નાં પરિપત્રનં. વતમ/૧૪૮૨/ ૧૯૫૪/ ઝ / ૧ થી અપાયેલ સૂચનાઓ મુજબ જે સંસ્થામાં સરકારશ્રીનું સવિશેષ હિત સમાયેલ હોય તેથી સંસ્થાની મિલકતોનાં વિમા, વિમા નિયામક પાસેથી ઉતરાવવા જોઈએ. આમ, છતાં આવા વિમા ઉતરાવવામાં આવેલ નથી. જે અંગે સ્પષ્ટતા થવી ઘટે.

ઉકત મુદા નં ૧ તથા ૨ ની જરૂરી અમલવારી કરી પૂર્તતાની રેકર્ડ આધારિત ખાત્રી કરાવવી ઘટે.

પ્રાથમિક વાંધાના જવાબમાં સંસ્થાએ મુદા નં ૧ અંગે જણાવેલ હતું કે મિલ્કતો અને વાહનોની ખરીદી વખતે જ ઘસારાની જોગવાઈ કરવામાં આવે છે. પરતું તે અંગેના આધાર રજુ કરી ખરાઈ કરાવેલ નથી. મુદા નં  ૨ અંગે ફકરાની વિગતે કાર્યવાહી થવી ઘટે.

**શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી**
**હિસાબી શાખા**
**વેરાવળ સને ૨૦૧૪-૧૫**

**ફકરા નંબર – ૩૪**

**વણવપરાયેલ ગ્રાન્ટ બાબત**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન વાર્ષિક હિસાબોનાં પત્રક-૧ મુજબ સરકારશ્રી તરફથી વર્ષ દરમ્યાન રૂ.૬,૮૪,૫૭,૨૦૦/- ની ગ્રાન્ટ પ્રાપ્ત થયેલ હતી. વર્ષ ૨૦૧૩-૧૪ ની બચત અનુદાનની રકમ રૂ.૧૦,૩૨,૫૫,૬૧૮/- રહેવા પામેલ હતી. જેની સામે સને ૨૦૧૪-૧૫ ના વર્ષ દરમ્યાન રૂ.૮,૬૨,૭૬,૦૬૯/- નો ખર્ચ થયેલ હતો. જેથી રૂ.૮,૫૪,૩૬,૭૪૯/- ની ગ્રાન્ટ બચત રહેવા પામેલ હતી જે વણવપરાયેલ હતી જે અંગે નીચે મુજબ અન્વેષણ નોંધ આપવામાં આવે છે.

સરકારશ્રી તરફથી આ અનુદાન ચોકકસ હેતુઓ તથા વિકાસના લક્ષ્યાંકો સિધ્ધ કરવા માટે આપવામાં આવતુ હોય છે. પરંતુ યુનિવર્સિટીના આયોજનની ખામીને કારણે રૂ. ૮,૫૪,૩૬,૭૪૯/- ની ગ્રાન્ટ વણવપરાયેલ રહેવા પામેલ હતી. આટલા મોટા પ્રમાણમાં અનુદાન વણવપરાયેલ હોવાથી યુનિવર્સિટીના વિકાસના કાર્યો વિદ્યાર્થીઓના વિકાસ તથા ગ્રાન્ટ આપનાર સંસ્થાના હેતુઓ સિધ્ધ કરવામાં વિક્ષેપ પડેલ છે. જે અંગે જવાબદારેથી સ્પષ્ટતા થવી ઘટે.

પ્રાથમિક વાંધાનો સંસ્થાએ આપેલ જવાબ નિયમો સાથે સુંસગત નથી. સરકારશ્રી દ્વારા ફાળવેલ ગ્રાન્ટ વણવપરાયેલ રહેલ છે. જે અંગેનું આયોજન થઈ શકે તેમ ન હોય તો સરકારશ્રીમાં વાપરવા પરત જમા કરાવી આધારિત ખાતરી કરાવવી ઘટે.

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સીટી
હિસાબી શાખા
વેરાવળ સને ૨૦૧૪-૧૫

**ફકરા નંબર – ૩૫**

## અગત્યના હિસાબી રજીસ્ટરો ન નિભાવવા અંગે તથા અન્ય હિસાબી અનિયમિતતાઓ અંગે

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળના સને ૨૦૧૪-૧૫ ના અન્વેષણ દરમ્યાન જણાયેલ હતુ કે નીચે દર્શાવેલ અગત્યના હિસાબી રજીસ્ટરો નિભાવેલ જ ન હતા.

(૧) રોજમેળ/ કેશબુક

ગુજરાત તિજોરી નિયમના નિયમ-૨ અન્વયે સંસ્થાએ રોજે-રોજની આવક તથા ખર્ચના હિસાબો નિયત નમુનાની કેશબુક નિભાવી તેમાં નોંધવાના રહે છે. જેમાં ખુલતી સિલક/બંધ સિલક રોજે-રોજની કાઢી,માસિક,વાર્ષિક આવક-ખર્ચની તારીજ કાઢવાની હોય છે.તેમજ રોજે-રોજ હિસાબ પુર્ણ કરી સક્ષમ અધિકારીશ્રીની સહી થવી ઘટે

(૨) વર્ગીકરણ રજીસ્ટર

સંસ્થાએ આવક તથા ખર્ચના વર્ગીકરણ રજીસ્ટર નિભાવેલ નથી સંસ્થાએ રોજે-રોજની આવક-ખર્ચના હિસાબો જે તે પેટા સદર કે આવક-ખર્ચ અંગે વર્ગીકરણ રજીસ્ટર નિભાવી તેમાં ખતવણી કરવાની રહે છે. જેનુ વાર્ષિક હિસાબ સાથે મેળવણું કરી તે અંગેનુ પ્રમાણપત્ર પણ દર વર્ષે વર્ગીકરણ રજીસ્ટરમાં આપવાનુ રહે છે.

(3) ગ્રાન્ટ (અનુદાન) રજીસ્ટર

સંસ્થાએ મળેલ ગ્રાન્ટ અંગેનુ પેટા સદર, વિભાગ વાઇઝ રજીસ્ટર નિભાવવાનુ રહે છે જે નિભાવેલ ન હતુ. સદરહુ રજીસ્ટરમાં અગાઉની બાકી સિલક, ખુલતી સિલક તરીકે લઇ વર્ષ દરમ્યાન મળેલ ગ્રાન્ટ જમા લઇ, તેમાંથી વખતો-વખત ખર્ચની રકમ બાદ કરતાં જવી જોઇએ.જેથી વર્ષ આખરે ક્યાં સદર કે વિભાગની કેટલી ગ્રાન્ટ જમા રહેલ છે તેની વિગતો જાણી શકાય, તેમાં પણ સક્ષમ અધિકારીશ્રીની દરેક એન્ટ્રી વાઇઝ સહી થવી ઘટે

(૪) <u>ઓડીટ(પગાર) રજીસ્ટર</u>

સંસ્થામાં ફરજ બજાવતા તમામ કર્મચારી/શૈક્ષણિક કર્મચારીની પગાર ભથ્થાની વિગત દર્શાવતુ રજીસ્ટર નિભાવવાનુ રહે છે.જે સંસ્થાએ નિભાવેલ ન હતુ. જેથી જે-તે નાણાંકીય વર્ષમાં જે-તે કર્મચારીને કેટલા પગાર ભથ્થાની ચુકવણી કરવામાં આવી તે જાણી શકાય. તેમજ નવી નિમણુંક થયેલ કર્મચારી, નોકરી છોડીને જતાં કર્મચારી, નિવૃત થતા કર્મચારી વગેરેની વિગતો જાણી શકાય.

(૫) <u>જુથ વીમા યોજનાના હિસાબ બાબત</u>

નાણા વિભાગના ઠરાવ ક્રમાક નં.એસીબી/૧૦૮૧/૩૧/ક તા.૧૦/૧૧/૧૯૮૧ ની જોગવાઇ મુજબ નિયત નમુનામા જુથ વીમાના હિસાબો નિભાવેલ નથી. જેથી જુથ વીમા ગૃપ ક,ખ,ગ,ઘ મુજબ નિયત દરે વસુલાત કર્યાની ખાતરી થતી નથી. તો નિયત નમુનામાં હિસાબો નિભાવી ખાતરી કરાવવી ઘટે.

(૬) <u>ખર્ચમાં ચુકવણા અંગેનો કચેરી આદેશ ન કરવા અંગે</u>

વાઉચરોની ચકાસણી કરતાં તેમાં પેટા વાઉચરો મુજબ કે જેના ખર્ચની ચુકવણી કરવાની થતી હોય તે ચુકવણી કરવા અંગેનો કચેરી આદેશ તેમજ પત્રક બનાવવામાં આવતુ નથી. જે શાખાના પેટા વાઉચરોનુ કે કોઇપણ ખર્ચના ચુકવણા કરતા પહેલા તે અંગેનો હુકમ, જે નિયમ કે ઠરાવ અન્વયે ઉક્ત ખર્ચ કરવાની સતા મળેલ હોય, ખર્ચ કરવાની મંજુરી મેળવેલ હોય તે સઘળી વિગતોનો ઉલ્લેખ કરી કચેરી આદેશ કરવાનો રહે તેની નકલ બીલ સાથે જોડી બીલ પાસ કરવાનુ રહે. જેથી બિલો સાથે આવો હુકમ કરાવીને પછી જ ચુકવણું કરવાની પધ્ધતિ અમલમાં મુકી, અમલવારી જારી રાખી, આગામી ઓડીટને ખાતરી કરાવવી ઘટે.

પ્રાથમિક વાંધાનો સંસ્થાએ આપેલ જવાબ નિયમો સાથે સુંસગત  નથી. ઓડિટ સુચન મુજબ કાર્યવાહી કરવી ઘટે.

**ફકરા નંબર – ૩૬**

**ચોરી-છળકપટ-ઉચાપત-આગ-અકસ્માતથી સંસ્થાની મિલ્કતને થયેલ નુકશાનની માહિતી આપવા બાબત.**

શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી,વેરાવળ તેમજ તેના હસ્તકની તમામ પેટા સંસ્થાઓમાં સને ૨૦૧૪-૧૫ નાં વર્ષ દરમ્યાન ચોરી, છળકપટ, ઉચાપત, આગ, અકસ્માતથી સંસ્થાની મિલ્કતને થયેલ નુકશાનની વિગતો આપવા માટે પ્રાથમિક વાંધા નંબર-૨ થી માંગવામાં આવેલ હતી.

તેનાં જવાબમાં સંસ્થાએ જણાવેલ છે કે આવો કોઇ બનાવ બનવા પામેલ નથી, જેથી માહિતી ''શૂન્ય'' હોવાનો જવાબ મળેલ છે. જેથી આ બાબતે કંઇ ટીપ્પણી કરેલ નથી.

**ફકરા નંબર – ૩૭**

**પ્રાથમિક વાંધાઓની પૂર્તતા અંગે.**

સને ૨૦૧૪-૧૫ નાં વર્ષનાં હિસાબોના અન્વેષણ દરમ્યાન કુલ ૩૫ પ્રાથમિક વાંધાઓ આપવામાં આવેલ હતા. જે પૈકી ૩૫ પ્રાથમિક વાંધાના જવાબ કરવામાં આવેલ હતા. જે જોતા પૂર્તતાની કામગીરી સંતોષકારક ગણી શકાય નહીં. જો તમામ પ્રાથમિક વાંધાઓનો સંપૂર્ણ વિગતે સમયસર જવાબો આપવામાં આવ્યા હોય તો અહેવાલનું કદ તથા ભવિષ્યમાં આ બાબતે થનાર પત્ર વ્યવહાર મહદઅંશે ઘટાડી શકાયો હોત.

**ફકરા નં - ૩૮**

**ગ્રાન્ટ વપરાશ પ્રમાણપત્ર અંગે.**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, સંસ્થાને મળેલ સર્વે પ્રકારની ગ્રાન્ટ વપરાશના પ્રમાણપત્રો સંબંધિત નિયંત્રણ અધિકારીશ્રીને મોકલવામાં આવેલ ન હોવાથી ગ્રાન્ટ જે તે હેતું માટે મળેલ હતી. તે હેતું માટે જ વપરાશ થયા અંગેની ખાત્રી ઓડીટ દરમ્યાન હિસાબોની કસોટીરૂપ ચકાસણી ઉપરથી શકય બનેલ ન હતી.

**ફકરા નંબર – ૩૯**

**વાર્ષિક હિસાબો બાબત.**

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, સંસ્થાના વાર્ષિક હિસાબોની આનુસાંગિક દફતર સાથે ચકાસણી કરતાં વાર્ષિક હિસાબો અહેવાલમાં કરવામાં આવેલ ટીકાઓને આધિન સાચા માલુમ પડેલ હતાં. તેમજ ઓડીટ સમક્ષ રજુ થયેલ હિસાબોનાં ચોપડાઓ અને સબંધિત દફતર તથા ઓડીટમાં લાગુ પાડેલ પ્રતિક તપાસના આધારે તેમજ ઓડીટ અહેવાલમાં કરેલ ટીકાઓને આધિન રહીને જણાવવામાં આવે છે કે, હિસાબો વ્યવસ્થિત રાખવામાં આવેલ હતાં.

**ફકરા નંબર – ૪૦**

**ખુલતી સિલકની ખરાઈ બાબત.**

સંસ્થાની તા. ૧-૪-૨૦૧૪ ના રોજ ખુલ્તી સિલક રૂ. ૧૧૫૫૮૪૩૭૮/- વર્ષ ૨૦૧૪-૧૫ ના સી.એ. (ચાર્ટેડ એકાઉન્ટ) ના ઓડિટ એહવાલ આધારે પ્રમાણિત કરવામાં આવેલ છે.

ફકરા નંબર – ૪૧

## અન્વેષણ અહેવાલના જવાબ બાબત.

ગુજરાત લોકલફંડ ઓડીટ એકટ ૧૯૬૩ની કલમ ૯(૧) મુજબ આ અન્વેષણ અહેવાલ મળ્યાની તારીખથી ચાર માસની મુદતમાં ત્રણ નકલમાં તેની પુર્તતા આ કચેરીને મોકલી આપવાની રહે છે તેમ કરવામાં ચુક થશે તો ઓડીટ અહેવાલમાં સમાવેશ કરેલ વાંધાઓ અને ક્ષતિઓ આપને સ્વીકાર્ય છે એમ માની લેવામાં આવશે. અને તે આધારે કલમ ૯(૩) મુજબ સક્ષમ અધિકારીશ્રીને વિશેષ નોંધ આપવામાં આવશે. તેમાં અનિયમિતતાઓ અને અધિક ચુકવણીના કિસ્સાઓ અને ગંભીર પ્રકારની અનિયમિતતાઓ તરફ તેમનું લક્ષ દોરવામાં આવશે.

| | | | |
|---|---|---|---|
| **ઓડીટર** | **જિલ્લા સહાયક નિરીક્ષક** | **સંયુકત નિરીક્ષક** | **નિરીક્ષક,** |
| **વર્તુળ-૪** | **સ્થાનિક ભંડોળ હિસાબ** | **સ્થાનિક ભંડોળ હિસાબ,** | **સ્થાનિક ભંડોળ હિસાબ,** |
| | **જુનાગઢ** | **ગાંધીનગર** | **ગાંધીનગર** |

**નકલ સવિનય રવાનાઃ-**

(૧) સચિવશ્રી, શિક્ષણ વિભાગ સચિવાલય, ગાંધીનગર
(૨) સચિવશ્રી, નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર
(૩) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૪) નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
(૫) ઓડીટ ઓફીસરશ્રી, એલ.બી.એ.એ. સીનીયર ડેપ્યુટી એકા. જનરલશ્રીની કચેરી, લોકલ બોડીઝ એન્ડ એકાઉન્ટસ, નવરંગપુરા, અમદાવાદ
(૬) મદદનીશ સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ હિસાબ, ડી.એ.ટી. કચેરી, ગાંધીનગર
(૭) ઓડીટરશ્રી, વર્તુળ-૪

## પત્રક નંબર – ૧

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ના સને.૨૦૧૪-૧૫ ના વર્ષના હિસાબોની તારીજ દર્શાવતું પત્રક ભાગ – ૧ (મહેસૂલ વિભાગ)

| ક્રમ | વિગત | | ઉઘડતી સિલક તા.૦૧/૦૪/૧૪ પ્રમાણે | સને.૨૦૧૪-૧૫ ની આવક | કુલ સરવાળો | સને.૨૦૧૪-૧૫ ખર્ચ | વર્ષ દરમ્યાન સરકારમાં પરત કરેલ રકમ | બંધ સિલક તા.૩૧/03/૨૦૧૫ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ૧ | ૧ | પગાર ભથ્થા | ૩૯૪૫૮૯૮૬ | ૩૦૦૩૬૦૦૦ | ૬૯૪૯૪૯૮૬ | ૩૦૦૩૬૦૦૦ | ૦૦ | ૩૯૪૫૮૯૮૬ |
| | ૨ | બાંધકામ ગ્રાન્ટ | ૫૪૬૮૦૫૬૨ | ૩૮૧૫૪૦૦૦ | ૯૨૮૩૪૫૬૨ | ૫૪૬૮૦૫૬૨ | ૦૦ | ૩૮૧૫૪૦૦૦ |
| | 3 | Establishment ગ્રાન્ટ | ૧૪૮૭૯૫ | ૦૦ | ૧૪૮૭૯૫ | ૦૦ | ૦૦ | ૧૪૮૭૯૫ |
| | ૪ | પુઅર સ્ટુડન્ટ હોસ્ટેલ ગ્રા. | ૩૦૩૫૫૯૬ | ૦૦ | ૩૦૩૫૫૯૬ | ૧૨૬૪૨૦૮ | ૦૦ | ૧૭૭૧૩૮૮ |
| | ૫ | સંસ્કૃત સભાસન ગ્રાન્ટ | ૧૫૭૪૨૫ | ૦૦ | ૧૫૭૪૨૫ | ૦૦ | ૦૦ | ૧૫૭૪૨૫ |
| | ૬ | સપ્તધારા પ્રોગામ ગ્રાન્ટ | ૩૪૩૧૯ | ૦૦ | ૩૪૩૧૯ | ૦૦ | ૦૦ | ૩૪૩૧૯ |
| | ૭ | સ્વર્ણિમ જયંતિ ગૌરવ ગ્રંથ ગ્રાન્ટ | ૧૩૪૧૭૮ | ૦૦ | ૧૩૪૧૭૮ | ૦૦ | ૦૦ | ૧૩૪૧૭૮ |
| | ૮ | ડીપ્લોમાં ટેમ્પલ મેનજમેન્ટ ગ્રાન્ટ | ૧૯૧૦૫૧ | ૦૦ | ૧૯૧૦૫૧ | ૦૦ | ૦૦ | ૧૯૧૦૫૧ |
| | ૯ | ડીપ્લોમાં વસ્તુ અને કર્મકાંડ ગ્રાન્ટ | ૫૨૦૦૦૦ | ૦૦ | ૫૨૦૦૦૦ | ૦૦ | ૦૦ | ૫૨૦૦૦૦ |

| ક્રમ | | વિગત | ઉઘડતી સિલક તા.૦૧/૦૪/૧૪ પ્રમાણે | સને.૨૦૧૪-૧૫ ની આવક | કુલ સરવાળો | સને.૨૦૧૪-૧૫ ખર્ચ | વર્ષ દરમ્યાન સરકારમાં પરત કરેલ રકમ | બંધ સિલક તા.૩૧/૦૩/૨૦૧૫ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| | ૧૦ | ડીપ્લોમાં યોગ ગ્રાન્ટ | ૪૧૮૦૬૧ | ૦૦ | ૪૧૮૦૬૧ | ૦૦ | ૦૦ | ૪૧૮૦૬૧ |
| | ૧૧ | NSS – યુનિવર્સિટી ગ્રાન્ટ | ૧૭૯૭૬ | ૧૭૨૦૫૦ | ૧૯૦૦૨૬ | ૨૭૬૮૩ | ૦૦ | ૧૬૨૩૪૩ |
| | ૧૨ | NSS – PG ગ્રાન્ટ | ૧૯૭ | ૦ | ૧૯૭ | ૦૦ | ૦૦ | ૧૯૭ |
| | ૧૩ | NSS – કોલેજ ગ્રાન્ટ | ૦૦ | ૨૩૭૫૦ | ૨૩૭૫૦ | ૧૬૫૯૭ | ૦૦ | ૭૧૫૩ |
| | ૧૪ | વર્ડ કલાસ યુનિવર્સિટી ગ્રા. | ૪૪૫૮૪૭૨ | ૦૦ | ૪૪૫૮૪૭૨ | ૨૦૩૧૬૯ | ૦૦ | ૪૨૫૫૩૦૩ |
| | ૧૫ | ALSHE – પુરસ્કાર ગ્રાન્ટ | ૦ | ૩૦૦૦૦ | ૩૦૦૦૦ | ૧૦૦૦૦ | ૦૦ | ૨૦૦૦૦ |
| | ૧૬ | ALSHE – યુનિટ ગ્રાન્ટ | ૦ | ૪૧૪૦૦ | ૪૧૪૦૦ | ૩૭૮૫૦ | ૦૦ | ૩૫૫૦ |
| | | **સરવાળો** | **૧૦૩૨૫૫૬૧૮** | **૬૮૪૫૭૨૦૦** | **૧૭૧૭૧૨૮૧૮** | **૮૬૨૭૬૦૬૯** | **૦૦** | **૮૫૪૩૬૭૪૯** |
| ૨ | | યુનિવર્સિટી ફંડ | ૩૬૫૯૯૭૮૯ | ૧૩૮૧૭૮૭૬ | ૫૦૪૧૭૬૬૫ | ૮૬૮૧૭૯૨ | ૦૦ | ૪૦૭૩૫૮૭૩ |
| ૩ | | **કુલ સરવાળો** | **૧૩૯૮૫૫૪૦૭** | **૮૨૨૭૫૦૭૬** | **૨૨૨૧૩૦૪૮૩** | **૯૪૯૫૭૮૬૧** | **૦૦** | **૧૨૬૧૭૨૬૨૨** |

## પત્રક નંબર – ૨

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ના સને.૨૦૧૪-૧૫ ના વર્ષના હિસાબોની તારીજ દર્શાવતું પત્રક ભાગ – ૨ (બીન મહેસૂલ વિભાગ)

| ક્રમ | વિગત | ઉઘડતી સિલક તા.૦૧/૦૪/૧૪ પ્રમાણે | સને.૨૦૧૪-૧૫ ની આવક | કુલ સરવાળો | સને.૨૦૧૪-૧૫ ખર્ચ | બંધ સિલક તા.૩૧/૦૩/૨૦૧૫ |
|---|---|---|---|---|---|---|
| ૧ | બુક બેંક ડોનેશન ફંડ | ૦૦ | ૨૫૯૬૦ | ૨૫૯૬૦ | ૦૦ | ૨૫૯૬૦ |
| ૨ | કન્ટ્રકશન ફંડ | ૪૭૫૧૨૨૩ | ૦૦ | ૪૭૫૧૨૨૩ | ૦૦ | ૪૭૫૧૨૨૩ |
| ૩ | ડોનેશન ફોર એસટી ગર્લ્સ સ્ટુડનટ | ૦૦ | ૩૦૯૬૦૦ | ૩૦૯૬૦૦ | ૧૪૧૮૮૪ | ૧૬૭૭૧૬ |
| ૪ | ફિક્ષ મેડલ ફંડ | ૭૭૪૨૫૦ | ૦૦ | ૭૭૪૨૫૦ | ૦૦ | ૭૭૪૨૫૦ |
| ૫ | જનરલ ડોનેશન ફંડ | ૨૬૫૫૦ | ૦૦ | ૨૬૫૫૦ | ૦૦ | ૨૬૫૫૦ |
| ૬ | સ્ટુડન્ટ વેલ્ફર ફંડ | ૦૦ | ૫૨૫૦૦૦૦ | ૫૨૫૦૦૦૦ | ૦૦ | ૫૨૫૦૦૦૦ |
| ૭ | ત્રિવેણી રેફરન્સ ફંડ | ૯૫૦૦૧ | ૦૦ | ૯૫૦૦૧ | ૦૦ | ૯૫૦૦૧ |
| ૮ | કેપીટલ ફંડ ફોર ફિકસ અસ્ટેસ | ૨૨૭૦૪૦૭૧ | ૫૬૩૯૮૬૦૦ | ૭૯૧૦૨૬૭૧ | ૨૦૩૪૫૮ | ૭૮૮૯૯૨૧૩ |
| ૯ | લેબર શેષ | ૪૬૯૨ | ૫૨૪૫ | ૯૯૩૭ | ૦૦ | ૯૯૩૭ |
| ૧૦ | પીજીડીસીએ સેન્ટર એફીલેસન ડિપોઝીટ | ૨૭૫૦૦૦૦ | ૩૨૫૦૦૦ | ૩૦૭૫૦૦૦ | ૧૦૦૦૦૦ | ૨૯૭૫૦૦૦ |
| ૧૧ | સિકયુરીટી ડીપોઝીટ | ૧૨૬૮૦૦ | ૮૪૬૦૦ | ૨૧૧૪૦૦ | ૨૦૦૦૦ | ૧૯૧૪૦૦ |
| ૧૨ | કોશન મની ડીપોઝીટ | ૭૦૫૦ | ૦૦ | ૭૦૫૦ | ૫૦ | ૭૦૦૦ |
| ૧૩ | લઈબ્રેરી ડીપોઝીટ | ૭૦૫૦ | ૧૫૪૦૦ | ૨૨૪૫૦ | ૮૫૦ | ૨૧૬૦૦ |

| ક્રમ | વિગત | ઉઘડતી સિલક તા.૦૧/૦૪/૧૪ પ્રમાણે | સને.૨૦૧૪-૧૫ ની આવક | કુલ સરવાળો | સને.૨૦૧૪-૧૫ ખર્ચ | બંધ સિલક તા.૩૧/03/૨૦૧૫ |
|---|---|---|---|---|---|---|
| ૧૪ | પીજીડીસીએ કોમન રિક્રુટમેન્ટ ડીપોઝીટ | ૧૨૫૬૦૯ | ૦૦ | ૧૨૫૬૦૯ | ૦૦ | ૧૨૫૬૦૯ |
| ૧૫ | રાજીવગાંધી ફ્રેલોશીપ | ૬૬૩૪૮૪ | ૩૦૯૬૦૪ | ૯૭૩૦૮૮ | ૨૨૪૨૦૦ | ૭૪૮૮૮ |
| ૧૬ | સ્કોરશીપ ફ્રોર ઓબીસી સ્ટુડન્ટ | ૪૨૫૮૦ | ૧૭૭૯૨૦ | ૨૨૦૫૦૦ | ૧૫૫૧૮૦ | ૬૫૩૨૦ |
| ૧૭ | સ્કોરશીપ ફ્રોર એસસી સ્ટુડન્ટ | ૧૩૬૫૩ | ૩૧૬૬૦ | ૪૫૩૧૩ | ૦૦ | ૪૫૩૧૩ |
| | **સરવાળો** | **૩૨૦૯૨૦૧૩** | **૬૨૯૩૩૫૮૯** | **૯૫૦૨૫૬૦૨** | **૮૪૫૬૨૨** | **૯૩૫૦૫૯૮૦** |

## પત્રક - ૩

# શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના સને.૨૦૧૪-૧૫ વર્ષના હિસાબો રાજય સરકારના અનુદાનની આવકો અને ખર્ચનું વિગતવાર વર્ગીકરણ

| આવક | સને.૨૦૧૪-૧૫ (રૂ.લાખ) આવક | ખર્ચ | સને.૨૦૧૪-૧૫ (રૂ. લાખ) ખર્ચ |
|---|---|---|---|
| જનરલ ફંડ | | જનરલ ફંડ | |
| એ.૧ સરકારશ્રી તરફથી સેકશન ૪૭ (બ) હેઠળ સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ઉચ્ચ અનુદાન | ૩૦૦૩૬૦૦૦ | પગાર ભથ્થા ખર્ચ કોન્ફરન્સ અને સેમીનાર ખર્ચ | ૨૧૪૬૨૭૧૪<br>૪૫૦૧૧૫ |
| યુનિર્વસિટી ના યોગ્ય સુચાલન માટે પગાર ભથ્થા આવર્તક અને અનાવર્તક ખર્ચ | | વેરીયર્સ ઈવેન્ટ (યુવક મહોત્સવ અને ખેલ મહાકુંભ ALU મેમ્બરશીપ | ૩૫૪૫૨૦<br>૫૦૦૦૦ |
| | | બિલ્ડીંગ સમારકામ ખર્ચ | ૪૮૫૮૦૧ |
| | | પદવીદાન સમારંભ ખર્ચ | ૪૨૩૨૫૫ |
| | | લીગલ ખર્ચ | ૪૧૨૮૬ |
| | | એલટીસી ખર્ચ | ૧૯૯૪૭ |
| | | પબ્લીકેશન ખર્ચ | ૨૬૩૭૨૦ |
| | | ટ્રાવેલીંગ ખર્ચ | ૩૩૫૫૮૧ |
| | | વીસી બંગલો ખર્ચ | ૧૮૦૧૭૦ |
| | | લીવ સેલેરી એન્ડ પેન્શન કોન્ટ્રીબ્યુશન ખર્ચ | ૮૮૯૬૨૭ |
| | | સીપી ઓફ કેન્ટ્રી બ્યુશન ખર્ચ | ૭૯૨૪૩૬ |
| | | ઓફીસ કન્ટીજન્સી ખર્ચ | ૪૩૨૮૨૪૭ |
| | | અધર રીકવરી ફ્રોમ સેલેરી | -૪૧૪૧૯ |
| સરવાળો | ૩૦૦૩૬૦૦૦ | | ૩૦૦૩૬૦૦૦ |

## પત્રક – ૪

## એ- ૨ વિશ્ર્વ વિધાલયની આવકોનું વર્ગીકરણ(આયોજિત અને બિન આયોજિત યોજનાઓ)

| ક્રમ | આવક ની વિગત | ૨૦૧૩-૧૪ (રૂા. લાખમાં) આયોજિત/ બીન આયોજિત | ૨૦૧૪-૧૫ (રૂા. લાખમાં) આયોજિત/ બીન આયોજિત |
|---|---|---|---|
| ૧ | જોડાણ ફી | ૩૨૬૧૦૦૦ | ૩૧૦૪૯૦૦ |
| ૨ | જોડાણ ફોર્મ ફી | ૧૧૫૦૦ | ૧૦૧૫૦૦ |
| ૩ | શિક્ષણ ફી | ૨૬૬૭૮૫ | ૨૪૨૬૪૦ |
| ૪ | પ્રવેશ  નોંધની ફી | ૧૫૭૯૮૫ | ૧૬૧૫૨૫ |
| ૫ | પરીક્ષા ફી | ૩૫૩૧૫૫૦ | ૫૦૯૩૬૫૫ |
| ૬ | બાહ્ય પરીક્ષા ફી | ૧૪૧૧૫૫ | ૨૩૯૧૬૦ |
| ૭ | એલ.આઈ.સી ફી | ૫૭૯૨૮૫ | ૩૪૦૦૦૦ |
| ૮ | પી.એચ.ડી ફી | ૧૦૬૭૫૦ | ૧૦૬૬૫૦ |
| ૯ | અધર ફી | ૬૦૧૫૫૮૩ | ૪૪૨૭૮૪૬ |
| | **કુલ સરવાળો** | **૧૪૦૭૧૫૯૩** | **૧૩૮૧૭૮૭૬** |

## પત્રક – ૫ –

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી નાં વર્ષ ૨૦૧૪-૧૫નાં વર્ષના અન્વેષણ દરમ્યાન ઓડીટે સુચવેલ વસુલાત થયેલ / વસુલાત તથા બાકી વસુલાતનું પત્રક.

| ક્રમ | ફકરા નંબર | ઓડીટે સુચવેલ વસુલાત | ઓડીટ દરમ્યાન થયેલ વસુલાત | બાકી વસુલાત | ખર્ચનું સદર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૫ | ૨૫૮૦/- | | ૨૫૮૦/- | સ્ટેશનરી/ પ્રિન્ટીંગ |
| | | ૧૨૯૫/- | | ૧૨૯૫/- | આવકવેરો |
| ૨ | ૮ | ૩૭૯૦/- | | ૩૭૯૦/- | વિલંબ વળતર |
| ૩ | ૮ | ૨૮૯૮/- | | ૨૮૯૮/- | આવક વેરો |
| ૪ | ૯ | ૪૮૦૦/- | | ૪૮૦૦/- | વિલંબ વળતર |
| ૫ | ૯ | ૨૬૩/- | | ૨૬૩/- | સ્ટેમ્પ ડયુટી |
| ૬ | ૧૦ | ૨૫૮૮/- | | ૨૫૮૮/- | ૦૦૨૧ |
| ૭ | ૧૦ | ૪૬૨/- | | ૪૬૨/- | ૦૦૩૦ સ્ટેમ્પ ડયુટી |
| ૮ | ૧૨ | ૪૬૮/- | | ૪૬૮/- | મેડલ /કેશ પ્રાઈઝ ખર્ચ |
| ૯ | ૧૪ | ૬૦૦૦/- | | ૬૦૦૦/- | સ્વ ભંડોળ |
| ૧૦ | ૨૧ | ૧૯૫૫૩૮/- | | ૧૯૫૫૩૮/- | ૦૨૦૨ |
| ૧૧ | ૨૫ | ૭૦૮૦/- | | ૭૦૮૦/- | ૨૨૦૨ શિક્ષણ |
| | કુલ સરવાળો | **૨૨૭૭૬૨/-** | | **૨૨૭૭૬૨/-** | |

## પત્રક – ૬ –

## શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી નાં વર્ષ ૨૦૧૪-૧૫નાં અન્વેષણ દરમ્યાન ઓડીટે વાંધા હેઠળ રાખેલ / અમાન્ય કરેલ રકમની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ | ફકરા નંબર | વાંધા હેઠળ રાખવામાં આવેલ રકમ | અમાન્ય કરેલ રકમ | કુલ રકમ | ખર્ચનું સદર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | ૫ | ૨૯૦૧૭૭/- | | ૨૯૦૧૭૭/- | સ્ટેશનરી/ પ્રિન્ટીંગ |
| ૨ | ૭ | ૭૯૬૮૦૫૬૨/- | | ૭૯૬૮૦૫૬૨/- | ૨૨૦૨ શિક્ષણ બાંધકામ |
| ૩ | ૮ | ૩૦૮૩૬૨/- | | ૩૦૮૩૬૨/- | Ext. of Building |
| ૪ | ૯ | ૧૩૭૫૫૦/- | | ૧૩૭૫૫૦/- | Building Mantains |
| ૫ | ૧૦ | ૨૬૧૫૯૮/- | | ૨૬૧૫૯૮/- | CCTV કમેરા ખરીદી |
| ૬ | ૧૧ | ૩૯૪૫૯/- | | ૩૯૪૫૯/- | સરકારી ફંડ |
| ૭ | ૧૨ | ૨૬૭૭૯૨/- | | ૨૬૭૭૯૨/- | મેડલ / કેશ  પ્રાઈઝ ખર્ચ |
| ૮ | ૧૩ | ૪૪૨૮૦/- | | ૪૪૨૮૦/- | એન.એસ.ગ્રાન્ટ |
| ૯ | ૧૫ | ૫૪૫૯૪૭/- | | ૫૪૫૯૪૭/- | મકાન ભાડા |
| ૧૦ | ૧૬ | ૧૦૨૦૧૯૭/- | | ૧૦૨૦૧૯૭/- | યુનિ.ફંડ |
| ૧૧ | ૧૯ | ૮૫૩૭૯/- | | ૮૫૩૭૯/- | પેશગી |
| ૧૨ | ૨૦ | ૨૭૩૨૮/- | | ૨૭૩૨૮/- | ડિપોઝીટ |
| ૧૩ | ૨૦ | ૧૯૫૫૩૮/- | | ૧૯૫૫૩૮/- | ૦૨૦૨ શિક્ષણ |
| ૧૪ | ૨૩ | ૭૮૮૫૪૮/- | | ૭૮૮૫૪૮/- | રજા પગાર/ પેન્શન ફાળો |
| કુલ સરવાળો | | ૮૩૬૯૨૭૧૭/- | | ૮૩૬૯૨૭૧૭/- | |